પંડિત જવાહરલાલ

ગોકુળદાસ કુ[illegible]ર[illegible] મહે[illegible]

પાંચ આના

પંડિત જવાહરલાલ

: લેખક તથા પ્રકાશક :
ગોકળદાસ કુબેરદાસ મહેતા.

પાંચ આના

પ્રથમાવૃત્તિ. ∴ ∴ સંવત ૧૯૮૭.
પ્રત ૨૦૦૦. ∴ ∴ સને ૧૯૩૧.

સ મ ર્પ ણ

ગરવી ગુજરાતનાં ગામડાં ગજવનાર
જવાહર જેવા જુવાનો, યુવતિઓ
અને વાનરોને ચરણે

મુદ્રણસ્થાન : શ્રી ભાગ્યોદય ઇ. પ્રી. પ્રેસ
મુ દ્ર ક : વૈદ્ય રમણીકરાય જેઠાલાલ દવે
ખા ડી આ : : : **અ મ દા વા દ**

નિવેદન

‘ નામ હોય છે સુરજી જસુ, તે આંખે નહિ દેખે કશું ’

દલપતરામભાઈની ઉપરની કવિતા નાનપણમાં ભણ્યા હતા. આજે ‘ મોતી–જવાહર ’નાં નામ અને કામ જોતાં એ ઉક્તિ ખોટી ઠરે છે. પંડિત પિતા–પુત્રનાં ફોઈબાએ કરેલો નામકરણસંસ્કાર સાચો પડે છે.

પારસમણિ લોઢાને સુવર્ણ બનાવે છે, પરંતુ સુવર્ણની સાથે પારસમણિનો સંસર્ગ થવાથી શું પરિણામ નીપજે છે તે કોઈએ કથ્યું કે જાણ્યું નથી. પારસમણિના સંસર્ગથી સુવર્ણનું શું થાય છે, તેનું ભાન ‘ મોતી–જવાહર ’ની જોડી કરાવે છે.

પૂજ્ય ગાંધીજીએ ફકીરને અમીર નથી બનાવ્યા, કારણ કે તે કાર્ય તેમનું નથી. તેમણે તો સેંકડો અમીરોને ફકીરો બનાવ્યા છે. આજે હિંદમાં તેવા ફકીરોની ક્યાં ખોટ છે ? કળિયુગમાં ફકીરો અમીર થવા પ્રયત્ન કરે છે. હિંદના સર્જાતા ઇતિહાસમાં પંડિત પિતા–પુત્રની અમીરી–ફકીરી યાદગાર રહી જશે.

બંગભંગના જમાનામાં ‘ લાલ, બાલ અને પાલ ’ની ત્રિપુટીએ સ્વતંત્રતાનાં બી વાવ્યાં હતાં. આજે અસહકારના આંદોલનમાં ‘ ગાંધી–જવાહર–વલ્લભ ’નાં વૃક્ષો ફાલી ફૂલી ‘ પૂર્ણ સ્વરાજ ’નાં સ્વાદિષ્ટ ફળો ચખાડે એજ સંતોષ.

જવાહરનું જીવન રચવામાં હિંદી પુસ્તક ‘ પંડિત જવાહરલાલ નહેરૂ ’ તથા બીજાં હિંદીમાસિકો–પ્રતાપ, ત્યાગભૂમિ–નો આશ્રય લીધો છે. તે બદલ તેમનો આભાર માનું છું. ગુજરાતી જનતા આ પુસ્તકને વાંચી પંડિત પિતા–પુત્રનો ત્યાગ અને દેશપ્રેમ વધુ ઓળખતી થાય એ આશા અને આસ્થા સાથે અત્રે વિરમું છું.

ઢાલનીપોળ : **અમદાવાદ.**
મહાશિવરાત્રી, સં. ૧૯૮૭.

: લેખક :

અનુક્રમણિકા

નિવેદન ... ...

પ્રકરણ ૧ લું : આરંભકાળ ૧

પ્રકરણ ૨ જું : બાલજીવન ૭

પ્રકરણ ૩ જું : વિદ્યાભ્યાસ ૮

પ્રકરણ ૪ થું : ઉચ્ચ કેળવણી ૧૩

પ્રકરણ ૫ મું : હાઈકોર્ટમાં ૨૧

પ્રકરણ ૬ ઠ્ઠું : રાજનીતિજ્ઞ ૨૨

પ્રકરણ ૭ મું : ખેડુત આંદોલન ૩૧

પ્રકરણ ૮ મું : અસહકાર ૩૮

પ્રકરણ ૯ મું : પરદેશી કાપડ ૪૬

પ્રકરણ ૧૦ મું : રાજનૈતિક જીવન ૪૯

પ્રકરણ ૧૧ મું : કુંભમેળો ૫૬

પ્રકરણ ૧૧ મું : પ્રયાગ મ્યુનિસિપાલિટી ૫૯

પ્રકરણ ૧૨ મું : યૂરોપયાત્રા ૬૧

પ્રકરણ ૧૩ મું : મદ્રાસની મહાસભા ૬૭

પ્રકરણ ૧૪ મું : કલકત્તાની મહાસભા... ... ... ૬૯

પ્રકરણ ૧૫ મું : વિવિધ પ્રવૃત્તિઓ ૭૫

પ્રકરણ ૧૬ મું : લાહોરની મહાસભા ૭૬

પ્રકરણ ૧૭ મું : કૂચકદમ ૮૩

પ્રકરણ ૧૮ મું : સબરસ સંગ્રામ ૮૪

પ્રકરણ ૧૯ મું : પિતાનું મૃત્યુ ૮૮



પંડિત

પિતા-પુત્ર.

કરાંચી મહાસભાના પ્રમુખ



સરદાર વલ્લભભાઈ પટેલ

પંડિત જવાહરલાલ

પ્રકરણ ૧ લું.

આરંભકાળ.

'જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ અધિક છે.'

વાંચક, હિંદ ભૂમિ દિવ્ય ભૂમિ છે! પ્રાચીન ઋષિ-મુનિઓએ કરેલાં એનાં વર્ણન અગોચર છે. જે ભૂમિના શિરે હિમાલય જેવો ગિરિરાજ બિરાજે છે, જેનાં પદામ્બૂજ અરબી સમુદ્ર પ્રક્ષાલન કરી રહ્યો છે, જેમાં સિંધુ, ગંગા, જમુના, બ્રહ્મપુત્રા અને ગોદાવરી જેવી પવિત્ર નદીઓ વહન કરી રહી છે, જેનો પ્રાચીન ઇતિહાસ ગૌરવ વંતો છે, વિશ્વામિત્ર અને વસિષ્ઠ જેવા બ્રહ્મર્ષિઓ, ગૌતમ, રામ અને કૃષ્ણ જેવી અંશાવતાર વિભૂતિઓ, અશોક, પ્રતાપ અને અકબર જેવા સમ્રાટો, સીતા, અહલ્યા અને ચાંદબીબી જેવી વીરાંગનાઓ જેના ખોળે પાકયાં છે, વિશ્વભરમાં જેણે પોતાની સંસ્કૃતિ અને આધ્યાત્મિક વિદ્યા ફેલાવી છે. આગ્રામાં યમુનાના તટે બિરાજતો તાજમહાલ

હિંદની કલાને આજે પણ આકર્ષે છે, એ ભારતભૂમિને જોઈ આજે પણ કવિઓ મુક્ત કંઠે ગાઇ રહ્યા છે કેઃ—

અયિ હિંદ ભૂમિ તારો, મહિમા દિગન્ત ગાજે;
રેલી અમી નિધિ કંઈ, કુદરત તને નવાજે.
પ્રતિ પ્રાતઃ, બાલભાનુ, તુંજ આરતી ઉતારે;
હિમાદ્રિ કેશ તારા, કિરણો થકી સમારે. ! !

વિશ્વભરમાં જે અજોડ છે, એવી ભૂમિમાં જન્મ થયો એ પણ આપણું મહદ્ ભાગ્ય છે.

કાશ્મીર

હિંદના મસ્તકે કાશ્મીર આવી રહેલું છે. કાશ્મીર એ હિંદનો બગીચો છે. અશોક રાજાના વખતમાં શ્રીનગર વસેલું કહેવાય છે. કાશ્મીરનું સૃષ્ટિસૌન્દર્ય જોઇ એને સ્વર્ગની ઉપમા આપવામાં આવે છે. કાશ્મીરમાં દેવો વસતા એમ આપણી આખ્યાયિકાઓ કહે છે. મોગલ બાદશાહોના સમયમાં બંધાયેલાં ગગનવિહારી આલીશહાન મહાલયો હજી પણ એની સાક્ષી પૂરે છે. દેવોનાં દાન સ્વર્ગીય દાન હોય છે. કાશ્મીરના ત્રણ કક્કા હજી પણ લોકોની જીભે રમી રહ્યા છે. કેસર, કામિની અને કામળ. હિંદમાં જન્મ લઇ કાશ્મીર ન જોવું એ જીવન એળે ગયા બરાબર છે.

નહેરૂ કુટુંબ

હિંદની પ્રાચીન રાજધાની દિલ્હીમાં મોગલ રાજાઓ રાજ્ય કરતા હતા. રાજ્યની સાથે તેઓ વિદ્યાકલાને ઉત્તેજન આપી સ્વર્ગીય સુખ ભોગવતા. દિલ્હીના બાદશાહી ઠાઠો સાંભળી અને મોગલ બાદશાહોનાં આકર્ષક પ્રલોભનોને માન

આપી કાશ્મીરનું સ્વર્ગીય સુખ મૂકી લોકો દિલ્હી તરફ દોડી જતા હતા.

આપણી ચરિત્રકથાના નાયક જવાહરલાલના પૂર્વજ પંડિત રાજકૌલ મોગલ બાદશાહના શાહી ફરમાનથી બાદશાહ ફરૂખશિયરના શિક્ષક તરીકે દિલ્હીમાં આવી રહ્યા હતા. પંજાબ અને ઉત્તર હિંદુસ્તાનમાં ખેતીનો આધાર નદીઓની નહેરો ઉપર છે. જવાહરલાલના પૂર્વજોએ પ્રજા કલ્યાણ માટે અનેક નહેરો તૈયાર કરાવી હતી, આથી તે કુટુંબ નહેરૂ કુટુંબના નામથી જાણીતું થયું છે.

પંડિત મોતીલાલજી

રાજકૌલ પછી કેટલીએ પેઢીએ જવાહરલાલના પિતામહ પંડિત ગંગાધરજી થયા. તેઓ ઘણા વખત સુધી દિલ્હીના કોટવાલ તરીકે રહ્યા હતા. ગંગાધરજીને ત્રણ પુત્રો હતા, તેમાંના પહેલા બે પંડિત નંદલાલ તથા પંડિત બંસીધર પિતાજીની હયાતિમાંજ સારા ધંધે લાગેલા હતા. ત્રીજા પુત્ર કે જેમનો જન્મ ગંગાધરજીના મરણ બાદ ચાર મહીને થયો હતો, તે જવાહરલાલના પિતા પૂજ્ય પંડિત મોતીલાલજી. પિતાજીની ગરજ સારે તેવા બે ભાઇઓ અને માતાની ગોદમાં ઉછરેલા મોતીલાલજી તીવ્ર બુદ્ધિવાળા હતા. તેમના ભાઇઓએ ખૂબ કાળજીથી પંડિતજીને બી. એ. સુધી ભણાવ્યા હતા.

બી. એ. થયા બાદ પંડિતજીએ પ્રયાગ હાઇકોર્ટની પરીક્ષા ઉંચા નંબરે પાસ કરી, અને ત્યારબાદ તેમણે કાનપુરમાં વકીલાત શરૂ કરી. મોતીલાલજી પગભર પણ થયા ન હતા, તેવામાં એકાએક તેમના વડિલ બન્ધુ નંદ-

સ્વાગત મંડળના પ્રમુખ સ્વામી શ્રદ્ધાનંદજી અને પ્રમુખ પંડિત મોતીલાલજી એ વસિષ્ઠવિશ્વામિત્રની જોડીનાં તે સમયનાં ભાષણો જોમદાર હતાં. પંડિતજી અલાહાબાદથી અમૃતસર પધાર્યા તે સમયે પોતાની બાદશાહી ઠાઠમાઠ સાથે લેતા ગયેલા તે જોઈ લોકો મુગ્ધ બન્યા હતા. અમૃતસર કાંગ્રેસ પછી પંડિતજીએ મહાત્મા ગાંધીજી અને દેશબંધુ દાસની સાથે રહી પ્રજાસેવાનું કાર્ય આગળ ધપાવ્યું: આ ત્રિપુટીએ દેશમાં દાવાનળ સળગાવ્યો. સરકારથી આ સહન ન થયું. તેમણે પંડિતજી વગેરેને ગિરફતાર કર્યા. થોડા વખતમાં છૂટી બહાર આવ્યા. પાછી દેશસેવા હાથમાં લીધી. 'નહેરૂરીપોર્ટ' તૈયાર કર્યો, અને એકવાર ફરીથી કલકત્તા કાંગ્રેસના સભાપતિ થયા. કલકત્તાએ ૩૪ ઘોડાની ગાડીથી પંડિતજીનું યાદગાર સ્વાગત કર્યું. ત્યારપછીની તેમની સેવાઓ જાણીતી છે. દેશસેવા કરતાં કરતાં આજે તેમનું શરીર ક્ષીણ થયું છે. કારાવાસનાં કઠિન કષ્ટો વેઠી તેઓ આજે મૃત્યુશૈયા ઉપર બિરાજે છે. દિનપ્રતિદિન તબીયત લથડતીજ જાય છે. પોતાનો પ્રિયપુત્ર જવાહર પાંચ પાંચવાર જેલમાં જતાં આજે જિંદગીના છેલ્લા દિવસો પણ પુત્ર વિહોણા કાઢવા પંડિતજીને ભારે પડે એ સ્વાભાવિક છે.

ત્યાગમૂર્તિ પંડિત મોતીલાલજીનું વ્યક્તિત્વ મહાન છે. તેમની તર્કશક્તિ તથા ભેજું અજબ છે. તેઓ પોતાનો મત પ્રદર્શિત કરતા પહેલાં ખૂબ વિચાર કરે છે, અને ત્યારપછી તેને મજબુતાઈથી વળગી રહે છે. હિંદના

લાલજી કે જેઓ પ્રયાગ હાઇકોર્ટમાં વકીલાત કરતા હતા તેઓ સ્વર્ગવાસી થયા. કુટુંબનો સઘળો ભાર મોતીલાલજી-ની ઉપર આવી પડ્યો. આ અણધારી આફતથી ન ગભરાતાં પંડિતજીએ પોતાના વડિલ બન્ધુના કેસો તથા બીજા નવા કેસો એવી સુંદર રીતે ચલાવ્યા કે થોડાજ સમયમાં પ્રયાગની હાઇકોર્ટમાં પંડિત મોતીલાલજીનું નામ એક આગળ પડતા એડવોકેટ તરીકે જાણીતું થયું. કોર્ટની અંદર તેમનું બુદ્ધિચાતુર્ય તથા વાણીની છટા જોઇ અસીલો એટલા દોડી આવતા કે તેમની કમાણીની ગણ-તરીજ ન રહી.

પૈસાની સાથે એમની પ્રતિષ્ઠા, વૈભવ અને માન મર-તબો પણ અતિશય વધી પડયાં. જ્યાંસુધી તેમણે પ્રયાગ-માં વકીલાત કરી ત્યાંસુધી કોઇપણ વકીલ તેમની શક્તિ અને સંપતિમાં બરાબરી કરી શકતો નહિ.

પૈસો અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થયા બાદ પંડિત મોતી-લાલજીએ ૧૯૦૭ ની સાલમાં રાજકીય ક્ષેત્રમાં પ્રથમ ભાગ લીધો. તેઓ પ્રાંતિક કાંગ્રેસના પ્રમુખ થયા અને પછીથી તો કાંગ્રેસને પોતાના જીવનનું એક મુખ્ય અંગ ગણવા લાગ્યા.

દિનપરદિન મહાસભાના કાર્યમાં મશગુલ બન્યા. ૧૯૧૯ ની સાલમાં જલીઆનવાલા બાગની યાદગાર કતલ સાંભળી તેમનો આત્મા કકળી ઉઠયો. બાદશાહી ઠાઠ અને વભવનો ત્યાગ કરી તેઓ દેશની પડખે ઉભા રહ્યા. માસિક ૨૫૦૦૦ ની ધીકતી વકીલાતને લાત મારી તેમણે દેશને માટે ભેખ લીધો ! એજ સાલમાં અમૃતસર કાંગ્રેસના તેઓ પ્રમુખ ચૂંટાયા.

ધન્યભાગ્યે આજે તેમના જેવા વયોવૃદ્ધ મહાપુરુષ પ્રજાના નાયક બન્યા છે.

સ્વરૂપરાણી

હિંદુઓની ઘરઘાલી બેઠેલી બાળલગ્નની રૂઢીએ પંડિત મોતીલાલજીને પણ ઘેરી લીધા હતા. તેમનાં બાળપણમાં થયેલાં લગ્નથી એક પુત્રરત્ન પ્રાપ્ત થયેલું, પરંતુ થોડા જ વખતમાં પુત્ર અને માતા બંને મરણ પામ્યાં હતાં. ત્રણ ચાર વર્ષ પછી પંડિતજીએ રાવળપિંડીના રહીશ પંડિત પ્રેમનાથજીનાં બેન શ્રીમતિ સ્વરૂપરાણી સાથે લગ્ન કર્યાં. આ સ્વરૂપરાણી તે આપણા ચરિત્રનાયક જવાહરલાલજીનાં જનની. સ્વરૂપરાણીને પેટે એક પુત્રનો જન્મ થયો, પરંતુ થોડાજ વખતમાં તે મરણ પામ્યો. એક પત્નિ અને બે પુત્રોના મરણથી પંડિતજીને ખૂબ ગ્લાનિ ઉત્પન્ન થઈ. પોતાની ધનસંપતિનો વિચાર કરતાં પુત્ર-વિહોણું જીવન તેમને સાલવા લાગ્યું. આખરે ઇશ્વરેજ જાણે એમની અરજ સાંભળી હોય તેમ ટુંક વખતમાંજ માતપિતાના ગુણુથી અલંકૃત થયેલો ભારતનો ભાગ્ય વિધાતા, પંડિત જવાહરલાલ અને ૧૮૮૯ ના નવેમ્બર માસની ૧૪ મી તારીખે સ્વરૂપરાણીને પેટે સાંપડ્યો. પંડિતજી અતિ પ્રસન્ન થયા. પુત્રનું નામ તેમણે રૂપ અને રંગને શોભતુંજ જવાહર પાડ્યું.

જવાહરલાલજીને નાની બે બેનો પણ છે, તેમાંની શ્રીમતિ સ્વરૂપકુમારી પ્રયાગના સુપ્રસિદ્ધ બેરિસ્ટર પંડિત આર એસની સાથે સ્નેહલગ્નથી જોડાયાં છે. શ્રીમતિ

કૃષ્ણુકુમારી હજુ કુંવારાં છે. બંને બેનો ભારતની આઝાદીના જંગમાં જેલજાત્રા સેવી કાર્ય કરી રહ્યાં છે.

પંડિત મોતીલાલજી અને શ્રીમતિ સ્વરૂપરાણી હવે જીવનના અંત ભાગમાં વહન કરી રહ્યાં છે. પોતાની કીકી સમાન વહાલા પુત્ર જવાહરલાલને પાંચ પાંચ વાર જેલમાં જતાં જોઇ વજ્ર હૃદયનાં બન્યાં છે. સ્વરૂપરાણી પોતાની બે વહાલી દીકરીઓ સહિત અલાહાબાદમાં પરદેશી વસ્ત્રોની ચોકી પર વીરાંગનાની માફક ખડયાં રહે છે. ધન્ય છે એ પવિત્ર પંડિતજીના પાવનકારી કુટુંબને! લાખો અને કરોડોની સાહીબી ધરાવતા પંડિતજી જેવાના કુટુંબનો દેશ માટે લીધેલો ભેખ નકામો નથીજ જવાનો. એમના ત્યાગમાંજ ભારતની આઝાદી સમાએલી છે.

પ્રકરણ ૨ જું

બાલજીવન

પંડિત જવાહરલાલનો જન્મ થતાં નહેરૂ કુટુંબમાં ઓર આનંદ પ્રસરી રહ્યો. જન્મ પ્રસંગે પંડિત મોતીલાલજી પ્રયાગમાં તીરગંજ નામના મહોલ્લામાં રહેતા હતા. માતાપિતાના પ્રેમનું વર્ણન ન થઇ શકે. તેઓ જવાહરને આંધળાની આંખ સમાન લેખતા. કાનપુરથી અત્રે આવે ફકત ત્રણુજ વર્ષ થયાં હતાં, પરંતુ પાછળ કહ્યું તેમ તેમની વકીલાત ખૂબ વધી ગઇ હતી. બાળક જવાહરલાલના લાલન પાલનને માટે ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરી હતી. દુનીઆમાં રાજા રજવાડા, ધનવાન, સુશિક્ષિત કુટુંબોમાં જોવામાં આવે તેવી સર્વ પ્રકારની સામગ્રી જવાહરને માટે સંઘર-

વામાં આવતી હતી. નાનપણુમાં જવાહરનું નામ 'નન્ના' હતું. નન્નાની કાલી અને તોતડી બોલી સાંભળી આખું ઘર હર્ષ ઘેલું બનતું.

બચપણુમાં બને છે તેમ નન્ના રોતા અને જીદ કરતા હતા. કોઈ માણુસ આવી તેમને પૂછે, નન્ના કેમ રડો છો ? તેના જવાબમાં પૂછનારનું નામ લેઇ મને ફલાણે માર્યો એમ કહી વધારે રડયા કરે. એવામાં બીજું કોઇ પૂછે, તો તેનું નામ લેઇ રડયા કરે. આમ ચાલ્યાજ કરે.

'પુત્રનાં લક્ષણુ પારણુામાંથી જણુાય' એ કહેવત પ્રમાણે આધુનિક જવાહરલાલજીની જયોત બચપણુથીજ દીપી નીકળી હતી. નાનપણુથીજ તેઓ શાંત અને ગંભીર લાગતા. તેમનો સ્વભાવ સીધો, સાદો, ચહેરાપર ભોળપણુ અને કુડકપટ વિનાનો હતો. પ્રત્યેક વાત બારીક દૃષ્ટિથી નિહાળતા. તેમની કામ કરવાની શક્તિ નાનપણુથીજ આકર્ષક હતી. જે વાત એમને સારી લાગી કે તુરત તેનો અમલ કરતા હતા. સામા માણુસનો પ્રભાવ તેમના પર પડતો. તેમની ગ્રહણુ કરવાની શક્તિ ઉત્તમ હતી.

પ્રકરણુ ૩ જું

વિદ્યાભ્યાસ

જવાહરલાલજીનું વિદ્યાર્થીજીવન ઘરથીજ શરૂ થયું હતું. હિંદભરમાં એક પણુ શાળામાં તેઓ કદી ભણ્યા નથી. પાંચ વર્ષની ઉંમરે તેમનું ભણુતર શરૂ થયું. એ દરમ્યાન તેમને ભણાવવા તથા ઉછેરવાને માટે અંગ્રેજ શિક્ષિકાઓ અને આચાઓ રાખી હતી. પંડિત પિતા પુત્રનાં કપડાં પારીસમાં ધોવાતાં હતાં.

નહેરૂકુટુંબનાં સઘળાં બાળકો, પંડિતજીનાં સગાં-વહાલાં તથા મિત્ર વર્ગ જવાહરલાલ માટે ઉત્તમ શિક્ષા દેનારાં થઈ પડયાં હતાં. તેમને નાનપણમાં હિંદી અને સંસ્કૃત ભાષા શિખવવા માટે સારા પંડિતો રોકયા હતા.

સને ૧૮૯૯ માં નહાની ઉંમર ૧૦ વર્ષની થઇ, તે પ્રસંગે મોતીલાલજીએ 'આનંદ ભુવન' નામનું હાલનું આલી શાહાન મકાન ખરીદ કર્યું, અને આખું કુટુંબ ત્યાં રહેવા લાગ્યું.

પંડિત જવાહરલાલનું જીવન એક સારા અંગ્રેજના બાળક પ્રમાણે ઘડવામાં આવતું હતું. તેઓ પોતાના બંગલા-ની બહાર ભાગ્યેજ કોઇવાર નીકળતા. વાંચવું, લખવું, રમવું, કૂદવું એ સર્વ પોતાના બંગલામાંજ થતું. ઘોડેસ્વાર થવું, ફુટબોલ રમવો, અને ઘરના નાના તળાવમાં તરવું એ તેમનું હમેશનું કાર્ય હતું. ટેનીસની રમત તેમને અતિ પ્રિય હતી.

વિદ્યાગુરૂ

સાચા ગુરુ મળવા એ પણ એક સારા ભાગ્યની વાત છે. જવાહરલાલની ઉંમર ૧૧ વર્ષની થઇ ત્યારે એક એવા ગુરુ તેમને શિક્ષણ આપવાને માટે રોકવામાં આવ્યા. જેમણે જવાહરનું ઉચ્ચજીવન ઘડવામાં, તેમના જીવનની જ્યોતિ જાગૃત કરવામાં અને જીવનમાં નવો સંચાર કરવામાં બનતી કોશીશ કરી. આ ગુરુનું નામ મીસ્તર એફ. ટી. બ્રુકસ હતું.

જવાહરલાલ તથા મહાત્માજીએ અનેકવાર કહેલું છે. કે "અમારે અંગ્રેજ જાત સામે કોઈ પણ પ્રકારનું વેર

નથી. અંગ્રેજોના ગુણુના અમો પૂજક છીએ. સેંકડો અંગ્રેજો અમારા મિત્રો છે. અમારો વિરોધ અંગ્રેજી સલ્તનતની સામે છે. સલ્તનતને સુધારવી કે મિટાડવી એ અમારૂં ધ્યેય છે."

પંડિતજીના શિક્ષાગુરુ મીસ્તર બ્રુકસ જાતે અંગ્રેજ હતા, પરંતુ તેમનામાં અંગ્રેજપણાનો છાંટો સરખો ન હતો. તેઓ વિશ્વબંધુત્વની ભાવના ઉપર સ્થપાએલા થિઓસોફીસ્ટ પંથના સાચા અનુગામી હતા. ઇશ્વરના અસ્તિત્વ ઉપર તેમનો અગાધ વિશ્વાસ હતો, અને તેઓ નિરંતર આધ્યાત્મિક મનનમાં મશગુલ રહેતા હતા. એમનું જીવન સરળ તથા નિષ્કપટ હતું. અંગ્રેજ હોવા છતાં માંસ, મદિરા તથા બીજા કોઇ પણ પ્રકારના વ્યસનથી તેઓ હમેશાં દૂર રહેતા. ચામડી અંગ્રેજની હતી, છતાં તેમના વિચારો તથા વર્તન એક ધાર્મિક હિંદુને શોભે તેવાં હતાં. પોશાકમાં તેઓ ધોતી અને બદનજ પહેરતા. "સાદું જીવન અને ઉચ્ચ વિચાર" તેમના જીવનના સિદ્ધાંતો હતા. પુસ્તકના તો તેઓ કીડાજ હતા. આખો વખત એક ખુણામાં બેસી સ્વાધ્યાય કરવું અને તેમાં મઝા માનવી એમાંજ તેઓ જીવન વિતાવતા.

પંડિત મોતીલાલજી અશ્વર્યશાળી, વૈભવપ્રિય અને પાશ્ચાત્ય રંગઢંગમાં ગૌરવ માનનારા હતા. આવા કુટુંબમાં દાખલ થતાં મીસ્તર બ્રુકસને અવનવા અનુભવ થવા લાગ્યા. જુની આંખે નવા તમાસા જોતા મીસ્તર બ્રુકસ દેશ અને મનુષ્ય જાતિની સેવા કરવા એક સાહસિક યુવક તૈયાર કરવો એ ભાવનાથી આ કુટુંબમાં જોડાયા હતા.

સને ૧૯૦૦માં મીસ્તર બ્રુકસે જવાહરલાલને શિક્ષણ આપવાનું કાર્ય શરૂ કર્યું. આનંદભુવનમાંજ તેમને રહેવા તથા જમવા વગેરેનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. તેઓ નહેરૂ કુટુંબના એક કુટુંબીજન તરીકેજ આનંદ-ભુવનમાં પોતાના દિવસો નિર્ગમન કરવા લાગ્યા. બાળક જવાહર પોતાનો ઘણો સમય આ ગુરુની સાથેજ ગાળતા હતા. પંડિત મોતીલાલજીની ઇચ્છા પણ તેવીજ હતી. મીસ્તર બ્રુકસ બાળકને પુસ્તકપાઠી જ્ઞાન આપી અટકી જવું એવા પ્રકારના ગુરુ ન હતા, તેઓ સમજતા હતા કે જવાહરલાલને મનુષ્ય બનાવવો એટલુંજ નહિ પણ પોતના મંતવ્ય પ્રમાણે એક આદર્શ મનુષ્ય બનાવવો. ધાર્મિક અને સદાચારનું શિક્ષણ તેમને આપવું એ તો તેઓ અનિવાર્ય સમજતા હતા. તેઓ જાતે થિઓસોફીસ્ટ હતા અને પોતાના ભાવ પોતાના શિષ્યના વિચારોમાં પણ પ્રવેશ કરે એવું તેઓ ઇચ્છતા હતા.

આ સમયે પંડિત મોતીલાલજીનું કુટુંબ એક એવું કુટુંબ હતું કે જ્યાં ધર્મનું નામ લેવું પણ એક વિચિત્ર વાત ગણાતી હતી; ત્યાં એકાંતમાં આ શિક્ષક પોતાના પ્યારા શિષ્યને માનવધર્મની દીક્ષાનું મધુપાન કરાવી રહ્યા હતા.

થિઓસોફીસ્ટ ધર્મમાં ધર્મ અને નીતિપૂર્ણ વાકયોનો પ્રચાર વધુ કરવામાં આવે છે. મીસ્તર બ્રુકસ પોતાના શિષ્ય પાસે વારંવાર આવાં વાકયો લખાવી ભીંત પર લટકાવી રાખતા હતા.

એક દિવસ ગુરુજીએ જવાહરલાલને સમજાવ્યું કે માંસ ખાવું એ પાપ છે. તરતજ તેની અસર તેમના હૃદયમાં થઈ. જમવા બેસવાના સમયે માંસ ખાવાનું ન માનતાં તેમણે કહી દીધું કે માસ્તર સાહેબે કહ્યું છે કે "માંસ ખાવું એ પાપ છે, માટે હું તે નહિ ખાઈ શકું." મોતીલાલજીને આ વાત રૂચતી ન આવી. કેટલાક સમય પછી જવાહરલાલે માસ્તરના હુકમને માન આપી નાટક, સીનેમા વગેરેમાં જવાનું પણ બંધ કર્યું. પ્રેમાળ માતાપિતાને આ વાત બીલકુલ ગમી નહિ.

વૈભવશાળી પંડિતજીનું આખું કુટુંબ મોજશોખ માણે, સ્વર્ગનું સુખ દુનીઆ ઉપર ભોગવે, વાર તહેવારે આખું કુટુંબ મિજલસો અને નાટક સીનેમામાં જાય અને પોતાનો પ્યારો પુત્ર જવાહર એકલો સાધુ બની ઘરમાં બેસી રહે, એ તો માતાપિતા બંનેને ખેદજ ઉપજાવે તેમાં કંઇ નવાઇ નથી.

પંડિત મોતીલાલજીને લાગ્યું કે મારો પ્યારો પુત્ર એક બીજી દિશામાં વહન કરી રહ્યો છે, અને તેના સૂત્રધાર મીસ્તર બ્રુકસ છે. તેમને એમ પણ લાગ્યું કે હું જે દિશામાં પુત્રને તૈયાર કરવા ઇચ્છા રાખતો હતો, તેનાથી ઉલટી દિશામાં પુત્રને મીસ્તર બ્રુકસ લઇ જાય છે. આ સમયે મોતીલાલજી સાર્વજનિક કાર્યોમાં બીલકુલ પડયા ન હતા. સાદું જીવન તેમનાથી સેંકડો માઇલ દૂર હતું. વકીલાત પણ ધમધોકાર ચાલતી હતી. પૈસો એકઠો કરી ખૂબ મોજમઝા ભોગવવી એ તેમના જીવનનું ધ્યેય હતું. પોતાનો એકનો એક પુત્ર પણ પોતાની માફકજ વૈભવમાં

ઉછરે અને સ્વર્ગીય સુખ ભોગવે એવું તેઓ ઇચ્છે એ સ્વાભાવિક છે: તેને બદલે ખાવાપીવામાં, હરવા ફરવામાં, પોતાનો બાળક નાનપણુથીજ સાધુજીવન ગાળે એ તેમને ન રૂચ્યું. પુત્રનું આવા પ્રકારનું વર્તન મીસ્તર બ્રુકસના શિક્ષણને આભારી છે, એમ પંડિત મોતીલાલજી માનવા લાગ્યા, અને તેથી તેમણે તાત્કાલિક અસર નાબુદ કરવા મીસ્તર બ્રુકસને શિક્ષાગુરુપદેથી દૂર કર્યા. મીસ્તર બ્રુકસ ભલે દૂર થયા, પણ તેમનાં જ્ઞાન અને ચારિત્ર્યની પડેલી આબાદ છાપ જવાહરના જીવન જ્યોતમાં ઓતપ્રોત થઇ રહી હતી.

મીસ્તર બ્રુકસના ગયા પછી જવાહરલાલને શિખવવા હિંદુ અધ્યાપક રોકવામાં આવ્યા. તેઓ જવાહરલાલના ઈંગ્લાંડ જવા સુધી રહ્યા, અને ત્યાં સુધીમાં તો જવાહરલાલે અંગ્રેજી ભાષા ઉપર સારો કાબુ મેળવ્યો હતો. સાથે સાથે સંસ્કૃત અને હિંદી ભાષાથી પણ તેઓ પરિચિત થયા હતા.

પ્રકરણ ૪ થું

ઉચ્ચ કેળવણી

અદ્યાપિ પર્યંત આપણા દેશમાં ઘણાખરા લોકોની એવી માન્યતા હતી કે રાજ કરતી પ્રજાની દરેક બાબત આદરણીય અને અનુકરણીય છે. સાથે સાથે વિલાયતમાં હજારો રૂપીઆનું પાણી કરી મોંઘી કેળવણી લેવી એમાં પણ એક પ્રકારનું ગૌરવ મનાતું આવ્યું હતું. મહાત્માજી જેવા પણ પશ્ચિમના સુધારાને વશ થઇ ઈંગ્લાંડમાં વધુ કેળ-

વણી લેવા માટે દોડી ગયા હતા. નાનપણથી જ જવાહરલાલને ઇંગ્લાંડ ભણવા મોકલવાનો પાકો વિચાર પંડિત મોતીલાલજીએ કરી રાખ્યો હતો. જવાહરની ઉંમર ૧૬ વર્ષની થતાં અને અંગ્રેજી ભાષાની પૂરતી યોગ્યતા પ્રાપ્ત થતાં તેમને વધુ અભ્યાસ માટે વિલાયત મોકલવાની તૈયારીઓ થવા લાગી.

એકનો એક પુત્ર, એક દિવસ પણ આંખ આગળથી દૂર નહિ કરેલા જવાહરને એકલો પરદેશ મોકલવો એ માતાપિતા ઉભયને વસમું લાગ્યું. આખરે યુરોપના પ્રવાસનો લાભ લેવાનો વિચાર કરી સને ૧૯૦૫માં નહેરૂકુટુંબ પોતાના વહાલસોયા જવાહરને લેઇ પશ્ચિમના પ્રવાસે નીકળ્યું. મે મહિનામાં તેઓ લંડન પહોંચ્યાં. ત્યાંથી ૪–૫ માસ યુરોપના જુદા જુદા દેશોનો પ્રવાસ કરી પુત્ર જવાહરને પ્રખ્યાત હેરોની શાળામાં દાખલ કરી અકટોબર માસમાં માતાપિતા હિંદમાં પાછાં ફર્યાં.

હેરોની શાળા

હેરોની શાળા ઇંગ્લાંડમાં બહુજ પ્રખ્યાતિ પામેલી એક સાર્વજનિક શાળા છે. ઉંચી જાતના શ્રીમંત લોકોનાં બાળકોનેજ આ શાળામાં દાખલ કરવામાં આવે છે. હિંદી વાનોમાંથી તો કોઇ ભાગ્યે રડયોખડયોજ આ શાળામાં દાખલ થઈ શકે છે.

આ શાળાની સ્થાપના સને ૧૬૦૦માં મહારાણી ઇલીઝાબેથે કરી હતી. ત્યારથી આજ સુધીમાં ઇંગ્લાંડના ઇતિહાસના સેંકડો મહાપુરુષોએ આ શાળામાં શિક્ષણ

લીધેલું છે. સ્પેન્સર, પર્સીવેલ, રૉબર્ટપીલ, પામર્સ્ટન અને સ્ટેન્લી બાલ્ડવિન જેવા બ્રિટિશ સામ્રાજ્યના પ્રધાનમંત્રી આ શાળામાં ભણેલા છે.

આ શાળામાં ભણેલા કેટલાય વિદ્યાર્થીઓ પાછળથી હિંદમાં વૉઇસરૉયનો હોદ્દો ભોગવી ગયા છે. તેમાં વેલેસ્લી, ડલહૌસી, લૉર્ડ લિટન અને હાર્ડિંજ મુખ્ય છે. ઇંગ્લાંડના પ્રખ્યાત રાજનીતિજ્ઞો અને સારા લેખકો પણ આ શાળા-માંથી જ બહાર પડયા છે.

હેરોની શાળાના ગોરી ચામડીના વિદ્યાર્થીઓ જ્યારે લેખક, રાજનીતિજ્ઞ અને હિંદના વૉઇસરૉયના હોદ્દે ચઢે, ત્યારે એજ શાળાના જવાહરલાલ જેવા વિદ્યાર્થીઓ હિંદ ભરમાં, પાર્લામેન્ટના સભાસદોના મતે સારા લેખક અને રાજનીતિજ્ઞ લેખાવા છતાં કાળી ચામડીના પ્રતાપે વૉઇસ-રૉયના હોદ્દાને બદલે એજ સરકારની જેલનો પાંચ પાંચ વારનો પરોણો બને એ હિંદની ગુલામી દશાનો સાચો પૂરાવો છે.

હેરોની શાળામાં પંડિતજી ઉપલા વર્ગના વિદ્યાર્થી હતા. તેઓ બુદ્ધિશાળી વિદ્યાર્થી હતા, પરંતુ અભ્યાસનો અર્થ એકલી પુસ્તકપાઠી નહિજ એમ સમજતો હતા. એક અંગ્રેજ લેખકના શબ્દોમાં કહીએ તો "શાળામાં તેઓ જીવનની મુશ્કેલીઓનું અધ્યયન અને સાંસારિક અનુભવ મેળવતા હતા." તેમનું લક્ષ્યબિંદુ પરીક્ષા પાસ કરવી એ ન હતું પરંતુ જીવન હતું. અહીં પણ રમત ગમતમાં તેમને ક્રિકેટ તથા ફુટબુલ વધારે પસંદ હતાં. શાળાના સ્વયં-

સેવકદળના શરૂઆતમાં તેઓ સભ્ય અને પાછળથી સેના-પતિ બન્યા હતા.

હેરોમાં એક વર્ષ રહી ૧૯૦૬માં ઉનાળાની રજાઓમાં તેઓ એક માસ માટે વતનમાં પાછા ફર્યા હતા. જ્યારે પંડિત જવાહરલાલ હેરોમાં અભ્યાસ કરતા હતા, ત્યારે ઓકસફર્ડમાં પ્રખ્યાત પંજાબી નેતા લાલા હરદયાલ પણ અભ્યાસ કરતા હતા. પંડિતજી ઘણી વખત તેઓને મળતા અને વિચારની આપ લે કરતા હતા. હેરોની શાળામાં તેમના સહાધ્યાયીઓમાં મુખ્ય વડોદરા નરેશના સ્વર્ગીય રાજકુમાર ફતેહસિંહરાવ, કપુરથલાના રાજકુમાર ટીકાસાહેબ તથા હિંદના ભવિષ્યના રાજા નામદાર પ્રિન્સ ઓફ વેલ્સ હતા.સને ૧૯૦૭ માં હેરો શાળાની પ્રાવેશિક પરીક્ષા પાસ કરી તેઓ કેમ્બ્રીજ યુનિવર્સિટીની સુપ્રસિદ્ધ ટ્રિનિટી કોલેજમાં દાખલ થયા.

કેમ્બ્રિજ

કેમ્બ્રિજ યુનિવર્સિટી બ્રિટિશ સામ્રાજ્યની સઘળી યુનિવર્સિટીઓમાં અગ્રસ્થાન ભોગવે છે. તેની સાથે ઘણી કોલેજો જોડાએલી છે. ત્યાંના છાત્રાલયમાં એવા અધ્યાપકો પણ રહે છે કે કોઇપણ વિષયનું ઊંડું જ્ઞાન મેળવવું હોય તો તે તેમની પાસેથી મેળવી શકે છે.

જવાહરલાલને આ કોલેજમાં દાખલ થયા પછી હોડી હંકારવાનો શોખ લાગ્યો. કેમ્બ્રિજમાં હિંદી વિદ્યાર્થીઓએ “ઇંડિયન મજલિસ” નામની સંસ્થા સ્થાપી હતી. પંડિત જવાહરલાલ આ સંસ્થાના માનવંતા પ્રમુખ હતા.

ડૉક્ટર સૈફુદ્દીન કીચલુ, ટી. એ. કે શેરવાણી, ડૉક્ટર સૈયદ મહમૂદ, ખી. કે. એમ ખ્વાજા, અને સર શાહબુદ્દીન સુલેમાન પંડિત જવાહરલાલના સમકાલીન હતા. જ્યારે તેઓ કેમ્બ્રિજમાં દાખલ થયા ત્યારે પ્રખ્યાત બંગાળી નેતા શ્રીયુત જે. એમ. સેનગુપ્તાએ પોતાનો અભ્યાસ પૂરો કર્યો હતો. સને ૧૯૦૮માં ગરમીની રજામાં પ્રેમાળ માતા-પિતાને મળવા પંડિતજી હિંદ પધાર્યા હતા.

પંડિત જવાહરલાલ નાનપણથીજ સાહસિક હતા. તેમને જોખમ ઉઠાવવામાં એક જાતની મઝા પડતી. સને ૧૯૦૬ માં કેટલાક મિત્રોની સાથે પર્યટન કરવા તેઓ નોર્વે ગયા. એક દિવસ ગ્લેશિયર પ્રવાહમાં તેમને નાહવા-નું મન થયું. તેઓ પાણીમાં ઉતર્યા. પ્રવાહ તીવ્ર ગતિમાં હતો. એકાએક તેમનો પગ ખસ્યો, અને થોડીજવારમાં તેઓ એવી જગાએ ખેંચાઈ ગયા કે જ્યાં પાણીનું વહેણ ખૂબ હતું. એક અંગ્રેજ મિત્રે તેમને ડુબતા જોઈ ખેંચી કાઢયા.

ટ્રિનિટી કૉલેજમાં પંડિતજી જંતુ વિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન અને સાયન્સની પરીક્ષામાં ઓનર્સ સાથે બી. એ. થયા. આ કૉલેજના અધ્યાપકો અને સંચાલકોએ જવા-હરલાલની અસાધારણ યોગ્યતા પર મુગ્ધ બની વગર પરીક્ષા લીધે ઓનર્સ સાથેની એમ. એ. ની ડિગ્રી તેમને એનાયત કરી હતી.

ટ્રિનિટી કૉલેજમાં પંડિતજીના એક વધુ સહાધ્યાયી-નો પરિચય કરાવવાનો બાકી રહે છે. આપણા હાલના મહારાજા પાંચમ જ્યોર્જના પુત્ર અને આપણા ભવિષ્યના

રાજાધિરાજ પ્રિન્સ ઓફ વેલ્સ તેમના સાથી હતા. પંડિતજીનો તેમની સાથે સારો સમાગમ થયો હતો. પ્રિન્સ ઓફ વેલ્સ પણ પંડિતજીને ચાહતા હતા. જ્યારે સને ૧૯૨૧ માં મહાત્માજીએ અસહકાર પોકાર્યો, અને હિંદમાં આવેલા એજ પ્રિન્સ ઓફ વેલ્સનો બહિષ્કાર જાહેર કરેલો ત્યારે જવાહરલાલને મળવા અલાહાબાદ તેઓ પધાર્યા હતા. પંડિતજી તો પોતાના એક વખતના આ મિત્રનો બહિષ્કાર કરી જેલ જવા તત્પર બન્યા હતા! એક શાહીવાદનો પ્રતિનિધિ અને બીજો તેજ શાહીવાદની જડ ઉખેડનાર યુવાન!

મનુષ્ય ઉપર સમાજનો પ્રભાવ પડયા સિવાય રહેતો નથી. નાનપણથીજ માતાપિતાના પ્યારમાં ઉછરેલા પંડિતજી સ્વાવલંબી ન હોય એ સ્વાભાવિક છે. તેઓ વડિલોના દોરી આપેલા માર્ગ પર ચાલ્યા જતા.

ધનિક પિતાના પુત્ર ઈંગ્લાંડના સ્વચ્છંદી સમાજમાં સ્વતંત્ર રીતે રહેતા હતા, અને હવે જીવનનું ધ્યેય નક્કી કરવાનું કાર્ય તેમના શિર પર આવી પડયું હતું. આ પરિસ્થિતિમાં જે બનવાનું હતું તેજ બન્યું. પાશ્ચાત્ય રૂઢીઓમાં તેઓ ઘસડાવા લાગ્યા. તેમનો ખોરાક, પોશાક તથા બીજી સઘળી આદતો અંગ્રેજોના જેવીજ હતી. ખર્ચ પણ ઘણું વધી ગયું હતું. એવું કહેવાય છે કે દરમાસે તેમનું વિલાયતનું ખર્ચ રૂપીઆ ૬૦૦૦ નું હતું! ખર્ચની સાથે તેમની જરૂરીઆતોનો આદર્શ પણ ઉંચા પ્રકારનો રહેતો.

એક વખત પંડિત મોતીલાલજીએ પોતાના એક કુટુંબીને માસિક ૫૦૦ રૂપીઆની નોકરી પ્રાપ્ત થતાં જવા-

હરલાલને આની ખબર લખી. જવાહરલાલે જવાબમાં પત્ર પાઠવ્યો કે આટલા ભણતર પછી બિચારાને આ પગાર દાળ અને રોટલી ખાવા જેટલોજ મળ્યો! ઉંચી કક્ષામાં વિલાયતના વાતાવરણમાં ઉછરતા અને લખલૂટ ખર્ચ કરતા જવાહરલાલનો આ જવાબ હતો. એ વખતે કોઈની ધ્યાનમાં પણ નહિ હોય કે એજ નવયુવક એક દિવસ દુઃખી દીનોની સેવાનું વ્રત લેઈ કહેશે કે ' એક મનુષ્યના નિર્વાહ માટે આઠ આના બહુ છે !'

લંડન

સને ૧૯૧૦ ના જુન માસમાં જવાહરલાલ કૉલેજ છોડી, લંડનની 'ઈનિરટેમ્પિલ' માં બેરિ-સ્ટરનો અભ્યાસ કરવા દાખલ થયા. અહીં અભ્યાસ સિવાય તેમનું બીજું લક્ષ ન હતું. લંડનમાં તેમણે રાજનીતિમાં ભાગ લીધો ન હતો, પરંતુ ત્યાંની રાજનીતિની ભાવના તો તેઓ પોતાની સાથે જરૂર અત્રે લેતા આવ્યા હતા, કારણ કે લંડન એ રાજનીતિનું કેન્દ્રસ્થાન છે. ત્યાંનું વાતાવરણ હમેશાં રાજનૈતિક વિચારોથીજ પરિપૂર્ણ હોય છે. રાજનીતિ ત્યાંના લોકોનું એક વ્યસનજ થઇ પડયું છે. ખાતાં પીતાં, હરતાં ફરતાં જ્યાં જુઓ ત્યાં એની એ ચર્ચાજ ત્યાંના લોકોને આનંદ આપે છે. આ સમયમાં ખાસ કરીને સમાજવાદનો વેગ પૂર બહારમાં પ્રસરી રહ્યો હતો. શાહીવાદના નાશનો પવન ફુંકાઇ રહ્યો હતો. જો કે પંડિત જવાહરલાલ આ સઘળાથી અલગ રહ્યા હતા, છતાં આ સ્વતંત્ર અને રાજનીતિ પ્રધાન દેશમાં આટલો વખત રહેવાથી તેમનું યુવક હૃદય તો થનથની ઉઠયું હતું.

જ્યારે તેઓ સને ૧૯૧૨ માં બૅરિસ્ટરની પરીક્ષા પાસ કરી હિંદમાં પાછા ફર્યાં, ત્યારે તેમનો બહારનો દેખાવ અને પહેરવેશ વિદેશી હતો, પરંતુ હૃદયમાં દેશની પરતંત્રતાની ચિનગારીઓ સળગી રહી હતી. એ ચિનગારીઓ હિંદમાં આવ્યા પછી સ્વદેશ પ્રેમના અગ્નિના સ્વરૂપમાં પ્રજ્વલિત થઈ રહી હતી.

ઉપર કહ્યું તેમ જવાહરલાલ ઈંગ્લાંડથી હિંદમાં આવ્યા ત્યારે નખથી શિખ સુધી પાશ્ચાત્ય રંગમાં રંગાએલા હતા. રહેણી કરણીમાં તે એક સાહેબ બહાદુર સરખા દીસતા હતા. સને ૧૯૨૨ ના માર્ચમાં અદાલતની સામે ભાષણ આપતાં તેમણે કહ્યું હતું કે "ઈંગ્લાંડમાં ૭ વર્ષ રહ્યા બાદ હું હિંદમાં આવ્યો હતો. મેં ત્યાં સાર્વજનિક શાળા તથા વિશ્વવિદ્યાલયમાં સાધારણ સ્થિતિમાં કેળવણી લીધી હતી. છતાં હું હેરો અને કેમ્બ્રિજનો પક્ષપાત કરતો હતો. મારી પસંદગીમાં હું હિંદી કરતાં અંગ્રેજ વધારે હતો. હું સંસારને લગભગ એક અંગ્રેજની દૃષ્ટિથીજ નિહાળતો હતો. હું ઈંગ્લાંડ અને અંગ્રેજોનો એટલો પક્ષપાતી હતો કે બીજો કોઇ હિંદીવાન તેટલો ભાગ્યેજ હશે."

પંડિતજી ભારતમાં આવ્યા છતાં ઈંગ્લાંડની હકીકતોથી વાકેફ રહેતા અને ઘણીવાર તો તેમને ઈંગ્લાંડ ચાલ્યા જવાનું મન પણ થતું હતું.

આ સમયે અનુભવીઓ કહેતા હતા કે જેટલો આ છોકરાને પરદેશ ઉપર મોહ છે, તેટલોજ એક વખત સ્થિતિ પલટાતાં સ્વદેશ ઉપર અનુરાગ ઉત્પન્ન થશે, તેમાં નવાઇ નથી. ઈશ્વરકૃપાથી આપણે જોઇએ છીએ કે અનુભવીઓની તે ભવિષ્યવાણી આજે સાચી પડી છે.

પ્રકરણ ૫ મું
હાઈકોર્ટમાં

પંડિત જવાહરલાલે સને ૧૯૧૨ ના ઓગસ્ટ માસમાં હિંદમાં આવી પ્રયાગ હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી. તેમની બુદ્ધિ પ્રખર હતી. વાક્ચાતુર્ય પણ હતું, પ્રખ્યાત પિતાની જામેલી પ્રતિષ્ઠા અને પ્રેકટીસને લીધે કેસો પણ પુષ્કળ આવતા હતા.

આ સઘળાં સુયોગ્ય સાધનો હોવા છતાં તેઓ ધંધામાં જોઈએ તેવી ખ્યાતિ ન મેળવી શકયા, તેનું કારણ એકજ હતું કે તેમની આ ધંધા પ્રત્યે રૂચિજ ન હતી. વળી સાંસારિક બોજાની ઉપાધિથી રહિત હતા અને પૈસાનો તો તેમને ટોટોજ ન હતો એટલે સ્વાભાવિક રીતેજ તેઓ ઉદાસીન રહેતા.

પિતાજીની ઝંખના હતી કે જવાહરલાલ કયારે મને પણ ટક્કર મારે તેવો થાય અને તેથી તેઓ તેમને અસીલોના કેસ તૈયાર કરવામાં, કાયદાનાં પુસ્તકો ખોળવામાં હમેશાં પોતાની પાસે રાખતા. જવાહરલાલ કવચિતજ સ્વતંત્ર કેસ ચલાવતા. તેઓ હમેશાં પોતાના પિતાજીની સાથે રહી કેસ લડતા. લખનૌ રાજ્યનો જાણીતો મુકર્દમો લડવામાં તેઓ પિતાના સાથી હતા.

જો કે પંડિત જવાહરલાલ હાઈકોર્ટમાં તો નિયમિત જતા હતા, પરંતુ એમનો ઘણાખરો વખત મિત્રગોષ્ટી, રાજનૈતિક વાદવિવાદ, નાસ્તા પાણી અને સાર્વજનિક સેવામાંજ જતો હતો. સને ૧૯૧૮ માં તેમણે હાઈકોર્ટમાં જવાનું ઓછું કર્યું, અને તે વધતાં વધતાં સને ૧૯૨૦માં હમેશને માટે હાઈકોર્ટનો તેમણે ત્યાગ કર્યો.

પ્રકરણ ૬ ઠ્ઠું

રાજનીતિજ્ઞ

જવાહરલાલ ઈંગ્લાંડથી પાછા ફર્યા ત્યારથીજ કહેતા હતા કે હું અડધો વખત વકીલાતમાં ગાળીશ અને બાકીનો વખત રાજકીય બાબતોમાં ગાળીશ. આજ સુધી તેમણે રાજનીતિ ને ગંભીર સ્વરૂપમાં નિહાળી ન હતી. અંગ્રેજોની રાજનીતિ એમની વિનોદની વસ્તુ હતી. મિત્રો અને કુટુંબીજનો સાથે રાજનૈતિક મસલતો તથા વાદવિવાદ કરી તેઓ ફક્ત માનસિક આનંદ ભોગવતા.

સને ૧૯૧૨માં ઈંગ્લાંડથી પાછા ફર્યા બાદ બાંકીપુર મહાસભામાં તેઓ પ્રેક્ષક તરીકે ગયા હતા. સને ૧૯૧૩માં યુકત પ્રાંતિક પરિષદ સમિતિના સભાસદ બની તેમણે કાર્ય કરવા માંડયું. એ સમયમાં કાંગ્રેસનું સંગઠણ, કાર્ય અને રૂપ હાલના જેવાં ન હતાં. મહા ધનાઢય તથા કેળવાયલો વર્ગજ તેના સભાસદ બની શકતા હતા.

આ વખતે આફ્રીકામાં હિંદીવાનો ઉપર અનાચાર ચાલી રહ્યો હતો. ત્યાં કાળા અને ગોરાનો ભેદ પાડવામાં આવતો હતો. હિંદી સરકાર પ્રવાસી ભારતવાસીઓના હિતનું રક્ષણ કરવામાં શિથિલ બની હતી. મહાત્મા ગાંધીજીએ દેશીઓના હકનું રક્ષણ કરવા સત્યાગ્રહ આદર્યો હતો. આ સમયે મર્હુમ ગોપાળકૃષ્ણ ગોખલેએ પોતાના આફ્રીકાવાસી ભાઈઓને મદદ કરવા માટે એક અપીલ બહાર પાડી હતી. આના જવાબમાં દેશમાં ઠેરઠેર ફંડ ભેગું કરવામાં આવ્યું હતું. પ્રયાગમાં પણ આ કાર્યને માટે એક સમિતિ સ્થા-

પવામાં આવી હતી, તેના મંત્રી તરીકે પંડિત જવાહરલાલે તનતોડ મહેનત કરી રૂપીઆ ૫૦૦૦૦ ભેગા કર્યા હતા.

ફીજી ટાપુઓમાં કામ કરતા હિંદી મજુરોની પાસે અયોગ્ય કરાર લખાવી લેવાની જે પ્રથા ચાલુ થઈ હતી, અને તેની સામે દેશમાં ભારે ઉહાપોહ જાગ્યો હતો, તે પ્રસંગે જવાહરલાલે યુક્ત પ્રાંતમાં તેને માટે ભારે જહેમત ઉઠાવી હતી.

વિવાહ

પંડિત જવાહરલાલનું રાજકીય જીવન આ પ્રમાણે આગળને આગળ વધતું જતું હતું, અને સાથે સાથે પાશ્ચાત્ય જીવનના રંગ-ઢંગ પણ બદલાતા જતા હતા. તે સમયે તેમના માતાપિતાની આગળ એક ગંભીર પ્રશ્ન આવી પડયો. આ પ્રશ્ન તે જવાહરલાલના લગ્નનોજ હતો.

જવાહરલાલ પાશ્ચાત્ય પ્રેમી હતા, અને સાથે સાથે સ્નેહલગ્ન તેમની દૃષ્ટિમાં એક ઉચ્ચતર વસ્તુ તરીકે રમી રહ્યું હતું, પરંતુ તે સમયમાં કાશ્મીરી સમાજ એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચેલો ન હતો, અને આત્મનિર્ણય કરવાનું કાર્ય પણ કઠિન હતું. છેવટે હિંદુ પરંપરા અનુસાર પંડિત જવાહરલાલનો વિવાહ દિલ્હી નિવાસી શ્રીયુત જવાહરમલની સુપુત્રી શ્રીમતિ કમળા સાથે નક્કી કરવામાં આવ્યો.

વિવાહ થવા અગાઉ બે વર્ષપર મસુરીમાં જવાહરલાલ અને શ્રીમતિ કમળાનું મિલન થયું હતું. વિવાહ થયા પછી તો તે વારંવાર મળતાં હતાં. કાશ્મીરી કુટુંબમાં

ખાસ પડદાનો રિવાજ નથી, છતાં અંગ્રેજ બાળકોની પેઠે છૂટથી હરવા ફરવાની સ્વતંત્રતા પણ બાળાઓને મળતી નથી.

પંડિત મોતીલાલજીએ વિવાહ કરતા પહેલાં જવાહરલાલજીની સંમતિ લીધી હતી. વિવાહ થયા બાદ કુમારી કમળા પ્રયાગમાં પોતાના એક સંબંધીને ત્યાં રહેતી હતી. તે સમયે કુમારી નહેરૂને કેળવણી આપનાર શિક્ષિકાના હાથ નીચે શ્રીમાત કમળાએ પણ તાલીમ લીધી હતી.

સને ૧૯૧૬ના ફેબ્રુઆરિ માસમાં મોટી ધામધૂમથી જવાહરલાલનાં લગ્ન થયાં. આ પ્રસંગે શ્રીમંત, વેપારી તથા રાજા રજવાડાઓની મોટી મેદની અલાહાબાદમાં જામી હતી.

શ્રીમતિ કમળાદેવી જવાહરલાલ સાથે પ્રેમલગ્નથી જોડાયા પછી સાર્વજનિક કાર્યમાં લક્ષ આપવા લાગ્યાં. તેમના પિતાનું કુટુંબ પણ સંસ્કારી હતું. કમળાદેવીના નાના ભાઈ શ્રીયુત કૈલાસનાથ એક દેશભક્ત યુવક છે. અસહકારના યુગથી તેઓ અભ્યાસનો ત્યાગ કરી પંડિત જવાહરલાલ સાથે રહી દેશસેવાનું કાર્ય કરે છે.

શ્રીમતિ કમળાદેવી

કમળાદેવી એક સંસ્કારી અને આદર્શ મહિલા છે. તે એક સ્ત્રીરત્ન છે, અને જવાહરલાલના યુવક હૃદયની સાચી સહચરી છે. જવાહરલાલના હૃદયનો થનથનાટ પણ તેના હૃદયમાં ગુંજી રહ્યો છે. દેશ અને દુ:ખીઓ માટેની એની તાલાવેલી પણ અજબ છે. દેશસેવાનું વ્રત લેઇ તેણી પણ સ્વામીનું અનુકરણ કરી રહી છે, અને સરકારની જેલની મહેમાનગીરીનો સ્વાદ પણ ચાખ્યો છે.

શ્રીમતિ કમળાદેવીનું શરીર બહુજ નાજુક છે. નાનપણથીજ તેમની તંદુરસ્તી સારી રહેતી નથી, અને ઘણો વખત તે રોગના બિછાના ઉપર પડયાં રહે છે, એમ કહીએ તો ચાલે. આ ચળવળને અંગે ઇશ્વરે જાણે તેનામાં ચેતન રેડયું હોય તેમ એક વીર રમણીની માફક દેશમાં ચોમેર ઘૂમી પોતાના પતિનો સંદેશ પાઠવી રહી છે.

શ્રીમતિ કમળાદેવીને સને ૧૯૧૭માં એક પુત્રીરત્ન પ્રાપ્ત થયું હતું તેનું નામ કુમારી ઇંદિરા છે. સને ૧૯૨૪માં એક પુત્ર થયેલો, પરંતુ તે મરણ પામ્યો હતો. ઇંદિરા પણ જવાહરલાલ જેવી નિડર અને બહાદુર છે. સ્વયંવિકદળની તે એક અગ્રગણ્ય બાળિકા છે અને દારૂ તથા પરદેશી કાપડની ચોકી કરવામાં તે આગળ પડતો ભાગ લે છે.

હોમરૂલલીગ

સને ૧૯૧૫માં મુંબઇમાં લોર્ડ સિંહાના પ્રમુખપણા હેઠળ મહાસભા મળી હતી. તેમાં શ્રીમતિ એની બેસન્ટે એક 'હોમરૂલલીગ'–'સ્વરાજ સમિતિ'–સ્થાપવાનો ઠરાવ મૂકયો હતો. આ સમિતિના ઉદ્દેશ મહાસભાની સાથે રહી લોકોને મહાસભાના કાર્યથી માહીત કરવાનો હતો. પંડિત જવાહરલાલ આ ઠરાવ પ્રત્યે પૂરતી સહાનુભૂત દર્શાવતા હતા. અન્ય નેતાઓને લાગ્યું કે મહાસભાજ એ કાર્ય કરે છે, તો પછી જુદી સંસ્થા ઉત્પન્ન કરવી બરાબર નથી તેથી મહાસભામાં ઠરાવ પાસ થયો નહિ.

કાંગ્રેસની પૂર્ણાહુતિ થતાં શ્રીમતિ બેસન્ટે સ્વતંત્ર રીતે 'હોમરૂલલીગ'ની ચળવળ ઉપાડી. મદ્રાસમાં સૌથી પ્રથમ હોમરૂલલીગની સ્થાપના કરી. આલીગનો ચેપ આખા

હિંદમાં ફેલાયો. ગુજરાતમાં પણ શ્રીયુત અમૃતલાલ ઠક્કર, અને શ્રીયુત ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકે આગળ પડતો ભાગ લેઇ આ ચળવળ ઉપાડી લીધી હતી, અને તેના પ્રચાર માટે અનેક જાતની પત્રિકાઓ, ભાષણો, લેખો તથા ગુજરાતનાં ગામડાંમાં વાચનાલયો સ્થાપી તનતોડ મહેનત કરી હતી.

મુંબઇમાં પણ શ્રીયુત નગીનદાસ માસ્તર, તથા શ્રીયુત જમનાંદાસ દ્વારકાંદાસ અને ચંદ્રશંકર પંડયા આ ચળવળમાં ભાગ લેઇ રહ્યા હતા.

પંડિત જવાહરલાલ તથા શ્રીયુત મજ્જરઅલી સોખ્તાના અથાગ પ્રયત્નથી અને પંડિત મોતીલાલજી, સર તેજ બહાદુર સપ્રુ, શ્રીયુત ચિંતામણી તથા બાબુ ઇશ્વરચરણની મદદથી પ્રયાગમાં પણ હોમરૂલલીગની સ્થાપના થઇ હતી.

પંડિત જવાહરલાલ આ લીગના મુખ્ય મંત્રી હતા. તેઓ વારંવાર પુરુષોત્તમપાર્કમાં મોટી જાહેર સભાઓ ભરતા, ભાષણો આપતા અને લેખો પણ લખતા.

લોકોમાં રાજકીય વાતાવરણ ઉત્પન્ન કરવા, અને તેમને તે તરફ અભિરૂચિ પેદા કરવા તેમણે પ્રયાગમાં એક મોટું "રાજનૈતિક પુસ્તકાલય' પણ સ્થાપ્યું હતું.

પંડિતજી પોતે માનતા હતા, કે લોકોમાં રાજનૈતિક ભાવનાનો ફેલાવો કરવો જોઇએ. રાજનૈતિક જાગૃતિ ઉત્પન્ન થયા વગર સ્વરાજ લેવાની ખરી શક્તિ આવતી નથી. જાગૃતિનું ખરૂં સાધન વાચન—પુસ્તકો જ—છે. આજ સમયથી પંડિત જવાહરલાલનો રાજનૈતિક અધ્યાયન તરફ પ્રેમ વધવા લાગ્યો.

હિંદભરમાં હોમરૂલલીગની પ્રબલ જ્વાળા ફેલાતી જોઇ સરકાર ગભરાવા લાગી, અને તેણે દેશમાં દમનનીતિ શરૂ કરી. હોમરૂલલીગનાં ઉત્પાદક શ્રીમતિ એની બેસન્ટ અને તેમના બે સાથી મીસ્ટર એરૂન્ડેલ તથા મી. બી. પી. વાડીઆને પકડી સરકારે નજરકેદ કર્યાં. આ સમયે પ્રજામાં ક્રોધ અને ધૃણાની લાગણી પેદા થઈ હતી, અને તેને અંગે દેશમાં સ્વદેશીની ચળવળ ચાલુ થઇ હતી. પંડિત જવાહરલાલે પ્રયાગમાં અવિરત પ્રયત્ન કરી આગેવાની લીધી હતી. જ્યારે શ્રીમતિ એની બેસંટ નજરકેદમાંથી છૂટી પ્રયાગ પધાર્યાં ત્યારે આનંદભુવનમાં ભેગા મળેલા દેશભક્તોમાં લોકમાન્ય તિલક મહારાજ, સરોજિની દેવી, શ્રી મજમુદાર અને શ્રીયુત મોતીલાલ ઘોષ પણ હતા.

આ સમયે લેવામાં આવેલા ફોટામાં પંડિત જવાહરલાલ સૌથી પહેલાજ હાલના ભેખ લીધેલા પોશાકમાં નજરે પડે છે. એમના શરીર પર ધોતી, પહેરણ અને ટોપી જ હતાં.

મહાસંગ્રામ

સને ૧૯૧૪માં યૂરોપીય મહાસંગ્રામ શરૂ થયો. બ્રિટને પ્રજાતંત્રની રક્ષાના બહાના હેઠળ હિંદુસ્તાન પાસે મદદની યાચના કરી. મહાત્મા ગાંધીજીએ આગળ પાછળની બ્રિટન સાથેની સઘળી તકરારો કોરે મૂકી બ્રિટનને પોતાનાથી બને તેટલી તન, મન અને ધનથી મદદ કરવાની અપીલ બહાર પાડી. સ્વર્ગવાસી લોકમાન્ય તિલક મહારાજ આ સમયે ગાંધીજીની સામે થયા. તેમણે મદદ કરવાની સાથે લડત પત્યા બાદ હિંદુસ્તાનના હકો માટેનો કોલ લેવા સૂચવ્યું.

મહાત્માજી પોતાના સ્વભાવ પ્રમાણે દુશ્મનને માથે દુઃખ આવી પડયું હોય ત્યારે આપણે બદલાની આશા રાખ્યા સિવાય બને તેટલી મદદ કરવી એ પંથપર ચાલ્યા ગયા. સરદાર વલ્લભભાઈને સાથે લેઈ મહાત્માજી ગુજરાતના ગામડે ગામડે લશ્કરની ભરતી કરાવી આપવા રખડયા હતા. સરદાર વલ્લભભાઇએ કહ્યું હતું કે "આ વખતે ગામડામાં ફરતાં હું ખીચડી રાંધતો અને આ ડોસો ખાતો, બ્રિટને તેનો બદલો કેવી રીતે આપ્યો?"

સ્વરાજની ભાવી આશાઓપર ઝૂકી પડી હિંદે પોતાના ૧૫ લાખ પુત્રો અને ચાર અબજ રૂપીઆ બ્રિટનને ચરણે ધર્યાં. લડાઈ પૂરી થતાં બદલામાં હિંદને અપૂર્ણ અને અનર્થક મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા, કાળાકાયદા અને પંજાબમાં માર્શલલૉની નવાજેશ થઈ!

સને ૧૯૧૯ના માર્ચ માસમાં સરકારે રૉલેટ એકટ પસાર કર્યો. હિંદી જનતા જાગી. આખા દેશમાં આની સામે પ્રચંડ જ્વાળા સળગી ઉઠી. મહાત્માજીએ એપ્રીલ માસની ૬ ટ્ઠી તારીખે કાળા કાયદાની સામે દેશભરમાં હડતાલ પાડવાનો ઢંઢેરો બહાર પાડયો. સત્યાગ્રહ સભાઓ સ્થપાઇ અને તેમાં લાખો માણસો જોડાયાં. પંડિત જવાહરલાલ પણ સત્યાગ્રહી સેનાના નાયક બન્યા. પિતાપુત્રને આ સંબંધમાં કેટલોક વખત મત ફેરી ચાલી. મોતીલાલજીને પોતાના એકના એક પુત્રનું આ પગલું ઘડીભર ઉતાવળીઉં લાગ્યું.

જવાહરલાલના જીવનપર આ આંદોલને જબરી અસર કરી. પંડિતજીના જીવનના પરિવર્તનનો આ સમય હતો. તેઓ આજથી ઉદ્દામવાદી બન્યા, અને પ્રજા સેવાનું બીડું ઝડપી લીધું.

જલીઆનવાલા

પંજાબમાં જલીઆનવાલા બાગમાં નિર્દોષોની કતલ થઇ. પંજાબમાં માર્શલલૉ જાહેર થયો. પંજાબની પ્રજા ગભરાઇ ઉઠી. આખરે પ્રજા પોકારને બંધ કરવા સરકારે હંટર-કમિટિ તપાસ માટે નીમી. દેશ નેતાઓને આ હંટરકમિટિ ઉપર વિશ્વાસ ન બેઠો. દેશીભાઇઓના દુઃખમાં ભાગ લેવા અને તેમને શાન્તવન આપવા પ્રયાગમાંથી પંડિત પિતા-પુત્ર, બાબુ પુરૂષોત્તમદાસ ટંડન અને ભારત ભૂષણ પંડિત માલવીઆજી પંજાબમાં દોડી ગયા. મહાત્મા ગાંધીજી આ સમયે પંજાબમાં આવી પહોંચ્યા હતા. મહાત્માજીની સાથે રહી પંડિત જવાહરલાલે દુઃખી પંજાબીઓની તપાસ કરી. તેમની રોમાંચક કહાણીઓ સાંભળી, તેમને આશ્વાસન આપ્યું. પંજાબના હત્યાકાન્ડની પંડિતજી ઉપર એવી ઉંડી છાપ પડી કે તેમણે ત્યાંજ નિશ્ચય કરી લીધો કે જ્યાં સુધી આ જુલ્મી રાજસત્તા નાબુદ ન થાય ત્યાં સુધી મારે પગ વાળીને બેસવું નહિ.

મસુરીમાં

પંજાબમાંથી પાછા ફરતાં પંડિતજી બેસી ન રહ્યા. પ્રાંતિક કાંગ્રેસ કમિટિઓનું સંગઠન કરવામાં અને ખેડુતોની દુર્દશા ટાળવાના પ્રયત્નોમાં તેઓ જોડાયા. સરકારથી દૃષ્ટિ આ ઉછળતા યુવાનના કાર્યપર પડી હતી, અને કોઇપણ રીતે તેમને સપાટામાં લેવા ધારતી હતી. ઈ. સ. ૧૯૨૦ ના ઉનાળામાં પોતાનાં મા, બેન અને સ્ત્રીને લઇ પંડિત જવાહરલાલ મસુરીમાં હવા ખાવા ગયા હતા, અને તેઓ ત્યાં સેવાય હોટેલમાં ઉતર્યાં હતા. આ પ્રસંગે અફઘાન

પ્રતિનિધિ બ્રિટિશ પ્રતિનિધિઓની સાથે સંધિ કરવાના કાર્ય માટે મસુરી આવ્યા હતા.

સરકારને પંડિત જવાહરલાલની હાજરી ભય સમાન લાગી. પંડિત જવાહરલાલને સરકાર તરફથી હુકમ મળ્યો કે તમારે અફઘાનોની સાથે કોઇપણ પ્રકારની વાતચિત્ત કરવી નહિ. પંડિતજીએ જવાબમાં કહ્યું હતું કે તેમણે અફઘાનોને દૂરથી પણ દીઠા નથી અને કોઇપણ અફઘાન તેમનો પરિચિત પણ નથી. સરકારનું આ પગલું તેમને સ્વમાન ઉપર ઘા કરનારૂં લાગ્યું અને સરકારના આ હુકમનો તેમણે ઇન્કાર કર્યો. તેઓ પોતાના સિદ્ધાંત ઉપર મક્કમ હતા, અને પોતાના સિદ્ધાંત અનુસાર સરકારના આ પગલાને તેઓ અયોગ્ય સમજતા હતા.

આનું ફળ એ આવ્યું કે સરકારે તેમને ૨૪ કલાકમાં મસુરી છોડી ચાલ્યા જવાનું ફરમાન કાઢયું. પંડિતજીને પોતાનાં બિમાર માતા, બેન અને સ્રીને એકલાં મૂકી ચાલ્યા જવું પડયું. થોડા સમય પછી તેમણે સરકારને ચેતવણી આપી કે તમારો હુકમ હોય કે ન હોય છતાં હું તો મારાં બિમારી કુટુંબીજનોની સેવા કરવા મસુરી જવાનો છું, અને કોઇપણ રીતે અટકવાનો નથી. સરકારે હુકમ પાછો ખેંચી લીધો, અને પંડિતજી મસુરી ગયા. આ બનાવથી વાચકને જવાહરલાલનાં સિદ્ધાંત–પ્રેમ, સ્વાતંત્ર્ય પ્રિયતા અને આત્મ–સન્માનનો પરિચય થાય છે.

ઇન્ડિપેન્ડેન્ટ

સંયુક્ત પ્રાંતમાં સ્પષ્ટ વક્તા અને રાષ્ટ્રીય વર્તમાન પત્રની જરૂર જોઇ સને ૧૯૧૯ના ફેબ્રુઆરી માસની પાંચમી તારીખે વસંત પંચમીને દિવસે પ્રયાગમાંથી 'ઇન્ડિપેન્ડે-

-ટ' નામનું અંગ્રેજી દૈનિક પત્ર પ્રકટ કરવામાં આવ્યું. એ પત્રના ઉત્પાદક પંડિત મોતીલાલજી, પંડિત જવાહરલાલ, મહમુદાબાદના રાજા સાહેબ તથા સયદ હદર મેંહદી હતા. પંડિત જવાહરલાલ આ પત્રના એક સાચા સંચાલક હતા. તેઓ પત્રમાં લેખ લખતા તથા વ્યવસ્થાનું સઘળું કામકાજ કરતા હતા. આ પત્રની નકલો તે સમયે હિંદુસ્તાનમાં નીકળતા કોઇપણ દૈનિક પત્રથી વધારે નીકળતી હતી. સરકારની નજર આ પેપર ઉપર પડી. તેણે પેપર બંધ કર્યું. હાથે છાપી કાઢવા માંડયું, પણ આખરે સરકારે તે પણ બંધ કર્યું. આ પત્રના તંત્રી તરીકેની સેવા હૉર્નિમેન, સૈયદહુસેન, રંગાઆયર અને જયોર્જ જોસફે બજાવી હતી.

પ્રકરણ ૭ મું

ખેડુત આંદોલન

'ભારતનું ભવિષ્ય ખેડુતોના હાથમાં છે.'

હિંદુસ્તાન ઘણે ભાગે ખેડુતોનો દેશ છે. હિંદની ૭૫ ટકા વસ્તી ખેતી ઉપર જીવનારી છે, અન બાકીના ૨૫ ટકા એ ખેડુતોનાજ આશ્રિત છે, એમ કહીએ તો ચાલે. પંડિત જવાહરલાલના શબ્દોમાં કહીએ તો ' સરકારનું આખું તંત્ર ખેડુતોના પૈસા ઉપરજ ચાલી રહ્યું છે. લશ્કરના રાક્ષસી ખર્ચમાં, વૉઇસરૉય, ગવર્નરો અને બીજા મોટા અમલદારોના પગારોમાં જે ખર્ચ કરવામાં આવે છે, એ કયાંથી આવે છે? હિંદના દરિદ્રનારાયણ ખેડુતો પાસેથી. હિંદના માતબર શહેરો પણ આ ગરીબ ખેડુતો પરજ નભેલાં છે.'' ભારતના ખેડુતોનો ઉદ્ધાર એટલેજ ભારતનો ઉદ્ધાર. મહાત્માજીને આ જડીબુટી સૂઝી

છે, અને આજે ગાંધીજી, સરદાર વલ્લભભાઇ અને જવા-હરલાલની ત્રિપુટી આ ખેડુતોના ઉદ્ધાર માટે અનેક યાતનાઓ વેઠી રહ્યા છે.

અયોધ્યા પ્રાંતના ખેડુતોમાં

આ બધી વસ્તુસ્થિતિનો વિચાર કરી ભારતભૂષણ માલવીઆજીના પ્રયત્નથી સન ૧૯૧૫ માં સંયુકત પ્રાંતો અને તેમાંએ ખાસ કરીને અયોધ્યા પ્રાંતમાં 'ખેડુત સભા' સ્થાપવામાં આવી હતી. શરૂઆતમાં આ ખેડુત સભાના ઉદ્દેશો ખેતીવાડીમાં આધુનિક જમાનાના સુધારા વધારા દાખલ કરવાના, સહકારી મંડળીઓ દ્વારા ખેડુતોને ઓછા વ્યાજે નાણું મળે તેવાં મંડળો સ્થાપવાના અને જમીનદારોના વહિવટ અને જુલ્મોમાંથી ખેડુતોને મુકત કરવાના હતા.

પંડિત ઇંદ્રનારાયણ દ્વિવેદી, બાબુ પુરૂષોત્તમદાસ ટંડન અને પંડિત ગૌરીશંકર મિશ્ર વગેરે નેતાઓએ સરદારી લેઇ ખેડુતોમાં જાગૃતી આણી. જવાહરલાલ સને ૧૯૧૮માં આ ચળવળમાં ભળ્યા અને તેઓ ખેડુતસભાના ઉપ–પ્રમુખ બન્યા.

ખેડુતોના ગાઢા સંસર્ગમાં આવવાથી, તેમની ખેડુતોની દુર્દશા તરફ સ્વભાવિકજ લાગણી ખેંચાઇ ખેડુતોની દરિદ્ર દશાનું સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં તેમનું હૃદય રડી ઉઠયું. રાજ પ્રાસાદમાં ઉછરતાં અને સુખશૈયામાં મોજ માણતાં તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહિ આવેલો કે પ્યારા ભારત વર્ષમાં મારા અગણિત ભાઈઓને એક ટંક પેટ ભરીને ભોજન પણ મળતું નથી, અને ગરમી તેમજ થંડીમાં

તેઓ ચિંથરે હાલ દશામાં ઝુંપડીમાં પડી રહે છે. મહાત્માજીએ પણ યુક્ત પ્રાંતમાં એક દરિદ્ર નારાયણબાઈનાં ચિંથરે હાલ દશામાં દર્શન થતાં પૂછ્યું હતું કે 'બેન, તમો આવાં ફાટલાં કપડાં પહેરો એ તો હું સમજી શકું છું, પરંતુ તે આટલું બધું મેલું હોય છતાં તમો તેને કેમ ધોતાં નથી? બાઇએ જવાબ આપ્યો, મહાત્માજી, બીજું કપડું હોય તો હું બદલીને નાહી શકું ને?' મહાત્માજી આ જવાબથી ચમકી ઊઠયા. તેમણે તે સ્થળેજ પ્રતિજ્ઞા કરી કે 'દેશની આ દરિદ્રતા નાબુદ ન થાય ત્યાં સુધી મને લંગોટ સિવાય બીજું ન ખપે.' રાત દિવસ પરિશ્રમ કરી મનુષ્ય માત્રનું ઉદર ભરનારા ખેડુતોની આ દશા જોઈ તેઓ કકળી ઊઠયા. સમાજ, મુડીવાદ અને આધુનિક સરકાર પ્રત્યે તેમની ઘૃણા ઉત્પન્ન થઇ.

સને ૧૯૧૯ થી ૧૯૨૧ સુધી ખેડુતોની હિલચાલે જે ઉગ્ર સ્વરૂપ લીધું તે જવાહરલાલના અવિરત શ્રમનેજ આભારી છે. આખા અયોધ્યા પ્રાંતમાં અને તેમાંએ ખાસ કરીને પ્રતાપગઢ જિલ્લામાં રાતદિવસ મુસાફરી કરવી, ભાષણો આપવાં અને ખેડુતોનું સંગઠન કરવું એજ તેમનું કાર્ય થઇ પડયું હતું. રાજમહેલમાં ઉછરેલા પંડિત જવાહરલાલ ઠાઠમાઠ છોડી ખેડુતો પ્રત્યેના પ્રેમથી આકર્ષાઇ ખેડુતોની ઝુંપડીઓમાં ખેડુતોની સાથે એક સાદડી પર સૂતા હતા. પાશ્ચાત્ય પહેરવેશ અને ટાપટીપ પ્રત્યે તેમને ઘૃણા ઉત્પન્ન થઇ હતી અને ખેડુતોનાજ વેશમાં તેઓ ખેડુતો વચ્ચે ઘૂમી રહ્યા હતા. સારી સારી હોટલોમાં ભોજન કરતી વેળા તેમને જે આનંદ મળતો ન હતો, તે ગરીબ ખેડુતોની ઝુંપડીઓમાં

તેમની સાથે બેસી મોટા રોટલા અને ભાજી જેવાં શાક ખાવામાં તેઓ આનંદ માનતા હતા ! જે એક વખત ઘરની બહાર કદી પણ ચાલીને ન જતા હતા, તેજ જવાહરલાલ કાદવકીચડવાળા ખેતરોમાં, પાણીમાં, ખેડુતની ગંદી ગલીઓમાં કચ્છ મારી સેંકડો માઇલ પગે ચાલતા હતા. આ અરસામાં દિવસના ૨૦–૨૫ માઇલની મજલ પગે ચાલીને પણ તેમણે કરેલી છે.

પંડિત જવાહરલાલનું આવા પ્રકારનું પરિવર્તન જોઈ તેમના આગલા સંબંધીઓ દાંતમાં આંગળીઓ ઘાલતા હતા. વૃદ્ધ પિતા પોતાના પ્યારા પુત્રની આ સ્થિતિ જોઇ કેટલીક વાર વાત્સલ્ય ભાવથી આંસુ સારતા.

પંડિતજીનો ત્યાગ અને અથાગ શ્રમનું પરિણામ એ આવ્યું કે આખો અયોધ્યા પ્રાંત ખળભળી ઊઠયો. ખેડુતોની નવી શક્તિનાં દર્શન થતાં સરકારી અમલદારો અને તાલુકદારોને પણ જબરી ચટપટી પેઠી. આખા અયોધ્યા પ્રાંતના ખેડુતો ફક્ત ચારજ દિવસમાં નક્કી કરેલે સ્થળે એકત્રિત થતા હતા. સભાની સૂચનાઓ તારવિનાના દોરડાની માફક એકજ દિવસમાં આખા પ્રાંતમાં પહોંચી જતી હતી ! ગામોગામ ‘ ગ્રામ્ય પંચાયતો ’ સ્થાપવામાં આવી હતી, અને એ પંચાયતના ન્યાયને નાના કે મોટા દરેકને અનુસરવું પડતું હતું. જે લોકો પંચાયતના ન્યાયને માન આપતા ન હતા, તેમનો સામાજિક બહિષ્કાર થતો હતો. હજામ હજામત કરતો નહિ, ધોબી કપડાં ધોતો નહિ અને લોકો તેને અડકવામાં પણ પાપ છે, એમ સમજી તેનાથી દૂર રહેતા હતા. પંચાયતના ન્યાયને ન માનનારનું

જીવન અકારું થઈ પડતું, અને આખરે ભારે દંડ આપી ક્ષમા માગી પંચાયતના ન્યાયને મસ્તકે ચઢાવવો પડતો હતો. આ સ્થિતિમાં ઘણા તાલુકદારોને નોકરો ન મળવાથી પોતાનો ઈલાકો તથા ગામડાં છોડી લખનૌ ચાલ્યા જવું પડ્યું હતું.

ખેડુતોમાં ઉત્સાહ અને શક્તિ બંને આવ્યાં હતાં. નેતાઓના કથનથી ખેડુતો ભારેમાં ભારે જવાબદારીઓ ઉઠાવતા અને તેને અંગે કરવો પડતો ત્યાગ પણ કરતા હતા. તેમનું ભારે સંગઠન થયેલું જોઇ નેતાઓએ સને ૧૯૧૯ માં રાયબરેલી જિલ્લાના ઉંચાહાર મથકે 'ખેડુત પરિષદ' ભરવાનું નક્કી કર્યું. ખેડુતોને સૂચના આપવામાં આવી કે દરેક ઘેરથી એકએક પ્રતિનિધિ આવવો જોઇએ. અલ્પ સમયમાં ગામેગામ ખબર પહોંચી ગઇ, અને નિશ્ચિત કરેલી તારીખ પહેલાંના ચાર દિવસથી લોકોની મેદની જામવા લાગી. ઉંચાહારનું દૃશ્ય અલૌકિક હતું. સ્થાનિક ખેડુતોએ પોત પોતાના ઘેરથી ખાવાની વસ્તુઓ લોટ, દાળ વગેરેના મોટા ઢગ કરી દીધા હતા. તે ઉપરાંત ખાવાની બીજી તમામ ચીજો ભેગી કરવામાં આવી હતી. પ્રત્યેક સ્થાનિક ખેડુત પોતાના માટે અને પોતાના આવેલા એક પરોણા માટે રસોઇ તૈયાર કરીને લાવતોજ હતો.

ખેડુતોનું આવું સામુદાયિક સંગઠન જોઇ સરકાર ગભરાઈ ઊઠી. એકાએક રાયબરેલી જિલ્લામાં પેલી નામચીન ૧૪૪ મી કલમ લાગુ પાડી. સભાજનોના મોંઢા પર તાળાં માર્યાં. એટલેથી ન અટકતાં સશસ્ત્ર લશ્કરી ફોજ અને પોલીસો ઉંચાહારમાં બોલાવવામાં આવ્યા.

લોકવાયકા હતી, કે સરકાર ઉંચાહારમાં ગોળી ચલાવ્યા વિના રહેશે નહિ. લાખો ખેડુતો આ સ્થળે ભેગા મળ્યા હતા. તેમના આગેવાન પંડિત જવાહરલાલજી અને પંડિત ગૌરીશંકર મિશ્ર હતા. બંનેએ મામલાની બારીક તપાસ કરી સમયસૂચકતા વાપરી. હજારો ખેડુતોની હત્યા થતી અટકાવવાને માટે સરકારી આજ્ઞાનો વિરોધ કર્યા સિવાય સભા વિખેરી નાખી. આ સમયે ઉંચાહારમાં ૫૦-૬૦ હજાર ખેડુતો આવી ચૂકયા હતા, અને બીજા તેટલાજ રાયબરેલી સ્ટેશન અને શહેરમાં આવી પડયા હતા. પંડિત મિશ્ર લોકોને શાન્ત કરવા અને પાછા ફરવાનું સમજાવવા ઉંચાહાર દોડી ગયા, અને પંડિત જવાહરલાલજી રાયબરેલીમાં લોકોને જતા અટકાવવાને માટે રોકાઇ ગયા. પંડિત મિશ્ર લોકોને પાછા જવાની પ્રાર્થના કરતા હતા. ખેડુતો મક્કમતાથી કહેતા હતા કે " પંડિત જવાહરલાલ આવે યા બાબા રામચંદ્ર આવે તોજ અમે માનીએ." આખરે 'હુંજ નેહરૂ છું' એમ સમજાવી લોકોને પાછા વાળ્યા. સંગઠન તથા સામુદાયિક બળની ખેડુતોને દીક્ષા આપી પંડિત જવાહરલાલે તેમને પરાણે પાછા વાળ્યા અને ઉંચાહારમાં ગોળી ચાલતાં ચાલતાં અટકી ગઈ.

રાયબરેલીનો હત્યાકાંડ

અયોધ્યા પ્રાંતના ખેડુતોનું સંગઠન એક અદ્દભુત કાર્ય હતું. અયોધ્યા પ્રાંતના એક તાલુકાના રાજા અતિવિલાસી હતા, અને પોતાની રાણીને દુઃખ દેતા હતા. રાણીએ ગામની પંચાયત આગળ ફરિ-

આદ કરી. પંચાયતે રાણીના લાભમાં ફેંસલો આપ્યો. રાજાને પંચાયતનો ન્યાય કબુલ કરવો પડયો. પ્રજાબળને આમ નમતું આપવું પડે એ રાજાને કેમ પરવડે? રાજાએ છુપી રીતે આ બાબતનો પોલીસને રીપોર્ટ કર્યો અને પંચાયતના સભાસદોને ગિરફતાર કરાવ્યા. બાબુ રામચન્દ્રને ગિરફતાર કર્યાની અફવા વાયુવેગે ફેલાઇ ગઇ. જે જે ખેડુતે આ વાત સાંભળી તે તે સઘળા રાયબરેલી તરફ દોડી ગયા.

રાયબરેલીમાં એક નદી છે, અને તેના ઉપર પૂલ છે. પૂલની એક બાજુપર ખેડુતોની ભીડ જામવા લાગી. સરકારને ખેડુતોનું ટોળું ભેગું થતું જોઇ બળવો થવાની ધાસ્તી લાગી. પૂલની બીજી બાજુ પર સશસ્ત્ર પોલીસ અને લશ્કરી ફોજ ગોઠવી દીધી. ખેડુતો કહેતા હતા કે "પંચાયતના સભ્યો અને બાબુ રામચંદ્રને મુક્ત કરો." પોલીસ કહેતી હતી કે "અહીંથી ચાલ્યા જાઓ, નહિ તો આપત્તિ વહોરી લેશો." આ ઘટનાની ખબર પંડિત જવાહરલાલને તારથી કરવામાં આવી. જ્યારે પંડિતજી રાયબરેલી પહોંચી ગયા ત્યારે તેમણે જોયું કે પૂલની એક બાજુ સશસ્ત્ર લશ્કર ઉભું છે, અને બીજી બાજુ નિઃશસ્ત્ર ખેડુતો છે.

પંડિતજીએ નદી ઓળંગી સામા જવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ સરકારે તેમને બળ વાપરી રોકી રાખ્યા. જોતજોતામાં ગોળીબાર શરૂ થયો. પંડિત જવાહરલાલના હૃદય ઉપર જબરો આઘાત થયો. દરેક ગોળી જે ખેડુતોને

વાગી હતી, તે જોઈ તેમના હૃદયમાં તેમની અસર ઉંડી થઈ. તેમણે સામા કિનારે જવાને માટે ઘણુંએ ફાંફાં માર્યાં, પરંતુ તેમને રોકી રાખવામાં આવ્યા. પાંચ મિનિટ સુધી ગોળી ચાલી, તેમાં કેટલા માર્યા ગયા અને કેટલા ઘાયલ થયા તે પણ જણાયું નહિ. પંડિતજી બે દિવસ સુધી ઘાયલ થયેલાઓને સહાયતા દેવા રાયબરેલીમાં રહ્યા અને ખેડુતોના દુઃખમાં તેમણે ભાગ લીધો. પ્રયાગ પાછા ફર્યા પછી ખેડુતોને મદદ કરવાને હજારો રૂપીઆ મોકલી આપ્યા. ખેડુતોએ આ ઘટના પછી જવાહરલાલને પોતાના શ્રેષ્ઠ શિરોમણી સ્થાપ્યા. આજે જેમ બોરસદ અને બારડોલીના ખેડુતો સરદાર વલ્લભભાઈના વચન ઉપર મરવા તૈયાર થયા છે, તેમ જવાહરલાલના નામ ઉપર અયોધ્યાના ખેડુતો પ્રાણ પાથરવા પણ તયાર છે.

પ્રકરણ ૮ મું

અસહકાર

અમૃતસરના હત્યાકાંડે દેશભરમાં અસંતોષનું વાતાવરણ ઉત્પન્ન કર્યું હતું. રૉલેટએક્ટ અને માર્શલલૉએ લોકોના હૃદયમાં ઉંડી અસર કરી હતી. જલીઆનવાળા બાગમાં નિર્દોષ પ્રજાપર જુલમ કરનાર અધિકારીઓનો ઉચિત દંડ ન દેવાથી પ્રજાનાયકોને સરકાર પર રોષ ચઢયો હતો. મુસલમાનો ખિલાફતના સવાલે સરકાર તરફ ધૃણાની નજરથી જોતા હતા. ભારતીય જનતા મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાથી અસંતુષ્ટ બની હતી. આ સઘળી ગુંચવણો ઉભી થતાં તેનો સામનો કરવા મહાત્મા

ગાંધીજીએ દેશની સામે અસહકારનો કાર્યક્રમ રજુ કર્યો, અને એ કાર્યક્રમ પર વિચાર કરવા અખીલ મહાસભા સમિતિની એક બેઠક બનારસમાં ભરવામાં આવી. આ બેઠકમાં મહાત્માજીના અસહકારનો કાર્યક્રમ મંજુર થયો અને તેને દેશ સમસ્તની બહાલી આપવા કલકત્તામાં એક ખાસ મહાસભાની બેઠક બોલાવવાનું નક્કી થયું.

કલકત્તાની મહાસભા

સ્વર્ગીય લાલાલજપતરાયના પ્રમુખપણા હેઠળ મહાસભાની બેઠક મળી. મહાત્માજીએ પોતાનો નીચેનો ઠરાવ રજુ કર્યો. 'જ્યાં સુધી પંજાબમાં અત્યાચારો કરનારને યોગ્ય શિક્ષા કરવામાં ન આવે, ખિલાફતના પ્રશ્નનો સંતોષકારક નિવેડો લાવવામાં ન આવે અને ભારતમાં સ્વરાજની સ્થાપના કરવામાં ન આવે, ત્યાં સુધી હિંદુ, મુસલમાન અને બીજી સઘળી કોમોએ સાથે મળી સરકારની સામે અસહકાર કરવો. રાજકારોબારમાં કોઈપણ સાચો હિંદી સરકારને સાથ ન આપે. સરકારી નોકરો પોતાની નોકરીઓનો ત્યાગ કરે, વકીલો વકીલાત છોડે, વિદ્યાર્થીઓ સરકારી શાળા કૉલેજોનો ત્યાગ કરે. પ્રત્યેક વિદેશી વસ્તુ અને ખાસ કરીને કાપડનો બહિષ્કાર કરે, અને ખાદી અપનાવે, સરકારી અદાલતોને સ્થાને ગ્રામ્ય પંચાયતો સ્થાપી તે મારફતે ન્યાય મેળવે."

મહાત્માજીના આ ઠરાવ ઉપર ગરમાગરમ ચર્ચાઓ ચાલી. છેવટે મહાત્માજીના સિદ્ધાંતોનો સ્વીકાર થયો. બાબુ બિપિનચંદ્રપાલ અને ભારતભૂષણ માલવીઆજી જેવા આ કાર્યક્રમથી દૂર રહ્યા.

સને ૧૯૨૦ના ડિસેમ્બર માસમાં નાગપુરમાં મહાસભા ભરાઈ. મહાત્માજીનો કાર્યક્રમ રજુ થયો, અને તેને છેવટની બહાલી મળી. નાગપુરની મહાસભા એ હિંદી મહાસભાની આધુનિક સ્થિતિનું અનુપમ દૃશ્ય હતું. મારવાડીના શિરતાજ શેઠ જમનાલાલજી બજાજ જે પૂર્ણ ઠાઠમાં ઉછરેલા, અને સ્વાગતમંડળના પ્રમુખ હતા. તેમણે મહાત્માજીનો કાર્યક્રમ મંજુર થતાં પોતાના જીવનમાં પરિવર્ત્તન કરી દેશ માટેની સાચી દીક્ષા લીધી, અને ત્યારથી તેઓ ભેખધારી બન્યા. નાગપુર કોંગ્રેસ પછી દેશમાં કાશ્મીરથી માંડી કન્યાકુમારી સુધી પ્રજાએ મહાત્માજીના નેતૃત્વ હેઠળ અસહકારની આગ ફેલાવી.

રચનાત્મક કાર્ય

પંડિત જવાહરલાલ શરૂઆતથીજ પૂજ્ય મોતીલાલજીની સાથે અસહકારના પક્ષમાં જોડાયા હતા. મહાસભાના ફરમાનને માથે ચઢાવી તેમણે વકીલાત બંધ કરી, અને પોતાનો સઘળો સમય અને શક્તિ મહાસભાના કાર્યમાં વાપરવા લાગ્યા. પંડિત જવાહરલાલ આ સમયે સંયુક્ત પ્રાંતની મહાસભા સમિતિના મંત્રી હતા. આખા પ્રાંતના સંગઠનનો ભાર તેમના ઉપરજ હતો. ઠામ ઠામ કોંગ્રેસ કમિટિઓની સ્થાપના કરવી, પ્રાંતિક કમિટિના દફ્તરની સુયોગ્ય વ્યવસ્થા કરવી અને પ્રાંતમાં ફરી પ્રચારકાર્ય કરવું, એ તેમનો નિત્ય નિયમ હતો. સવારના ૫ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી તેઓ અવિરત પરિશ્રમ કરતા હતા. પંડિતજીના આવા અવિરત પરિશ્રમ, એમના હૃદયનો અગાધ દેશ પ્રેમ, કાર્ય કરવાની તેમની ધગશ, ખંત અને

ગંભીરતા જોઇ સહકારીઓનાં હૃદય પણ ઘડીભર વિહ્વળ બનતાં હતાં. તેમની હાજરી લોકોમાં સંજીવની અને ઉત્સાહ રેડતાં હતાં.

ખાદીપ્રચાર, દારૂ નિષેધ, પંચાયતોની સ્થાપના, અહિંસાત્મક આજ્ઞાભંગની તૈયારી અને કર ન આપવાની વ્યવસ્થા એ સઘળાં કાર્યો પ્રત્યે જનતાની સહાયતા મળવાથી તેઓ આગળને આગળ પોતાના લક્ષ્યબિંદુ તરફ ધપ્યા જતા હતા.

આ સમયે દેશમાં એક જબરૂં અસહકારનું વાવાઝોડું ઉત્પન્ન થયું હતું. વર્તમાન રાજ્યપદ્ધતિ પ્રત્યે લોકોના હૃદયમાં અવિશ્વાસ અને ઘૃણા ઉત્પન્ન થયાં હતાં અને ભારતની જનતા પોતાના જીવનનું બલિદાન દેવા તૈયાર થઇ રહી હતી. એ ૧૯૨૦–૨૧નો કાળ સ્વાતંત્ર્યનો કાળ ગણાયો હતો. હજારો નેતાઓ દેશપ્રેમમાં સારા સંસારને ભૂલી જઇ પડયા હતા. ભારતનો દરેક સાચો પુત્ર જન્મભૂમિની ગુલામી બેડીઓ તોડવાને તત્પર થયો હતો.

દમન

પ્રજાની જાગૃતિ અને અસહકારનું પ્રચંડ વાતાવરણ જોઇ સરકાર કંપી ઊઠી. સઘળું વાતાવરણ અહિંસાત્મકજ હતું. સરકારે દમનનીતિની શરૂઆત કરી અને હજારો દેશ નેતાઓને શિક્ષા કરી જેલનિવાસી બનાવ્યા. મૌલાના મહમદઅલીને સરકારે ગિરફતાર કર્યા. પ્રજામાં આની અસર એ થઇ કે અસહકારની જયોત વધુ તેજોજ્વળ બની. મહમદઅલીના ગિરફતાર વિષે પંડિતજી કોર્ટમાં પોતે રજુ કરેલા પોતાના નિવેદનમાં લખે છે કેઃ—

" અમારો સાધુ પુરુષ અને વહાલો નેતા જ્યારથી જેલ સિધાવ્યો છે, ત્યારથી જેલ અમારૂં દૈવી અને પવિત્ર ધામ બની રહ્યું છે. દીર્ઘકાય, મહાનુભાવ અને વીર શિરોમણી શૌકતઅલી અને તેમના શુરવીર ભાઈ અને અમારા હજારો કાર્યકર્ત્તાઓ અત્યારે જ્યારે જેલમાં બિરાજે છે, ત્યારે એકલા બહાર રહેવું એ શરમ ઉપજાવનારૂં છે." આખરે પંડિત જવાહરલાલ પણ સરકારની આંખમાં ખૂંચ્યા.

પાછળ કહ્યું તેમ તેઓ રચનાત્મક કાર્યની સાથે પોતાના 'ઇન્ડિપેન્ડેન્ટ' પત્રમાં લેખો પણ લખતા હતા. સરકારે આ પત્રના નિયામકો પંડિત જવાહરલાલ, જ્યોર્જ જોસફ ને શ્રીયુત રંગાઆયરને નોટીસો આપી કે 'તમારે અમુક રાજદ્રોહી લેખો તથા ભાષણો માટે માફી માગવી.' ત્રણે વીરો અડગ રહ્યા. માફી ન જ માગી. સરકારે વખત વિચારી એકલા આયંગારને એક વર્ષની કેદની સજા ફરમાવી.

યુવરાજનું આગમન

આ સમયમાં યુવરાજ 'પ્રિન્સ ઓફ વેલ્સ'નું ભારતમાં આગમન થયું. રાજ્ય પદ્ધતિથી અસંતોષી બનેલી પ્રજા પાસે તેમનો બહિષ્કાર કરવા સિવાય બીજું સ્વાગત ન હતું. સરકારના ગણ્યાગાંઠ્યા ખુશામતીઆઓ સિવાય તેમના સ્વાગતમાં કોઇપણ સ્વાભિમાની ભારતવાસી ભળ્યો ન હતો. જ્યાં જ્યાં યુવરાજ જતા હતા, ત્યાં ત્યાં પ્રચંડ હડતાલો પડતી અને તે દિવસ શોકનો મનાતો હતો. સરકાર પણ આ સમયે શાંત બેસી રહી ન હતી. તેણે કોંગ્રેસના સંગઠનને તોડી પાડવા અને યુવરાજનો બહિષ્કાર કરનાર સ્વયંસેવકોને પકડવા આ

ખિલાફતને ફીતુરી અને ગેરકાયદેસર જાહેર કરી હતી.

મહાસભા સમિતિએ સરકારના પગલા સામે પ્રત્યેક કોંગ્રેસ કમિટિઓને આજ્ઞા કરી કે દરેકે પોતાનું સ્વયંસેવક દળ એકત્રિત કરવું, અને પ્રત્યેક મહાસભાવાદીએ તે દળમાં જોડાવું. કોંગ્રેસના ફરમાનને માન આપી હજારો લોકો સ્વયંસેવક દળમાં જોડાયા. પંડિત જવાહરલાલજીએ સ્વયંસેવક બની યુક્ત પ્રાંતમાં મોટું સ્વયંસેવક દળ ઉભું કર્યું. યુવરાજના બહિષ્કાર માટે તેઓ રાતદિન સભાઓ ભરી ભાષણો આપતા અને પત્રિકાદ્વારા બહિષ્કારનો બોધ કરતા. લખનૌમાં પણ તેમણે કેટલાય દિવસ અગાઉ પત્રિકાદ્વારા પ્રચાર કાર્ય શરૂ કર્યું હતું.

વાંચક, પાછળ કહ્યું તેમ આજ યુવરાજ એક સમયે પંડિત જવાહરલાલના શાળા જીવનમાં એક સહાધ્યાયી હતા. હિંદમાં પગ મૂકતાં આ યુવરાજે પંડિતજીને મળવાની ઇચ્છા જણાવી હતી. જ્યારે પંડિતજી પોતાના પ્રિયમિત્રના બહિષ્કારમાં દેશપ્રેમ હૃદયે ધરી ઘૂમી રહ્યા હતા. તારીખ ૬ ઠ્ઠી ડીસેમ્બર ૧૯૨૧ના રોજ પ્રયાગમાં પણ યુવરાજના બહિષ્કાર નિમિત્તે ધરપકડો શરૂ થઇ, અને નેતાઓને શોધી શોધીને ગિરફતાર કર્યા. પંડિત મોતીલાલજી, પંડિત જવાહરલાલ, બાબુ પુરુષોત્તમદાસ ટંડન, શ્રીયુત મોહનલાલ નહેરૂ, શ્રીયુત શ્યામલાલ નહેરૂ, પંડિત ગૌરીશંકર મિશ્ર તથા અન્યકાર્યકર્તાઓને પકડી લીધા. આ સમયે યુકતપ્રાંતની કોંગ્રેસ કમિટિનાં તેમજ મહાસભા સમિતિનાં દફતર પ્રયાગનાં આનંદભુવનમાં હતાં, કારણકે પિતાપુત્ર બંને અનુક્રમે બંને સંસ્થાનાં માનનીય મંત્રીપદ ભોગવતા હતા.

જ્યારે પંડિત જવાહરલાલની ધરપકડ થઇ, તે દિવસે તેઓ સાંજના છ વાગ્યા સુધી સમિતિની ઓફીસમાં કામ કરતા હતા. સંધ્યાકાળે ઘેર ગયાને થોડીવાર થઇ કે તુરત પોલીસે આવી ગિરફ્તારીનું વૉરંટ પંડિતજીને બતાવ્યું. જવાહરલાલની ગિરફ્તારી લખનૌમાં યુવરાજના બહિષ્કારની પત્રિકાઓ વહેંચવા માટે અને બાકીનાની સ્વયંસેવક દળમાં દાખલ થયા બદલ હતી. પંડિત જવાહરલાલને જ્યારે એ ખબર પડી કે પોલીસ એમની ગિરફ્તારી કરવાને આવી છે, ત્યારે તેમણે સંપૂર્ણ શાંતિમાં જે બે ચાર મિનિટ મળી તે કોંગ્રેસના નેતાઓના આવેલા અગત્યના પત્રોના જવાબ આપવામાંજ ગાળી.

પોલીસ બારણે બેઠી હોય, વૉરંટ આપ્યું હોય, જેલ જવાને માટે તૈયારી કરવાની હોય, પ્રિય સગાંસંબંધીને મળવાનું હોય અને સાંસારિક બીજી બાબતોની વાતચિત કરી લેવાની હોય તેવે સમયે જે બે ચાર મિનિટ મળી તેમાં પણ સઘળાં કાર્યને અળગાં કરી મહાસભાનુંજ કાર્ય કરી લેવું એ ભાવના જવાહરલાલના અંતરમાં બળતા પ્રેમલ જ્યોતનાંજ દર્શન શું નથી કરાવતાં? ગિરફ્તારીના સમયે પણ તેઓ પ્રસન્ન ચિત્તવાળા અને શાંત જણાતા હતા.

અલાહાબાદમાં વાયુવેગે પંડિતજીની ધરપકડની ખબરો પહોંચી ગઇ. આનંદભુવનની આસપાસ હજારો માનવ મેદની જમા થઇ ગઈ. નેતાઓની જય બોલાવતી જનતા ઉન્મત્તદશા ભોગવતી હતી. પંડિતજીએ પ્રજાને શાન્ત કરી સંદેશો આપ્યો કે "અમો ઘણી ખુશીથી જેલમાં જઇએ

છીએ. મને પૂર્ણ વિશ્વાસ છે કે એથી અમારા કામને ફાયદો થશે અને આપણો વિજય પાસે આવશે. યાદ રાખજો કે ૧૨ મી તારીખે સંપૂર્ણ હડતાલ પાડવાની છે. પ્રત્યેક વ્યક્તિએ સ્વયંસેવક દળમાં દાખલ થવાનું છે, અને સૌથી અગત્યની વાત એ છે કે આપ સઘળા શાન્તિ જાળવશો. તમારા હાથમાં અલાહાબાદની ઈજ્જત રહેલી છે.”

જવાહરલાલજીને પકડી લખનૌ લઈ જવામાં આવ્યા. મોટા પંડિતજી તથા અન્ય નેતાઓનો કેસ પ્રયાગમાં ચાલ્યો. સઘળાંને ૬ માસની સજા થઇ. સઘળા નેતાઓને લખનૌની સેન્ટ્રલ જેલમાં સિવિલ વૉર્ડમાં રાખવામાં આવ્યા.

જેલમાં નેતાઓની સાથે રાજનૈતિક કેદીઓની માફક વર્તન ચલાવવામાં આવતું હતું. ખાવાપીવામાં રૂચિ અનુસાર ખોરાક પૂરો પાડવામાં આવતો હતો. પુસ્તકો તેમજ વર્તમાનપત્રો મળે તેવી ગોઠવણ પણ કરવામાં આવી હતી, અને સગાં સંબંધીઓને મળવાની પણ છૂટ હતી. નેતાઓનાં દર્શન કરવા સેંકડો લોકો આવતા હતા, અને ત્યાં ભારે ઠઠ જામતી હતી. એક વખત જેલ અધિકારી સાથે રકઝક થતાં જ પાયખાનાં હાથે વાળ્યાં હતાં. ત્યાં તેઓ સઘળું કામ હાથથી કરી લેતા હતા. જેલમાં જવાહરલાલ ઉઘાડા પગેજ ફર્યા કરતા હતા. તેમનું જેલનું સાદું જીવન જોઇ તેમના પ્યારા પિતાને કોઇ કોઇ વખત અત્યંત દુઃખ થતું હતું. જેલમાં ત્રણ માસ પણ પૂરા ન થયા એટલામાં પંડિતજી વગેરેને છોડી દેવામાં આવ્યા.

જેલમાંથી છૂટયા કે તરત જવાહરલાલ મહાત્માજીને મળવા અને સલાહ લેવા સીધા અમ-

રાજનગરમાં દાવાદ આવ્યા. રસ્તામાં તેમને મહાત્મા-જીની ગિરફતારીની ખબર પડી.

મહાત્માજીનો મુકદ્દમો ચાલ્યો ત્યાં સુધી તેઓ અમદાવાદ રહ્યા હતા. પોતાના જેલના અનુભવે અને મહાત્માજી જેવાને કારાવાસની શિક્ષાએ તેમના મન ઉપર ઉંડી અસર કરી અને તેઓ પ્રચલિત રાજ્યપદ્ધતિના કટ્ટા શત્રુ બન્યા.

પ્રકરણ ૯ મું.

પરદેશી કાપડ.

મહાત્માજીના કારાવાસ પછી તેમનો કાર્યક્રમ પાર પાડવા પંડિતજીએ બમણા જોશથી કાર્ય ઉપાડયું. યુકત-પ્રાંતમાં અને તેમાંયે ખાસ કરીને પ્રયાગમાં પરદેશી કાપડ-ના બહિષ્કારની હિલચાલ ઉપાડી. દેશમાંથી દર વરસે ૬૦ કરોડ રૂપીઆ એકલા વિદેશી કાપડમાંજ ઘસડાતા જોઇ પંડિતજીએ પ્રથમ તે કાપડ વેચનાર કાપડીઓને હાથમાં લેવા પ્રયત્ન કર્યો. પ્રયાગમાં પરદેશી કાપડના વેપારીઓની એક સભા બનાવી અને તેનું નામ 'વેપારી મંડળ' રાખ્યું. આ મંડળમાં ઘણાખરા વેપારીઓ જોડાયા અને તેમણે સને ૧૯૨૨ ના અંત સુધી પરદેશી કાપડ નહિ મંગાવ-વાના શપથ લીધા. મંડળે સૌથી પહેલાં એ નિશ્ચય કર્યો કે જે વેપારી વિદેશી વસ્ત્રો મંગાવે તેનો ઠરાવેલો દંડ લેવો, અને તે દંડ ન આપે તો તેની દુકાન ઉપર ચોકી કરવી. આ ઠરાવ પ્રમાણે ઘણો વખત દુકાનો ઉપર ચોકી કરવી પડી અને તેમાં સફળતા પણ મળી. ચોકી સંપૂર્ણ

શાંતિથી થતી હતી. કોઇપણ સ્વયંસેવકને એક કઠવો શબ્દ પણ સાંભળવો પડેલો નહિ.

વિદેશી વસ્ત્રોના બહિષ્કારની આ સફળતા જોઇ પરદેશી સરકાર ગભરાઇ ઉઠી. તેણે દુકાનો ઉપર ચોકી કરનાર તથા અન્ય નેતાઓને ગિરફતાર કર્યા. પંડિત જવાહરલાલને ધમકી આપવાના અને મરજી વિરૂદ્ધ કામ કરાવવાના ગુના બદલ પકડવામાં આવ્યા. મે માસની ૧૭ મી તારીખે તેમને ૧।। વર્ષની શિક્ષા ફરમાવવામાં આવી. અદાલતમાં પંડિતજીએ પોતાનો કંઈપણ બચાવ કર્યો નહિ, ફક્ત પોતાનું લેખીત નિવેદન રજુ કર્યું.

આ નિવેદનમાં પંડિજીએ અન્યાય અને અદાલતના થતા દુરૂપયોગનું ચિત્ર દોર્યુ હતું. નિવેદનના અંત ભાગમાં કહ્યું હતું કે "સ્વરાજની લડાઈમાં ભારતની સેવા કરવી એ ઉચ્ચત્તમ વસ્તુ છે. મહાત્મા ગાંધીજી જેવા નેતાને આધીન બની દેશની સેવા કરવી એ સદ્‌ભાગ્ય છે. અરે! પ્યારી માતૃભુમિને માટે જેલનાં કષ્ટો વેઠવાં એનાથી વધુ સુંદર એક ભારતવાસીને માટે બીજું કયું હોઈ શકે? અને હું તો કહું છું કે એ ધ્યેયને માટે પ્રાણ પાથરવાનો સમય પ્રાપ્ત થાય એ સ્વપ્નું પણ ક્યારે સાચું પડે?"

જેલજીવન

પંડિત જવાહરલાલ એકવાર ફરીથી પ્રસન્નતા પૂર્વક જેલમાં ગયા. આ સમયે પણ તેમને લખનૌ જેલમાં રાખવામાં આવ્યા હતા. જેલમાં પણ તેઓ સખત નિયમ પાલન કરતા હતા. સ્નાન, ભોજન, રેંટીઓ કાંતવો, વાંચવું, હરવું ફરવું એ સૌ નિયમ મુજબ કર્યાજ કરતા. જેલમાં

નોકર હોવા છતાં તે પોતાના હાથથીજ કચરો પૂંજો વાળી ઓરડી સાફ રાખતા. કપડાંને સાબુ લગાવી ધોતા. પુસ્તકો સાફસૂફ કરી ગોઠવતા. પોતાનાં પાથરણું તથા બિછાનાં જાતેજ તડકે સૂકવી સાફ કરતા. શ્રીયુત મહાદેવભાઇ તેમના જેલજીવનના સાથી હતા. તેઓ લખે છે કે "પંડિતજીની સાદાઇ જોઈ હું મુગ્ધ બનતો. કપડાં તો તેઓ જાતે ધોતાજ પણ એક દિવસ ખાટલાની પાટી મેલી થયેલી જોઈ તેને ઉકેલી ઉના પાણીમાં બાફી લાકડાથી ધોકા મારી ધોઇ નાખી. જ્યારે સાંજ થતી ત્યારે તોફાન મસ્તી કરતાં પણ તેઓ ચૂકતા નહિ. જોસફ અને એ બંને વિલાયતવાસી તો ખરાને, એટલે વિલાયતના દિવસોનાં અનેક સ્મરણો કરે અને હાથમાં હાથ મેળવીને નાચે!

જેલમાં હતા ત્યારે કોઇ ટટ્ટાર ચાલતો ન હોય તો તેને પાછળથી ધક્કો મારીને કહે 'આમ શું ચાલે છે? છાતી કાઢીને ચાલની!' દોડતા હોય તો દોડવામાં 'શાન' જોઇએ. ગધેડા દોડે તેમ નહિ, પણ શૂરા સિપાઇ દોડે એવું દોડવું જોઇએ એમ કહીને દોડી બતાવે."

પંડિતજીના જેલજીવનનું વર્ણન એક જેલનોજ સિપાઈ પ્રતાપ માસિકમાં નીચે પ્રમાણે કરે છે:—"જવાહર જેવો કર્મનિષ્ઠ યુવક આજ સુધી મારા જોવામાં આવ્યો નથી. પ્રાતઃકાળના પાંચથી તે રાતના દશ વાગ્યા સુધી પોતાના જીવનકાર્યમાં મચી રહેલા પંડિતજીના હું ઘણા નિકટ પરિચયમાં રહેલો છું. ઝીણી ઝીણી બાબતોમાં પણ તેમની કાર્યદક્ષતા ઝળકી રહે છે. એક દિવસ ભોજન વિનાનો જાય, પણ રેંટીઓ કાંત્યા વિનાનો હરગીઝ ન જાય. આળસ,

સુસ્તી કે બીજો કોઇપણ પ્રમાદ એમના નિયમિત અધ્યયનમાં કદી ડખલ ન કરી શકે. તેમના બેસવા ઊઠવાની જગા તદ્દન ચોકખી રહેતી. ત્યાં આગળ એક રખડતા કાગળની ચબરખી કે તણખલું સરખું ન મળે. કાંસકાથી માંડી રોજના વપરાશની તમામ ચીજો એકજ ઢબથી મુકરર કહેલી જગાએ વ્યવસ્થિત પડયાં હોય. દરેક ચીજ સ્વચ્છ અને સફાઈબંધ ગોઠવેલી હોય.

જેલમાં અમે ધીરેધીરે એક નાની સરખી લશ્કરી ટુકડી ઉભી કરી. હું પણ એ ટુકડીમાં દાખલ થયો. કવાયતમાં મારી બાહોશી જોઈને જવાહરે કપ્તાનની પોતાની માનનીય પદવી મને સોંપી દીધી, અને પોતે સાધારણ સિપાઈમાં જોડાઈ ગયા. ત્યાં એ સૌની પેઠે મારો હુકમ માથે ચઢાવતા, મારો રૂઆબ ઘણો પડતો. હું કડક થઇ કહેતો ' સ્કવાડ અટેની....શન ! ' અને સાચા સિપાઇની પેઠે જવાહરલાલ તરત સાવધાન બની અક્કડ થઇ ઉભા રહેતા. ' સ્કવાડ ડબલ....માર્ચ ' નો હુકમ છૂટે કે તુરત ભારતના રાષ્ટ્રપતિ જવાહરલાલ એક નાચીઝ કપ્તાનના હુકમને માથે ચઢાવી જાય દોડયા !"

પ્રકરણ ૧૦ મું.

રાજનૈતિક જીવન

સને ૧૯૨૧માં આખા દેશમાં વિદેશીવસ્ત્રબહિષ્કારની પ્રવૃત્તિ ચાલી રહી હતી. લગભગ ૨૦૦૦૦ માણસો જેલમાં ગયા હતા. સરકારે જાનેવારી માસમાં સઘળા રાજદ્વારી કેદીઓને છોડી દીધા. પંડિતજી પણ સને ૧૯૨૩ ના

જાનેવારી માસના અંતમાં જેલમાંથી બહાર આવ્યા અને પ્રાંતીય કોંગ્રેસકમિટિના મંત્રીપણાના હોદ્દે બિરાજ્યા.

જે સમયે પંડિત જવાહરલાલ જેલમાંથી બહાર આવ્યા તે સમયે દેશનું રાજનૈતિક વાતાવરણ બદલાયું હતું. યોગ્ય નેતાઓના અભાવે જનતા સંગ્રામથી અલગ થઇ ગઇ હતી, અને અસહકારનું વાતાવરણ શિથિલ દેખાતું હતું. કોંગ્રેસ કેમ્પમાં પણ બે પક્ષ પડ્યા હતા. એક પક્ષ મહાત્માજીએ નક્કી કરેલા રચનાત્મક કાર્યનેજ આગળ ધપાવનારો અને બીજો ધારાસભાપ્રવેશનો. પહેલો પક્ષ નાફેરવાદીઓના નામથી ઓળખાતો અને બીજો સ્વરાજી-સ્ટોના નામથી ઓળખાતો.

સ્વર્ગીય બાબુ ચિત્તરંજનદાસ તથા પંડિત મોતીલાલ-જી સ્વરાજીસ્ટપાર્ટીમાં હતા. આ સમયે ગયાજીમાં મહાસભા-ની બેઠક ભરાઈ હતી. પ્રમુખ તરીકે સ્વર્ગસ્થ દેશબન્ધુદાસ હતા, છતાં ધારાસભાપ્રવેશનો ઠરાવ મોટી બહુમતિથી ઉડી ગયો હતો, પરંતુ હોમરૂલલીગના ઠરાવ વખતે બન્યું હતું તેમ સ્વરાજીસ્ટો ઝંપીને બેસી રહ્યા ન હતા. બંને પક્ષો પોતાના મત પ્રતિપાદન કરવાને માટે એક બીજા ઉપર આક્ષેપ કરવાનું પણ ચૂકતા નહિ. સરકારને માટે આ વસ્તુસ્થિતિ આવકારદાયક હતી, પરંતુ દેશનું કમભાગ્ય હતું કે થોડા ઘણા જે નેતાઓ હતા, તે દેશહિત વેગળું મૂકી આપસઆપસમાં લડવા લાગ્યા.

પંડિત જવાહરલાલજી દેશની આ પરિસ્થિતિ જોઇ અવાચક બન્યા. દેશનેતાઓની અંદર અંદરની ખેંચતાણ

જોઇ એમનું હૃદય લજ્જા અને ખેદથી કંપવા લાગ્યું. એમની સામે પોતાને માટે બે રસ્તા હતા. કાંતો ધર્માન્ધની માફક બેમાંથી એક પક્ષમાં જોડાઇ જવું, અથવા તો તટસ્થ રહી બંને પક્ષો વચ્ચે શાંતિ સ્થાપવાને માટે બનતી કોશીશ કરવી. પંડિતજીએ બીજો રસ્તો પસંદ કર્યો, અને તે કાર્યને માટે તનતોડ મહેનત કરવા લાગ્યા.

૧૯૨૨ના ડીસેમ્બર માસમાં ગયાજીમાં સ્વર્ગસ્થ દેશબંધુ દાસના પ્રમુખ પણા હેઠળ કાંગ્રેસ મળી. ધારાસભા-પ્રવેશનો ઠરાવ તેમના તરફથી મૂકવામાં આવ્યો. સામો પક્ષ જોરપર હોવાથી ઠરાવ ઉડી ગયો. મહાસભાએ ફરમાવ્યું કે "કોઈ પણ મહાસભાવાદીએ ધારાસભામાં ઉમેદવાર તરીકે ઉભા થવું નહિ અને ઉભા થએલા ઉમેદવારને કોઇએ મત આપવો નહિ."

મહાસભાની નીતિ સ્પષ્ટ હતી. નાફેરવાદીઓની દૃષ્ટિએ હાલની ધારાસભાઓ સરકારી શાસનપદ્ધતિને પોષકજ હતી.

દાસબાબુ આ ઠરાવને સંમત થયા નહિ અને તેમણે પ્રમુખપદેથી રાજીનામું આપ્યું. કોંગ્રેસદળમાં જબરી ફાટ-ફૂટ પડી, અને આખરે સમજુતી કરવાને માટે તા. ૨૭ ફેબ્રુઆરિ સને ૧૯૨૩ ના રોજ અલાહાબાદમાં અખીલ ભારતીય કોંગ્રેસ કમિટિની બેઠક થઈ. પંડિત જવાહરલાલજી તથા મૌલાના અબદુલ કલામ આઝાદના પ્રયત્નથી થોડા વખતને માટે આ ચળવળ બંધ પડી. એપ્રીલ માસ સુધી બંને પક્ષ તરફથી ધારાસભાની પ્રવૃત્તિ બંધ પાડવાનો સમજુતી ભર્યો ઠરાવ થયો. આ કરાવેલી સમજુતી માટે

સભાએ એક ઠરાવ કરી પંડિતજી અને મૌલાનો આભાર માન્યો.

અલ્લાહાબાદના ઠરાવથી બંને પક્ષોને જોઈતો સંતોષ ન મળ્યો. બંને પક્ષ તરફથી પેરવીઓ થવા લાગી. આ વિઘાતક પ્રવૃતિથી કેટલાક વિચારક નેતાઓને દેશનું ભાવી બગડતું લાગ્યું. તેમણે બંને પક્ષો વચ્ચે સાચો સહકાર કરવાના પ્રયત્ન કર્યા, કારણ કે બંને પક્ષોમાં ઉત્તમ પ્રકારના નેતાઓ હતા. આ સમજુતી કરાવનાર પક્ષમાં પંડિત જવાહરલાલ પણ હતા.

તા. ૨૫ મી મેથી તા. ૨૮ મી સુધી મુંબઈમાં 'અખીલ હિંદ મહાસભા સમિતિ'ની બેઠક ચાલુ પરિસ્થિતિ ઉપર વિચાર કરવા મળી. આ સમિતિએ નીચેનો ઠરાવ કર્યો.

"મહાસભાના કેટલાક નેતાઓ ધારાસભાપ્રવેશના હીમાયતી હોવાથી અને મહાસભાનો આધુનિક મતભેદ ઓછો કરવા આ સમિતિ મહાસભાના નેતાઓનું સંગઠન અને એકતા જરૂરી માને છે અને તેથી ઠરાવ કરે છે કે ગયાજીમાં થયેલા ઠરાવ અનુસાર ધારાસભાપ્રવેશના વિરૂદ્ધમાં કાંઈ વિશેષ ચળવળ કરવી નહિ."

આ ઠરાવ પસાર થતાં કાર્યવાહક સમિતિના સભ્યોએ રાજીનામાં મૂકયાં, કારણ કે નાફેરવાદી સભાસદોને આ ઠરાવ પોતાના સિદ્ધાંતથી વિરૂદ્ધ લાગ્યો. પંડિત જવાહરલાલજીએ સમિતિના સભ્યોને પોતાનાં રાજીનામાં પાછાં ખેંચી લેવા પ્રાર્થના કરી છતાં તેમ બન્યું નહિ અને આખરે નવું કાર્યવાહક મંડળ નીમાયું. આ સમિતિના પ્રમુખ ડૉ. અન્સારી અને મંત્રી પંડિત જવાહરલાલજી હતા.

ઉપર પ્રમાણેનો ઠરાવ થયા છતાં જુદા જુદા પ્રાન્તોમાં નાફેરવાદીઓ મનસ્વીપણે વર્તવા લાગ્યા અને મુંબઇના ઠરાવને અણુગણવા લાગ્યા. જુલાઇ માસની ૮–૧૦ તારીખોએ નાગપુરમાં મહાસભા સામિતિની એક બેઠક મળી. તેમાં ધારાસભા વિરૂદ્ધ પ્રચાર કરનારાઓ માટે એક ઠરાવ આવ્યો, પરંતુ બે વધુમતે તે ઉડી ગયો. આથી ચાલુ કાર્યવાહક મંડળના સભ્યોએ રાજીનામાં આપ્યાં, અને તેમને બદલે નાફેરવાદીઓનું ફરીથી કાર્યવાહકમંડળ નિમાયું. પંડિત જવાહરલાલજીએ પણ સમિતિમાંથી રાજી-નામું આપ્યું.

સપ્ટેમ્બર મહીનામાં દિલ્હીમાં મહાસભાની ખાસ બેઠક મળી. તેમાં સ્વરાજીસ્ટોને ધારાસભામાં દાખલ થવા આજ્ઞા મળી. આથી બંને પક્ષો વચ્ચે સમજુતી થઇ. દિલ્હી મહાસભામાં આધુનિક રાજપદ્ધતિમાં સુધારા વધારા કરવાને એક કમિટિ નીમવામાં આવી, અને તેના સંચાલક પંડિતજી થયા. આ સમયે સત્યાગ્રહસભા તેમજ અકાલી-ઓની પરિસ્થિતિ સંબંધી બે કમિટિઓ નીમવામાં આવી હતી, તેમાં પણ પંડિતજી સભ્ય તરીકે હતા.

નભારાજ્યમાં. પંજાબમાં નભાનું શીખ રાજ્ય છે. ત્યાંના રાજા રીપુદમનસિંહ પ્રભાવશાળી અને સ્વ-તંત્ર વિચારના હતા. તેમને મરજી વિરૂદ્ધ દબાણથી રાજ્યગાદી છોડવી પડી હતી. નભારાજ્યમાં વસતા શીખો અકાલીને નામે જાણીતા છે. સરકાર નિયુક્ત અધિકારીઓએ અકાલી શીખો ઉપર

અત્યાચાર કર્યા હતા. દિલ્હીની મહાસભાએ આ અકાલીઓ-ની તપાસ કરવા એક કમિટિ નીમી હતી. જેમાં પંડિત જવાહરલાલ નહેરૂ સભ્ય હતા.

દિલ્હી મહાસભા પૂરી થતાં પંડિત જવાહરલાલજી નભારાજ્યના પીડિત અકાલીઓની દશા જોવાને માટે જેઇતુ ગામ જઇ પહોંચ્યા. તેમની સાથે પ્રોફેસર કીરપલાની અને શ્રીયુત કે–સન્તાનમ પણ હતા. જેઇતુમાં આ ત્રિપુટી તપાસ માટે આવી છે, એવી ખબર ત્યાંના અધિ-કારીઓને પડતાં તેઓ ગભરાઈ ઉઠયા, અને આ ત્રણે નેતાઓને તાકીદે નભા રાજ્યની હદ છોડી જવાની આજ્ઞા કરી. નેતાઓએ આ આજ્ઞા ગણુકારી નહિ, તેથી તેમને ગિરફતાર કરવામાં આવ્યા, અને તેમના હાથમાં હાથ-કડીઓ નાખી નભા લેઈ જવામાં આવ્યા. તેમના સામે બે આરોપો ઘડી કાઢયા. ૧ આજ્ઞા ભંગનો, ૨ કહેવાતા કાવત્રામાં ભાગ લેવા. પહેલા અપરાધ માટે ૬ માસ અને બીજા માટે ૮ માસની કારાવાસની શિક્ષા કરવામાં આવી. પરંતુ બીજેજ દિવસે તેમને ખબર આપવામાં આવી કે ઉપરીના હુકમ અનુસાર સજાઓ મોકુફ રાખવામાં આવી છે, અને તેમને છૂટા કરવામાં આવ્યા છે. સાથે સાથે એ પણ કહેવામાં આવ્યું કે ભવિષ્યમાં લેખીત પરવાનગી સિવાય આ રાજ્યમાં દાખલ થવું નહિ. નાભા રાજ્યની દૃષ્ટિમાં આ આજ્ઞા અત્યારે પણ પંડિતજીને બંધન કરતા ગણાતી હશે.

જેલની ગંદી દશામાં રહેવાથી ત્રણે નેતાઓ પથારી-વશ થયા, અને પંડિતજીને ઘેર આવ્યા પછી અવધિઓ તાવ લાગુ પડયો.

જ્યારે પંડિતજી નભાની જેલમાં હતા, ત્યારે તેમના એક મિત્રે આવી કહ્યું કે "આપને યુ. પી કોંગ્રેસના પ્રમુખ નીમવામાં આવ્યા છે." દુર્ભાગ્યવશાત્ પંડિતજી કોંગ્રેસના દિવસોમાં માંદા પડયા અને તેઓ તેમાં હાજર રહી શકયા નહિ. તેમનું લખેલું ભાષણ વાંચવામાં આવ્યું.

પ્રાંતીય કોંગ્રેસ

૧૯૨૩ના ડિસેમ્બર માસમાં સ્વર્ગસ્થ મૌલાના મહમદઅલીના પ્રમુખપણા હેઠળ કોકોનાડામાં મહાસભા મળી. નાફેરવાદીઓએ પોતાની સર્વશક્તિનું સંગઠન કરી એકવાર ફરીથી રચનાત્મક કાર્યક્રમ પ્રજાની સામે મૂકવાનો નિર્ધાર કર્યો, પરંતુ સ્વરાજીસ્ટો આગળ તેઓ પરાજિત થયા.

કોકોનાડા મહાસભા

પંડિત જવાહરલાલજી કેટલાય દિવસોથી મહાસભામાં સૈનિકશક્તિનો અભાવ અનુભવતા હતા. આથી તેઓએ મહાસભામાં એક સ્વયંસેવકદળની સ્થાપનાનો ઠરાવ આણ્યો, જે મોટી બહુમતિથી પસાર થયો.

કોકોનાડામાં મહાસભાની બેઠક વખતે "અખીલ હિંદ સ્વયંસેવક પરિષદ" પંડિત જવાહરલાલજીના પ્રમુખપણા હેઠળ પ્રથમ વારજ મળી. 'અખીલ હિંદ સેવાદળ'ની સ્થાપના થઇ અને તેના પ્રમુખ પંડિતજી નીમાયા. મહાસભાએ પંડિતજીમાં પૂર્ણ વિશ્વાસ રાખી મહામંત્રી નીમ્યા. આ પદ ઉપર તેઓશ્રી યૂરોપયાત્રાનાં બે વર્ષ બાદ કરતાં અને ૧૯૨૯ માં મહાસભાના પ્રમુખ નીમાયા ત્યાં સુધી રહ્યા.

મંત્રીપદે આવ્યા પછી મહાસભાની ઓફીસને એક જીવતી જાગતી સંસ્થા તેઓશ્રીએ બનાવી મૂકી છે. જ્યાં સુધી તેઓ પ્રયાગમાં હોય ત્યાં સુધી ૧૧ થી ૫ વાગ્યા સુધી ઓફીસમાં હાજર રહેતા. તેઓ જાતે ૬ કલાક સખત વૈતરૂં કરતા હતા અને તેમના હાથ નીચેના માણસો પાસેથી પણ તેવુંજ કામ લેતા. તેમની કામ કરવાની રીતિ અને વ્યવસ્થા જોઇ ભલભલા નેતાઓ વિસ્મિત થતા હતા. તેમનું શાસન જેટલું કડક હતું તેટલુંજ તેમનું હૃદય સાથે કામ કરનારાઓ પ્રત્યે પ્રેમાળ હતું. દેશભરની હિલચાલોમાં ભાગ લેવા છતાં અ હિં. મ. સ. ના કાર્યને તેઓ એટલી ચિવટાઇથી વળગી રહેતા હતા કે બીજો કોઇ તેમની સરખામણી કરી શકે નહિ.

સને ૧૯૨૪ માં મહાત્મા ગાંધીજીએ પંડિતજીની કાર્યદક્ષતા જોઈ પોતાની સાથે મંત્રી તરીકે લીધા હતા, અને સને ૧૯૨૯ માં એજ મહાત્માજીએ પંડિતજી પરના વિશ્વાસથી તેમના મસ્તકે રાષ્ટ્રપતિનો કાંટાળો મુગટ પહેરાવ્યો હતો.

પ્રકરણ ૧૧ મું.

કુંભમેળો

પંડિતજી સાહસિક પુરુષ છે. જોખમ ઉઠાવવામાં તેમને મઝા પડે છે. સાર્વજનિક સેવાના માર્ગમાં જો તેમને જોખમ ખેડવાનું હોય તો તો પૂછવું જ શું! 'અગ્નિજીવન જીવો' એ તેઓનો મુદ્રાલેખ છે. તેઓ હથેળીમાં જીવ રાખી હમેશાં અગ્નિ સાથે ખેલે છે. કબીરજીના શબ્દોમાં

કહીએ તો "શીશ ઉતારૈ ભુંઇ ધરૈ તાપૈ રાખૈ પૉંવ". સને ૧૯૨૪ ના કુંભમેળામાં પંડિતજીના સાહસનો પરિચય થયો હતો.

હિંદુધર્મશાસ્ત્રોમાં પ્રયાગને તીર્થરાજ તરીકે વર્ણવેલું છે. સૌ તીર્થસ્થાનોમાં પ્રયાગનો મહિમા અલૌકિક છે. પ્રયાગ પાસે ત્રિવેણીસંગમ થાય છે. તે સ્થળે નહાવાનું અધિક પુણ્ય મનાય છે. પ્રયાગમાં મહા મહીનામાં મોટો કુંભમેળો ભરાય છે. આ સમયે લાખો સાધુઓ અને બીજા યાત્રાળુઓ ત્રિવેણીસંગમમાં સ્નાન કરવા આવે છે.

સને ૧૯૨૪માં પ્રયાગમાં મોટો કુંભમેળો ભરાવાનો હતો. સારા હિંદુસ્તાનમાંથી ભાવિક હિંદુઓ ગંગા યમુનાના સંગમમાં સ્નાન કરવાને લાખોની સંખ્યામાં ઉતરી પડયા હતા. ત્રિવેણી સંગમ આગળ પાણી ઘણું ઊંડું હતું. યાત્રાળુઓને સગવડ આપવાની ખાતર સરકારે રેતી વગેરે સાધનોથી તે જગાનું પાણી છાછરૂં બનાવવા ધાર્યું હોત તો બનાવી શકત, પરંતુ સરકારી મેળાપ્રબંધકકમિટિએ આ પદ્ધતિ અંગીકાર ન કરતાં લાખો જાત્રાળુઓને સંગમ-સ્નાન કરતાં અટકાવી દેવાનો પ્રબંધ રચ્યો. ઉંડા પાણીની આસપાસ વાડ કરવામાં આવી, અને તેના રક્ષણને માટે સશસ્ત્ર પોલીસ તથા ઘોડેસ્વાર લશ્કર ગોઠવી દેવામાં આવ્યું.

ભારતભૂષણ પંડિત માલવીઆજી આ કુંભમેળામાં પધાર્યા હતા. તેમણે લોકોની ધાર્મિક ભાવના દાબી ન દેતાં યોગ્ય ગોઠવણ કરી આપવા સરકાર સાથે પુષ્કળ લખાપટી કરી, પરંતુ સરકારે તેમનું કહેવું કાને ધર્યું નહિ.

પંડિત જવાહરલાલજી ધાર્મિકવૃત્તિથી પ્રેરાઈને નહિ પરંતુ પોતાના દેશ બાન્ધવોના હક પર સરકાર ખોટી રીતે તરાપ મારે છે તે દૂર કરવા મહાસભાના ચુનંદા સ્વયંસેવકોને લેઈ આ સ્થળે આવી પહોંચ્યા હતા. સ્વયંસેવકોને સાથે લઈ જવાહરલાલજીએ સત્યાગ્રહ આદરવા કમર કસી. પૂજ્ય માલવીઆજીએ જવાહરલાલજીને શાન્ત રહેવા કહ્યું અને એકવાર ફરીથી સરકાર સાથે સમજુતી કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તે ફોકટ ગયો. હજારો સાધુઓ આ તમાસો દૂરથી જોઇ રહ્યા હતા. પોતાના પ્યારા હક પર સરકારે ભરેલાં પગલાં માટે શું કરવું તે વિચારી રહ્યા હતા. મહાસભાના સ્વયંસેવકો સત્યાગ્રહ આદરવા તૈયાર હતા, અને હુકમ મળતાંની સાથે વાડ તોડી નાખવા કટિબદ્ધ થયા હતા.

એક તરફ પૂજ્ય માલવીયાજી માનતા હતા કે સાધારણ સમજથી કામ પતી જાય તો ઠીક અને બીજી તરફ યુવક હૃદય જવાહરલાલનું લોહી સરકારના અન્યાય સામે ઉકળી રહ્યું હતું. વાટ જોતાં જોતાં ચાર કલાક વીતી ગયા, તેમને માટે હવે વધારે વખત વાટ જોવી અસંભવિત હતું. જવાહરલાલજીએ મકકમતાની સાથે ત્રિરંગી રાષ્ટ્રધ્વજ લેઇ એકાએક દિવાલ પર ચઢી નદીમાં કૂદકો માર્યો. તેમની પાછળ મહાસભાના સ્વયંસેવકો અને હજારો જાત્રાળુઓ સપાટાબંધ કૂદી પડયા, અને બંધ બાંધેલી વાડ ફેંકી દીધી. જાત્રાળુઓ માટે ત્રિવેણી સંગમ સ્નાનની જગા ખુલ્લી કરી.

સરકારનું સશસ્ત્ર લશ્કર, ઘોડેસ્વાર ટુકડી અને પાયદળ ફોજ ઘડીભર પત્થરવત્ બની ગયાં. મેળામાં જ્યાં ને

ત્યાં પંડિતજીના સાહસનાં વખાણ થવા લાગ્યાં અને હજારો જાત્રાળુઓએ તેમનાં દર્શન કરવા દોડાદોડ કરી મૂકી. આ બધું દેખી સરકાર ગભરાઇ ગઇ અને તે દિવસે ઊંડી જગામાં રેતી નંખાવી ત્રિવેણીમાં નાહવાની જાત્રાળુઓને સગવડ કરી આપી.

પ્રકરણ ૧૧ મું.

પ્રયાગ મ્યુનિસિપાલિટી

ગુજરાતના પાટનગર અમદાવાદમાં સરદાર વલ્લભભાઈએ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદે બિરાજી પ્રજાની સુંદર સેવા બજાવી હતી. સરકારી રીપોર્ટમાં પણ તેમનાં કાર્યની સુંદર પ્રશંસા કરવામાં આવી હતી. તે પ્રમાણે સને ૧૯૨૩ માં જેલમાંથી છૂટયા બાદ પંડિત જવાહરલાલ નહેરૂ અલાહાબાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદે ચૂંટાયા. આ સમયે કોમીવાદ ખૂબ પ્રસરી રહ્યો હતો. હિંદુ અને મુસલમાનો એક બીજા તરફ શંકાની નજરે જોતા હતા. આવા બારીક સમયમાં પ્રમુખ માટે એવી વ્યકિતની જરૂર હતી કે જેમના ઉપર બંને કોમોનો વિશ્વાસ હોય, અને પોતે કોમીવાદથી અલગ રહે. અલાહાબાદવાસીઓએ સર્વાનુમતે પંડિતજીની પસંદગી કરી.

પ્રમુખપદે આવ્યા પછી પંડિતજીએ અવિશ્રાન્ત પરિશ્રમ કરી પોતાની બુદ્ધિચાતુર્યથી બૉર્ડનું કામ શોભાવ્યું. પોતાના પૂર્વગામી પ્રમુખ મહાસભાવાદી બાબુ પુરુષોત્તમદાસ ટંડને સરકાર સાથે મ્યુનિસિપાલિટીના અંગની જે લડત ઉપાડી હતી, તેને ચુસ્તપણે વળગી રહી પંડિત-

જીએ લડાઈ ચાલુ રાખી. જ્યાં સરકાર સાથે અસહકાર કરવા જેવો લાગ્યો, ત્યાં તેમ કરીને અને કેટલીક વખતે અધિકારીઓ સામે ટક્કર ઝીલીને કામ આગળ ધપાવ્યું.

પંડિતજી એક પગારદાર નોકરની માફક નિયમિત ઓફીસમાં જતા અને કલાકોના કલાક પરિશ્રમ વેઠી કામ-કાજ કરતા. તેમના હાથ નીચેના માણસોની પાસેથી પણ તેઓ સખત કામ લેતા. એમના જમાનામાં આળસુ અને કામચોર કલાર્કોને હંમેશાં નોકરી માટે ચિંતાતુર રહેવું પડતું. લાંચ રૂશ્વત લેવી એ તો અતિ કઠીણજ હતું. તેમના કારભાર દરમ્યાન એક સગાને ઘેર બેસવું પડયું હતું. પંડિતજીએ મ્યુનિસિપાલિટીમાંથી અનેક કુધારા કાઢી નાખ્યા. લાંચરૂશ્વત લેતા કલાર્કોને દૂર કરી મ્યુનિસિપા-લિટીનું કામ સરળ કર્યું. મ્યુનિસિપલ નોકરો અને શાળાના વિદ્યાર્થીઓમાં ખાદી અને રેંટીઆ માટે પ્રેમ ઉત્પન્ન કર-વાનો પ્રયત્ન કર્યો. શાળાઓમાંથી શિક્ષા બંધ કરાવી અને રાત્રિશાળાઓ ખોલાવી. સ્ત્રીકેળવણી માટે પંડિતજીને ઘણી ધગશ હતી. અલાહાબાદની મહિલાવિદ્યાલયને પોતાના કારભાર દરમ્યાન સારી મદદ આપી.

પંડિતજીની કાર્યદક્ષતા અને કાર્ય કરવાની કુનેહ જોઇ પ્રજાને આવતા સ્વરાજની ઝાંખી થતી હતી. સરકારી રીપોર્ટોમાં પણ પંડિતજીએ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે કરેલા કાર્યની સારી પ્રશંસા કરવામાં આવી હતી, પરંતુ પંડિતજીને પોતાની પત્નિની તબીયતની સુધારણાને માટે યૂરોપ યાત્રાએ જવાનું થવાથી સને ૧૯૨૬ની શરૂ-આતમાં પ્રમુખના હોદ્દાનું રાજીનામું આપી છૂટા થવું પડયું.

પ્રકરણ ૧૨ મું.

યૂરોપ યાત્રા

સને ૧૯૨૬ના આરંભમાં શ્રીમતિ કમળા નહેરૂની તબીયત બગડી ગઇ. તેમની સ્થિતિ ચિંતા ઉત્પન્ન કરનારી થઇ પડી. સ્થાનિક દાકતરોએ એવો આભપ્રાય આપ્યો કે તેમની સારવાર સ્વિટ્ઝર્લૅાંડમાં કરાવવી. માર્ચ મહીનામાં પંડિતજી શ્રીમતિ કમળા નહેરૂ સાથે યૂરોપની યાત્રાએ ગયા. માર્ચની આખરમાં તેઓ વેનીસ પહોંચ્યા. શ્રીમતિ કમળાનહેરૂની દવા માટે જીનીવા અને મોન્ટાના પસંદ કરવામાં આવ્યાં હતાં. પોતાની પત્નિની સારવારમાં તેઓ મશગુલ રહેતા હતા, તેની સાથે સાથે પંડિતજી એ દિવસોમાં પણ ભારતની પરિસ્થિતિ પર વિચાર કરવામાં અને સ્વાધ્યાય કરવામાં તન્મય રહેતા. તેઓશ્રી જુદાજુદા વિષયો પર લેખો લખી યૂરોપ અને હિંદના પત્રોને પ્રસિદ્ધ માટે મોકલી આપતા હતા. સ્વિટ્ઝર્લૅાંડના નિવાસ દરમ્યાન પંડિતજીને પ્રખ્યાત ફ્રેન્ચ નવલકથાકાર અને મહાન વિચારક રોમાંરોલાંનો પરિચય થયો. રોમાંરોલાં ઉચ્ચ કોટિના આદર્શવાદી છે. તેઓ હિંદની સંસ્કૃતિના સાચા ઉપાસક અને હિંદના હિતેસ્વી છે. તેઓ અસહકારના પરમ પ્રશંસક અને મહાત્મા ગાંધીજીના પરમભક્ત છે. મહાત્માજી અને તેમના વિચારો પર એક સુંદર પુસ્તક પણ તેમણે લખેલું છે.

પંડિતજી ઈટાલીમાં ઘણો વખત રહ્યા તે દરમ્યાન ત્યાંના ફેસીસ્ટ નેતાઓનો પણ તેમને સમાગમ થયો.

શ્રીમતિ કમળાનહેરૂની તબીયત સુધરી એટલે તેઓ યૂરોપના ભિન્નભિન્ન દેશોની મુલાકાત લેવા નીકળી પડયા. પ્રવાસ દરમ્યાન તેઓ ફ્રાન્સ, હોલેન્ડ, જર્મની, ઈંગ્લાંડ, બેલ્જીયમ, રૂશિઆ વગેરે દેશોમાં ફર્યા, અને ત્યાંના નામાંકિત નેતાઓની મુલાકાત લેઇ પ્રત્યેક દેશની હકીકતથી વાકેફ થયા. યૂરોપના ભિન્નભિન્ન દેશોમાં ફરતા હતા, ત્યારે પંડિતજીએ દેશવટો ભોગવતા હિંદવાસીઓ વિરેન્દ્ર ચટ્ટોપાધ્યાય, રાજા મહેન્દ્રપ્રતાપ, મૌલવી બરકતુલ્લાહ, શ્યામજી કે. વર્મા, ચંપકરામન પિલ્લે વગેરેની મુલાકાત લીધી હતી.

બ્રસેલ્સમાં

યૂરોપની સફર દરમ્યાન પંડિતજીને હિંદની રાષ્ટ્રીય મહાસભા તરફથી ફરમાન થયું કે તેઓએ ફેબ્રુઆરિ માસમાં બ્રસેલ્સમાં ભરાનારી સામ્રાજ્યવાદવિરોધીઆંતર રાષ્ટ્રીય મહાસભામાં હિંદની રાષ્ટ્રીય મહાસભાના પ્રતિનિધિ તરીકે હાજર થવું.

મહાસભાના ફરમાનને માન આપી પંડિતજી વેળાસર બ્રસેલ્સ જઈ પહોંચ્યા. આંતર રાષ્ટ્રીય મહાસભામાં દુનીઆભરમાં પરતંત્રતા ભોગવતી અને કચરાતી પ્રજાના તથા મજુરસંઘોના ઘણા પ્રતિનિધિઓ હાજર હતા. આ સંમેલનનો ઉદ્દેશ સામ્રાજ્યવાદનો નાશ કરવાનો હતો.

પંડિતજીએ અગાઉથી જઈ ત્યાંના કાર્યક્રમમાં અને વિષયનિર્ણયાત્મક સમિતિમાં ભાગ લીધો. ત્યાં આવેલા છાપાના પ્રતિનિધિઓની મુલાકાત લેઇ એક ભાષણ પણ આપ્યું. હિંદી મહાસભાના પ્રતિનિધિ તરીકે પંડિતજીનું

ત્યાં સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ વિષય નિર્ણયાત્મક સમિતિના સભ્ય બન્યા, એટલુંજ નહિ પણ સાથે સાથે નિયમાનુસાર એક બેઠકના તેઓશ્રી પ્રમુખ પણ થયા હતા. આંતરરાષ્ટ્રીય મહાસભાના પાંચ સભાપતિ નીમવામાં આવ્યા હતા. ૧ થેઇસ્ટીન, ૨ રોમાંરોલાં, ૩ મેડમ સૂનયાતસેન ૪ જ્યોર્જ લેન્સબરી, ૫ પંડિત જવાહરલાલ. પરિષદના મુખ્ય મંત્રીમાં પણ પંડિતજીની પસંદગી કરવામાં આવી હતી, પરંતુ પોતાની અસમર્થતાને લીધે પંડિતજીએ તે પદ સ્વીકાર્યું નહિ. તેમની મરજી વિરૂદ્ધ વિષય નિર્ણયાત્મક સમિતિમાં તેમને ઘસડવામાં આવ્યા હતા.

પંડિત જવાહરલાલજીએ આ મહાસભાની બેઠકમાં પરતંત્ર હિંદની અવસ્થાનું દિગ્દર્શન કરાવ્યું એટલુંજ નહિ પણ પરાધીન પ્રજાની સહાનુભૂતિ મેળવવા ભગીરથ પ્રયત્ન કર્યો. તેઓશ્રીએ હિંદનું દરવર્ષે થતું દોહન અને લખલૂટ વહી જતો ધનપ્રવાહ સમજાવવા એક વ્યાખ્યાન આપ્યું, અને મહાસભામાં તેના સંબંધમાં યોગ્ય ઠરાવો રજુ કર્યા. આ સઘળા કાર્યનો રીપોર્ટ તેઓએ હિંદમાં પધારી મહાસભાને સુપરત કર્યો હતો.

આંતર રાષ્ટ્રીય મહાસભાના રાષ્ટ્રધ્વજ કેમ્પમાં જુદી જુદી પ્રજાના રાષ્ટ્રધ્વજની સાથે હિંદનો ત્રિરંગી વાવટો પણ પંડિતજીએ ફરકાવ્યો હતો. બ્રસેલ્સની મહાસભામાં પર-રાજ્યોના પ્રતિનિધિઓને સંબોધી પંડિતજીએ સંદેશો પાઠવ્યો કે "ભારતની મુક્તિમાં સારા સંસારની મુક્તિ સમાએલી છે."

બ્રસેલ્સની મહાસભા પૂરી થતાં પંડિતજી જર્મની જવા ઉપડયા. ત્યાં ફરતાં ફરતાં

રૂશિઆમાં

પંડિતજીને રૂશિઆની સોવિએટ સરકારની સ્થાપનાના પ્રથમ દશકાની ઉજવણીનું આમંત્રણ મળ્યું, તેથી તેઓ નવેમ્બર માસમાં રૂશિઆ ગયા. ત્યાં સોવિએટ સરકારના અતિથિ તરીકે પંડિતજીનું સુંદર સ્વાગત થયું. પોતાની પત્નિ તથા બેન સાથેજ હતાં. રૂશિઆમાં જુદેજુદે સ્થળે ફરી તેમણે ત્યાંના મજુરો, ખેડુતો અને સોવિએટ સરકારના અફસરોની મુલાકાત પણ લીધી.

જ્યારે પંડિતજી રૂશિઆની રાજધાની મોસ્કોમાં પહોંચ્યા ત્યારે તેમણે સોવિએટ રૂશિઆનું મહાન પરિવર્તન થયેલું દીઠું. એક વખતના જુલ્મી ઝારના ગગનચુંબી રાજમહેલોમાં અત્યારે મજુરસંઘોની ઓફીસો અને વીશીઓ ખોલવામાં આવી છે. મોસ્કોના મોટા દેવળની એક સારી દિવાલ પર લખવામાં આવ્યું છે કે "મનુષ્યોને માટે ધર્મ અફીણ સમાન છે." રૂશિઆમાં મોટામાં મોટા અધિકારીઓ, મજુરો અને ખેડુતોમાં કોઈપણ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી. સઘળા એક બીજાને ભાઇ–સંગી–તરીકે સંબોધે છે. મોટાં કારખાનાં અને મોટી દુકાનો સોવિએટ સરકારની સહાયતાથી ચાલે છે. ટુંક સમયમાં ત્યાંના મજુરોની સ્થિતિ ઘણી સુધરી ગયેલી દેખાય છે. રૂશિઆનો પ્રત્યેક પુરુષ તથા સ્ત્રી પોતાના અંગ ઉપર હથોડો અન દાતરડાના ચિહ્ન વાળો બેઝ ધારણ કરે છે. પરતંત્રતામાં જકડાએલી ભારત માતાને

જોઈ હાલના સમયમાં પરિવર્તન પામેલું નવિન સોવિએટ રૂશિઆ નિહાળી પંડિતજી અતિ વિસ્મય પામ્યા.

રૂશિઆનાં નાટક સીનેમાઓ પણ રાજનૈતિક શિક્ષણનાં સાધનો થઈ પડયાં છે. આ નાટકસીનેમામાં જુલ્મી ઝારનું પતન અને રૂશિઆના મહાનપુરુષ મહાત્મા લેનીનના વિજયનાં ચિત્રપટો દેખાડવામાં આવે છે.

પંડિતજીએ રૂશિઆની શાળાઓ, પાઠશાળાઓ, પુસ્તકાલયો, મજુર મંડળો, ખેડુતસંઘો વગેરે સઘળાની મુલાકાત લીધી. છેલ્લે છેલ્લે તેમને રૂશિઆની જેલો જોવાનું મન પણ થયું. તેમણે મોસ્કોની જેલની મુલાકાત લીધી. રૂશિઆમાં જેલનો ઉદ્દેશ મનુષ્યનો એકાંતમાં ઉદ્ધાર કરવાનો છે શિક્ષા દેવાનો નથી. રૂશિઆની જેલમાંથી બહાર નીકળતો કેદી પોતાનું જીવન સુખમય કેવી રીતે ગાળી શકે તેજ ધ્યાનમાં રાખવામાં આવે છે. ત્યાં એવી કોઇપણ રીતિ નથી કે જેથી મનુષ્યના ભાવો નષ્ટ થાય. એક સદ્ગૃહસ્થ તરીકે વર્તી શકે એવી જાતની તાલીમ ત્યાંના સામાન્ય કેદીને પણ આપવામાં આવે છે. કેદી ઉપર કોઇ જાતનો જુલમ કે બંધન હોતાંજ નથી.

મદ્રાસની હિંદી મહાસભાની બેઠક નજીક આવતી હોવાથી અને તેમાં પંડિતજીને હાજર રહેવાની તીવ્ર ઈચ્છા થવાથી રૂશિઆમાં તેઓ વધુ વખત રોકાઈ શકયા નહિ. સોવિએટ પ્રજાતંત્રનું આતિથ્ય કેટલાક દિવસો સ્વીકારી પંડિતજી નવેમ્બરની આખરમાં કુટુંબ સહિત સ્વદેશ પધાર્યા.

રૂશિઆનો પ્રભાવ

પંડિતજીએ રૂશિઆના 'સામ્યવાદ' અને અને 'સમષ્ટિવાદ'નો પુસ્તકો દ્વારા

અભ્યાસ કર્યો હતો, પરંતુ હજી સુધી તેમને એ કાર્યક્રમને ક્રિયાત્મક શક્તિમાં પૂરતો વિશ્વાસ ન હતો. તેઓ ફક્ત તેને એક ઉચ્ચઆદર્શ તરીકે સમજતા હતા.

રૂશિઆમાં પંડિતજી ટુંક વખત રહ્યા તે દરમ્યાન તેમણે ત્યાં બનતા બનાવો જોયા તે ઉપરથી પંડિતજીના વિચારોમાં વિચિત્ર ક્રાન્તિ ઉત્પન્ન થઇ ગઇ. જ્યારે તેઓ હિંદમાં પધાર્યાં ત્યારે તેઓ એક કટ્ટા સામ્યવાદી બન્યા હતા. રૂશિઆની માફક દેશ ઉન્નતિનું ખરૂં સાધન મજુરો તથા ખેડુતોનું સંગઠન તેમની દૃષ્ટિ સમીપ રમી રહ્યું હતું. એક વખતે તેઓ યંત્રવાદના વિરોધી હોવા છતાં મોટાં મોટાં કારખાનાં તરફ હવે તેમને ઘૃણા રહી ન હતી. તેઓ સામ્યવાદીઓના હસ્તક ચાલતાં કારખાનાંમાં યંત્રના ઉપયોગને લાભકારી માનતા હતા.

તેઓ કહેતા હતા કે "યંત્ર માણસની સેવા માટે છે, તેની ઉપર સત્તા જમાવવા માટે નથી."

વિદેશમાં ફરી ફરીને અને પરાધીન રાજ્યોના પ્રતિનિધિઓ તથા રાજનીતિશાસ્ત્રના પ્રૌઢ નેતાઓના સમાગમથી પંડિતજીના આંતર રાષ્ટ્રીય અનુભવ વિસ્તૃત થવા લાગ્યા. તેઓ દરેક પ્રશ્નને બારીક દૃષ્ટિથી નિહાળતા. તેમની દૃષ્ટિથી આંતર રાષ્ટ્રીય સહાનુભૂતિ પ્રાપ્ત કરવાને માટે હિંદી મહાસભાનો ઉદ્દેશ 'સંપૂર્ણ સ્વતંત્રતા'નો હોવો જોઇએ. જનતાની સંમતિ તથા શક્તિ મેળવવાને માટે સ્વરાજી કાર્યક્રમમાં મજુરો તથા ખેડુતોને ખેંચવા જોઇએ. પ્યારા ભારતવર્ષમાં વિશેષ સુખી અને સુંદર સમાજની સ્થાપના કરવાનો મંત્ર ગ્રહણ કરી પંડિત

જવારલાલ ભારતમાં આવતાંજ માતૃભૂમિના ઉદ્ધારના કાર્યમાં જોડાઇ ગયા.

પ્રકરણ ૧૩ મું.

મદ્રાસની મહાસભા

મદ્રાસની મહાસભા હિંદના આધુનિક ઇતિહાસમાં એક યાદગાર રહી જશે. અત્યાર સુધી ભરાતી સભાઓમાં બ્રિટિશ સામ્રાજ્યની ધુંસરી હેઠળ પ્રજાને દોરવામાં આવતી હતી. મદ્રાસની મહાસભામાં યુવાન પંડિત જવાહરલાલજીએ બે અગત્યના ઠરાવો રજુ કર્યાં, ૧ ' યુદ્ધનો ભય ' ૨ " મહાસભાનું ધ્યેય સંપૂર્ણ સ્વતંત્રતા " આ બંને ઠરાવો પર પંડિતજીએ આપેલાં યાદગાર ભાષણોની હિંદના વર્તમાનપત્રોએ તેમજ નેતાઓએ મુકત કંઠે પ્રશંસા કરેલી છે. હવે પંડિત જવાહરલાલજીની અગ્રગણ્ય નેતાઓમાં ગણતરી થવા લાગી. હિંદી મહાસભાના અવસર પર મદ્રાસમાં ' સર્વ ભારતીય રીપબ્લીક કોંગ્રેસ ' તથા ' હિંદુસ્તાની સેવાદળ 'નાં વાર્ષિક અધિવેશન થયાં હતાં. આ બંને સભાના પ્રમુખસ્થાને પંડિતજી બિરાજ્યા હતા. મદ્રાસની મહાસભાએ પંડિત જવાહરલાલજીની સંયોજક શક્તિપર મુગ્ધ બની અખીલ ભારતીય કોંગ્રેસ કમિટિના પ્રધાનમંત્રી તરીકે તેમની ફરીથી નીમણુંક કરી.

સર્વપક્ષ પરિષદ

મદ્રાસની મહાસભાએ એક એવો ઠરાવ પણ પાસ કર્યો હતો કે " હિંદમાં પ્રવર્તતા સઘળા પક્ષના માણસોને બંધબેસતું આવે એવું એક ' રાજ્ય બંધારણ, સઘળા

પક્ષોને પૂછી ઘડી કાઢવું અને માર્ચ મહીનામાં દિલ્હીમાં સર્વપક્ષપરિષદ મેળવી તેમાં તે રજુ કરવું.”

આ કાર્યને માટે પંડિત જવાહરલાલે ભિન્ન ભિન્ન રાજનૈતિક, સામ્પ્રદાયિક, મજુર, વેપારીસંસ્થાઓ સાથે પત્રવ્યવહાર શરૂ કરી દિલ્હીમાં તા. ૧૨ મી ફેબ્રુઆરીથી તા. ૨૮ મી ફેબ્રુઆરી સુધી સર્વપક્ષપરિષદ ભરી. આ પરિષદમાં સઘળા પક્ષના પ્રતિનિધિઓ હાજર હતા. પંડિત જવાહરલાલે આ પરિષદ સફળ નીવડે તેને માટે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો. મુસ્લીમલીગ તરફથી પરિષદમાં પાંચ શરતો રજુ કરવામાં આવી, અને સાથે સાથે જણાવ્યું કે તેનો નિકાલ થયે મુસલમાનો હાજર થઇ શકશે. આ કામ વિકટ હતું. સિંધને છુટું પાડવાના સંબંધમાં અને હિંદુ મુસલમાનોનું પ્રતિનિધિત્વ નક્કી કરવાના સંબંધમાં બે પેટાસમિતિઓ નીમવામાં આવી. મે મહીનામાં સર્વપક્ષ પરિષદની બીજી બેઠક મળી. એ અરસામાં હિંદુ મહાસભાએ મુસ્લીમ માગણીઓનો વિરોધ કરનારા અનેક ઠરાવો પસાર કર્યા હતા; અને પરિસ્થિતિ પહેલાંના કરતાં વધુ વિકટ બની હતી. ઉપર કહેલી બે સમિતિઓએ પોતાને સોંપેલું કાર્ય પણ પૂરું કર્યું ન હતું.

નહેરૂરીપોર્ટ

હવે પરિષદની વધુ બેઠક કંઇપણ ઉપયોગી કાર્ય નહિ કરી શકે એમ ધારી દરેક ભિન્ન ભિન્ન વિચાર ધરાવતાં મંડળોના પ્રતિનિધિવાળી એક કમિટિ હિંદનું ભાવી રાજબંધારણ નક્કી કરવા નીમવામાં આવી. આ કમિટિના પ્રમુખ પંડિત મોતીલાલજીને નીમવામાં આવ્યા હતા.

આ કમિટિએ તૈયાર કરેલો રીપોર્ટ પ્રખ્યાત "નહેરૂ રીપોર્ટ" તરીકે જાણીતો છે. આ કાર્યમાં પંડિત જવાહરલાલે તનતોડ મહેનત કરી હતી, તેનો ઉલ્લેખ તે રીપોર્ટમાં કરવામાં આવ્યો છે.

સ્વતંત્રપાર્ટી

નહેરૂરીપોર્ટ તૈયાર થયો. આ રીપોર્ટમાં હિંદનું ધ્યેય 'સંસ્થાનિક સ્વરાજ' રાખવામાં આવ્યું હતું. પંડિત જવાહરલાલને પિતાના રીપોર્ટ પર પૂર્ણ શ્રદ્ધા ન બેઠી. તેઓ તો 'સંપૂર્ણ સ્વરાજ'ના ધ્યેયને સ્વીકારનારા હતા, તેથી તેઓ આ રીપોર્ટની સામા થયા. લખનૌમાં નહેરૂ રીપોર્ટપર વિચાર કરવા મળેલી સભામાં પંડિત જવાહરલાલે પૂજ્ય માલવીઆજીના ઠરાવની વિરૂદ્ધમાં એક જોરદાર ભાષણ કરતાં જણાવ્યું હતું કે 'અમો સ્વતંત્રતાવાદીઓ કાર્યવાહક સત્તાના આ ઠરાવથી અલગ રહીશું.'

આ સ્વતંત્રતાવાદીઓના પક્ષનું નામ "ઇન્ડિપેન્ડેન્સલીગ" રાખવામાં આવ્યું. આ લીગની બેઠક દિલ્હીમાં તા. ૩–૪ નવેમ્બરના રોજ ભરવામાં આવી. ત્યાં લીગના ધારાધોરણ નક્કી કરવામાં આવ્યાં. આ લીગના પ્રમુખ તરીકે શ્રીનિવાસ આયંગાર નીમાયા, અને પંડિત જવાહરલાલ મુખ્ય મંત્રી બન્યા. તેમણે દેશભરમાં સ્વતંત્રતાનાં આંદોલનો ફેલાવતો કાર્યક્રમ ઘડી કાઢી દેશ સમક્ષ મૂકયો.

પ્રકરણ ૧૪ મું.

કલકત્તાની મહાસભા

ડીસેમ્બર માસમાં કલકત્તામાં રાષ્ટ્રીય મહાસભાની બેઠક પૂજ્ય પંડિત મોતીલાલજીના પ્રમુખપણા હેઠળ મળી.

પિતા સંસ્થાનિક સ્વરાજના હિમાયતી હતા, પુત્ર પૂર્ણ-સ્વરાજવાદી હતા. પંડિત જવાહરલાલજી પોતાના સિદ્ધાંત ઉપર અડગ રહ્યા અને વિનયથી પિતાજીની સામે થયા.

જ્યારે મહાત્મા ગાંધીજીએ મહાસભાની ખુલ્લી બેઠકમાં સર્વપક્ષપરિષદે પસાર કરેલા નહેરૂરીપોર્ટ વાળો ઠરાવ રજુ કર્યો ત્યારે વિનયની ખાતર પંડિત જવાહરલાલ ગેરહાજર રહ્યા. સિદ્ધાંતની સમાધાનીને જવાહરલાલ માનતા ન હતા, તેથી તેમની પાર્ટીએ જ્યારે સમાધાન કર્યું ત્યારે તેમને ઘણું દુઃખ થયું. મહાત્માજીએ આ પ્રસંગે પંડિત જવાહરલાલની પ્રશંસા કરતાં કહ્યું હતું કે "જવાહરલાલજીનું હૃદય દેશની દરિદ્રતા અને શ્રીમંત વર્ગનું ગરીબો પ્રત્યેનું વર્તન જોઈ કકળી ઉઠયું છે, અને તેથી તેઓ ઉભી થએલી પરિસ્થિતિને સુધારવા આતુર બન્યા છે. દેશના હિતની દૃષ્ટિએ પિતાના પ્રસ્તાવની સામે થતાં આજે તેમણે મહાન આદર્શ રજુ કર્યો છે."

રામાયણમાં કથન છે કે "સર્વસ્થળેથી જીત મેળવવી, પરંતુ પિતાએ પુત્રથી પરાજય ઇચ્છવો." પિતાપુત્રનું શાન્ત્વન કરવા મહાત્માજીએ ઘોષણા કરી કે "તારીખ ૩૧ મી ડીસેમ્બર સને ૧૯૨૯ સુધીમાં જો બ્રિટિશ સરકાર નહેરૂ રીપોર્ટના આધારે સંસ્થાનિક સ્વરાજ આપવાનું વચન ન આપે તો તારીખ ૧ લી જાનેવારી ૧૯૩૦ ના રોજ મહાસભાએ દેશમાં પૂર્ણ સ્વતંત્રતા જાહેર કરવી, અને કર ન ભરવાની હિલચાલ શરૂ કરવી. મહાસભાએ આ સમય દરમ્યાન દેશને આગાહી લડાઇ માટે તૈયાર કરવો."

સરકારે પ્રજામતમાં ભંગાણ પાડવા અને હિલચાલ પર પડદો નાખવા હિંદી પ્રતિનિધિત્વ સિવાયનું સાઇમનકમિશન હિંદને સુધારા આપવા માટે નીમ્યું. આથી મદ્રાસ-ની મહાસભામાં સાઈમન કમિશનના સંબંધમાં નીચેનો ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો. "બ્રિટિશ સરકારે હિંદુસ્તાનના આત્મનિર્ણયના અધિકારની અવગણના કરી સાઈમનકમિશન નીમ્યું છે, તેથી આ મહાસભા ઠરાવ કરે છે કે આ પરિસ્થિતિમાં હિંદને માટે ફક્ત એકજ રસ્તો બાકી રહ્યો છે અને તે એ કે પ્રત્યેક સમય અને પ્રત્યેક રૂપમાં કમિશનનો હિંદી પ્રજાએ સંપૂર્ણ બહિષ્કાર કરવો."

સાઇમન કમિશન

મહાસભાના ફરમાનને માથે ચઢાવી હિંદીપ્રજાએ સાઇમનકમિશન જ્યાં જ્યાં ગયું ત્યાં તેનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો. તા. ૩ જી ફેબ્રુઆરીના રોજ હિંદના કિનારે સાઈમન સાતડીનાં પગલાં પડયાં. દેશભરમાં આ દિવસે સંપૂર્ણ હડતાલ પડી હતી. પંડિત જવાહરલાલે અગાઉથી પ્રયાગ શહેર અને યુક્તપ્રાન્તને તે દિવસને માટે તૈયાર કરી રાખ્યાં હતાં. ૩જી તારીખે પ્રયાગમાં પંડિતજીના અથાગ શ્રમથી અભૂતપૂર્વ હડતાલ પડી, અને વરસતા વરસાદમાં હજારોની મેદની જાહેર સભામાં ભેગી મળી. કહેવાય છે કે આ સભા અને હડતાલની એટલી બધી સરકાર પર અસર થઈ કે સાઇમનકમિશને પ્રયાગમાં ફરીથી જવાનું સાહસ ન કર્યું. પંડિતજીએ યુક્ત પ્રાન્તમાં સ્થળે સ્થળે કમિશનના બહિષ્કારનું કાર્ય ઉપાડી લીધું હતું.

કમિશનના બહિષ્કારમાં સ્વર્ગસ્થ લાલા લજપતરાય અને પંડિત જવાહરલાલ લખનૌમાં ડંડા અને લાઠીના શિકાર થઇ પડયા હતા. સરકારની ધારણા હતી કે લખનૌમાં કમિશનના બહિષ્કારનું કાર્ય સફળ થવા ન દેવું. સ્થાનક નેતાઓ બહિષ્કારના કાર્યને સફળ કરવા પોતાની શક્તિ સંગઠિત કરી રહ્યા હતા.

લખનૌના બનાવો

તા. ૨૬મી નવેમ્બરના રોજ લખનૌમાં એક પ્રચંડ સરઘસ કાઢી સરકારની ધારણા પર પાણી ફેરવ્યું. તા. ૨૮મીએ ફરીથી સરઘસ કાઢવાનો કાર્યક્રમ યોજાયો. સરકારે પોલીસો દ્વારા ડંડા અને લાઠીનો છૂટથી ઉપયોગ કર્યો. ઘણા લોકોને સખત માર પડયો. પરિસ્થિતિ નાજુક બનતાં પંડિત જવાહરલાલજીને ટેલીફોન કરવામાં આવ્યો. તેઓ એકદમ લખનૌ જઇ પહોંચ્યા.

પંડિતજીએ લખનૌમાં આવી તા. ર૯મીના રોજ બે સભાઓ ગોઠવી. એક મોટી સભા અમીનુદ્દોલાપાર્કમાં અને બીજી નાની સભા હજરતગંજમાં રાખવામાં આવી. પંડિતજી પ્રથમ નાની સભામાં કેટલાક સાથીઓ સાથે હાજર થયા. સભાનું કામકાજ પૂરું કરી નિર્ણય કરવામાં આવ્યો કે બીજી સભામાં ૧૨–૧૨ આદમીઓની ટુકડીઓ બની જાહેર રસ્તા પર થઇ બીજી સભામાં જવું.

પહેલી ટુકડીમાં પંડિત જવાહરલાલ તથા શ્રીયુત ગોવિંદવલ્લભપંથ હતા. પહેલી ટુકડી પરાણે ૫૦ કદમ ચાલી હશે તેટલામાં તો પોલીસોએ સામે આવી ટુકડીને રોકી રાખી, અને લાઠીથી માર શરૂ કર્યો. થોડા વખત સુધી પોલીસોએ લાઠીમાર ચાલુ રાખ્યો, પરંતુ

ડેપ્યુટિ કમિશનરે આવી જણાવ્યું કે જો પંડિતજી આ રસ્તેથી જવાની લેખીત પરવાનગી માગે તો અમો જવા દઇએ. પંડિતજીએ એ વાતનો ઇન્કાર કર્યો. ફરીથી ડેપ્યુટિ કમિશનરે કહેવડાવ્યું કે જો પંડિતજી મોંઢાથી પરવાનગી માગે તો હું તે પણ આપવા તૈયાર છું. પંડિતજી પોતાના સ્થાન પરથી એક તલભર પણ ન ખસ્યા અને કોઇપણ જાતની પરવાનગી ન માગવામાં મક્કમ રહ્યા. જોતજોતામાં લોકોની મેદની આ જગા પર જામી ગઇ. એક કલાક પછી પોલીસે કાંતો જામેલી ભીડથી ડરીને યા બુદ્ધિથી વિચાર કરીને પંડિતજીને જવા દીધા.

આ વાત આટલેથી ન અટકી. તા. ૩૦મીના રોજ સાઇમનકમિશન લખનૌમાં આવવાનું હતું. પોલીસે તે દિવસે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. ૫૦૦૦૦ મનુષ્યો સ્ટેશન પર ભેગા મળ્યા હતા. અધિકારી વર્ગ કમિશનના રસ્તાથી ૨ ફર્લાંગ દૂર આ ટોળાને રોકી રાખવા માગતો હતો, તેથી ડંડા, લાઠીઓ અને પત્થરોથી માર મારી પાછા હઠાવવા પ્રયત્ન કર્યો. પંડિત જવાહરલાલજી ફરીથી પોલીસની લાઠીઓના ભોગ થઈ પડ્યા. સરકારના આવા પ્રકારના દમનથી બહિષ્કારને કેટલી સહાયતા મળી તેનો પ્રત્યક્ષ પૂરાવો લખનૌનો જુલ્મ હતો.

પંડિતજી પર બબ્બે વાર લાઠી ચલાવી સરકારે બહિષ્કારના આન્દોલનને પ્રજાની દૃષ્ટિએ બમણો વેગ આપ્યો હતો, અને દેશમાં સરકાર પ્રત્યેના વિરોધમાં વધારો કર્યો હતો. પરિણામે સાઇમનકમિશન જ્યાંજ્યાં ગયું ત્યાં

બહિષ્કારની ગગનભેદી ગર્જનાઓ અને કાળા વાવટાથી તેમનું સ્વાગત કર્યું.

સાઇમન કમિશન લખનૌમાં આવ્યું તે દિવસે બનેલી એક ઘટના પંડિત જવાહરલાલે મહાત્માજીને પત્ર દ્વારા જણાવી હતી, તેમાં તેઓશ્રીએ લખ્યું હતું કે "ગઈકાલે એક બનાવ બન્યો તે તમો જાણવા ઇચ્છશો ? એ મેં મારી અખબારોને આપેલી હકીકતમાં નથી જણાવ્યો. અમને ઘોડેસ્વારોએ હઠાવી દીધા કે તુરત એક નવજુવાન મારી સન્મુખ ઉભો રહ્યો. મેં તેને વિદ્યાર્થી માન્યો. તેણે મને કહ્યું "તમારે જોઇએ તો હમણાં હું તમને બે રિવોલ્વરો લાવી આપું." પોલીસોના દંડુકાના મારથી અને ઘોડેસ્વારોના હુમલાથી અમે ધુંધવાઈ તો રહ્યા જ હતા. સૌના ચહેરા ઉપર ગુસ્સો છવાઇ રહ્યો હતો. આથી એ નવજવાને પોતાની મદદ આપવાની સારી તક માનેલી હોવી જોઇએ. પણ મેં તો 'મૂર્ખો, થા મા' કહી તેને મારી નજર બહાર કર્યો. આ બનાવ પછી તુરત મને અનાયાસે ખબર પડી કે આ ભાઇબંધ છુપી પોલીસનો નોકર હતો."

મહાત્માજીએ આ પત્ર વાંચી લખ્યું હતું કે "પંડિત જવાહરલાલ પાકા હ્રયાના નિર્ભય દેશભક્ત છે. એ જાળમાં ફસે તેવા નથી. તેને રિવોલ્વરની જરૂર જણાય ત્યારે ઉઘાડી રીતે પોતાની સાથે રાખે તેવા અને વાપરે તેવા છે. અત્યારે તો તેમણે શાંતિનો માર્ગ ગ્રહણ કર્યો છે, એટલે પચાસ રિવોલ્વર વાળાની મદદની વાતથી પણ તેઓ ફસાય તેવા નથી."

પ્રકરણ ૧૫ મું.

વિવિધ પ્રવૃત્તિઓ

જ્યારથી પંડિત જવાહરલાલ યૂરોપયાત્રાથી પાછા ફર્યાં ત્યારથી જુદા જુદા પ્રાન્તોએ પંડિતજીને પોતાના પ્રાન્તમાં થતાં સંમેલનોમાં પ્રમુખ તરીકે ચૂંટી પોતાનો પ્રેમ દર્શાવ્યો છે. તેઓએ સને ૧૯૨૯માં પંજાબ, કેરલ, યુક્ત, દિલ્હી અને કાઠિઆવાડની પરિષદોમાં પધારી પ્રજામાં પ્રાણ પૂર્યાં છે.

મજુરસંઘો

જ્યારથી પંડિત જવાહરલાલ રૂશિઆથી પાછા ફર્યા છે, ત્યારથી તેઓ મજુરસંઘોનું સંગઠન કરવામાં વિશેષ લક્ષ આપે છે. તેઓ પૂરેપૂરા સામ્યવાદી છે, અને સ્વતંત્ર ભારતમાં મજુરોને અગ્રસ્થાન અપાવવાના ચુસ્ત હીમાયતી છે. સને ૧૯૨૮ માં ઝરીઆમાં ભરાએલી સમસ્ત હિંદની મજુર પરિષદના તેઓ પ્રમુખ નીમાયા હતા. તારીખ ૧ લી નવેમ્બર સને ૧૯૨૯ ના રોજ નાગપુરમાં મજુરસંઘનું પ્રથમ અધિવેશન પણ પંડિતજીના પ્રમુખપણા હેઠળ મળ્યું હતું. સંયુક્ત પ્રાંતના મજુરસંઘની કાનપુરની પરિષદ પણ તેમની સરદારી નીચે થઇ હતી. મજુરસંઘોનું સંગઠન કરવામાં પંડિતજીએ ઘણી મહેનત ઉઠાવી છે.

યુવકસંઘો

જવાહરલાલ જુવાન છે. યુવાનીનો ઉત્સાહ અદમ્ય હોય છે. છેલ્લા ત્રણ વર્ષથી તેઓ યુવક આંદોલનને પૂરતો વેગ આપી રહ્યા છે. યુકત પ્રાંતના યુવકો પોતાની હિલચાલના પ્રણેતા પંડિતજીને માને છે.

યૂરોપના પ્રવાસમાં પંડિતજીને ત્યાંના યુવકોની શક્તિ અને કર્તવ્યદક્ષતાનું સાચું ભાન થયું.

યુવકઆંદોલન તેઓ ત્યારથી એમ માનતા થયા કે દેશની આઝાદી યુવકોના હાથેજ સ્થાપિત થશે. યુવકો આદર્શના નામ પર વધારેમાં વધારે ભોગ આપી શકે છે. તેઓ જીવનનું બલીદાન આપવા તત્પર હોય છે. સંસારમાં જો કંઇ કર્યું હોય તો તે યુવકોએજ કર્યું છે. પંડિતજીએ 'સામ્યવાદી યુવક પરિષદ' 'બંગાળ વિદ્યાર્થી પરિષદ' અને 'મુંબઇ પ્રાન્તિક યુવક સંઘ, તથા 'પ્રયાગ યુવક સંઘ'ના પ્રમુખપણેથી યુવકોની શક્તિ અને ભકિતનાં ગુણગાન કરી દેશનું નાવ યુવકોને હાથમાં લેવા હાકલ કરી હતી.

કલકત્તા મહાસભામાં હિંદને પૂર્ણસ્વતંત્રતા પ્રાપ્ત કરવાના પોતે મૂકેલા ઠરાવને વળગી રહી પંડિતજીએ સને ૧૯૨૯માં આખું વર્ષ દેશમાં ઘૂમી મહાસભાનું રચનાત્મક કાર્ય-મહાસભાના સભાસદો વધારવાનું, ખાદી અને સર-આનો પ્રચાર કરવાનું-આગળ ધપાવ્યું.

પ્રકરણ ૧૬ મું.

લાહોરની મહાસભા

કલકત્તાની મહાસભામાં પસાર થયેલો પૂર્ણ સ્વતંત્રતા જાહેર કરવાનો ઠરાવ, તકરારી નહેરૂ રીપોર્ટ, સરકારની મહાસભાના ઠરાવ પ્રત્યેની દુર્લક્ષતા અને જુવાનોનો અદમ્ય ઉત્સાહ એ બધું જોતાં સને ૧૯૨૯ની લાહોરની મહાસભાના પ્રમુખ તરીકે કોની વરણી કરવી એ કાર્ય અતિ કઠણ હતું. આ મહાસભાનો પ્રમુખ સઘળા પક્ષો

અને સઘળી કોમો તથા સંસ્થાઓની પ્રતિષ્ઠા અને વિશ્વાસ મેળવી શકે તેવો હોવો જોઇએ. દેશની પ્રાંતક સમિતિઓએ લાહોરની મહાસભા માટે અનુક્રમે પૂજ્ય ગાંધીજી, સરદાર વલ્લભભાઇ અને પંડિત જવાહરલાલનાં નામ પસંદ કર્યાં હતાં. મહાત્માજીની પસંદગી થતાં તેઓશ્રીએ આ કાંટાળો તાજ પહેરવાની ચોકખી ના પાડી. મહાત્માજી ઇચ્છતા હતા કે આ અવસર પર મહાસભાનો મુગટ એવી વ્યક્તિને પહેરાવવો કે જેનાપર પરદેશના જનસમુદાય અને દેશના સઘળા પક્ષોનો પૂર્ણ વિશ્વાસ હોય. મહાત્માજીની દ્રષ્ટિમાં જવાહરલાલજી વિના બીજી કોઇપણ વ્યક્તિ આ કસોટીમાંથી પાર ઉતરે તેમ ન હતું. તેઓશ્રીએ અનેકવાર પંડિતજીને આ મુગટ પહેરાવવા આગ્રહ કર્યો.

જવાહરલાલ પર મહાત્માજીનો અગાધ વિશ્વાસ હતો. એમની દષ્ટિમાં પંડિત જવાહરલાલ દેશભક્તિનો સાચો ઉજ્જવળ આદર્શ દેખાતો, અને તેથી કરીને મહાત્માજીએ અનેકવાર જવાહરલાલની દેશમાટેની ધગશ અને દેશભક્તિનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે. મહાત્માજીએ સંયુક્ત પ્રાંતની મુસાફરી સમાપ્ત કરતાં ત્યાંના યુવકોને પેગામ દીધો કે ' તમારામાંથી પ્રત્યેક જવાહર બને. '

મહાત્માજીએ પ્રમુખપદનો અસ્વીકાર કર્યો. તેના ઉપર વિચાર કરવા તારીખ ૨૮ મી સપ્ટેમ્બરના રોજ લખનૌમાં અખીલહીંદ મહાસભા સમિતિની બેઠક મળી. પ્રત્યેક નેતાએ વ્યક્તિગત અને સમુદાયમાં મહાત્માજીને તે પદ સ્વીકારવા આગ્રહ કર્યો. મહાત્માજી પોતાના

વિચારમાં મક્કમ રહ્યા. સરદાર વલ્લભભાઈને પૂછવામાં આવ્યું. સરદારનો જવાબ ટુંકોજ હતો. " જ્યાં સેનાધિપતિ ન જઇ શકે ત્યાં સિપાઈથી તો જવાયજ કેમ ? " આખરે આ કાંટાળો તાજ મહાત્માજીએ પંડિત જવાહરલાલના શિર પર ધર્યો. આ કાંટાળો મુગટ પંડિતજીને અર્પતાં મહાત્માજીએ કહ્યું હતું કે " જવારલાલ સ્ફાટિક મણી જેવા પવિત્ર છે, એમની સત્યશીલતા સંદેહ રહિત છે. પંડિતજી અહિંસક અને અનિંદનીય યોદ્ધા છે. રાષ્ટ્ર એમના હાથમાં સુરક્ષિત છે. "

રાષ્ટ્રપતિ

લાહોરની મહાસભાના પ્રમુખ તરીકે પંડિત જવાહરલાલની વરણી થતાં દેશના યુવકોએ, મજુરોએ, ખેડુતોએ, હિંદુ અને મુસલમાનોએ, ફેરવાદી તથા નાફેરવાદી સૌએ પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો.

લાહોરમાં મહાસભાની ૪૫ મી બેઠક હતી. આ વર્ષો દરમ્યાન મહાસભાના પ્રમુખપદે ઉંમરલાયક અને મોટેરાઓ બિરાજતા હતા. ફક્ત સ્વર્ગસ્થ ગોખલેજી જેવા યુવાન નેતા એકવાર પ્રમુખપદે આવેલા કે આ વખતે ૪૦ વર્ષની વયના જવાહરલાલ તે પદ ભોગવવા ભાગ્યશાળી થયા. કલકત્તાની મહાસભામાં યુવાનોનો જે ઉત્સાહ પૂર્ણ સ્વરાજનો ઠરાવ મૂકતાં દેખાઇ આવતો હતો તે લાહોરમાં પ્રખર યુવાન નેતા જવાહરલાલના હસ્તમાં રાષ્ટ્રની લગામ આવતાં યુવાનોનો ઉત્સાહ અનહદ વધી પડયો. હિંદની ભાવી ઘટનાની અને કુદરતની સાનુકુળતા હોય તેમ

પૂજ્ય પંડિત મોતીલાલજીએ પોતાના વારસ પંડિત જવાહરલાલને રાષ્ટ્રનું વારસાનામું પણ લખી આપી પોતાનો તાજ પુત્રને મસ્તકે ધર્યો.


અગમચેતી

લાહોરમાં મહાસભાની ૪૫ મી બેઠક મળતા પહેલાં કલકત્તા મહાસભામાં મહાત્માજીએ સરકારને આપેલી ચેતવણી માટે પૂરતી રાહ જોવામાં આવી. સરકારે મહાસભાના ઠરાવ પ્રત્યે ઉદ્દાસીનતા બતાવી. પ્રજાના પૂરનું માપ તે કાઢી શકી નહિ. અનુભવી નેતાઓએ સરકારને મહાસભાના ઠરાવ ઉપર વિચાર કરવા સલાહ આપી. છેવટે મહાસભા મળતા પહેલાં વૉઇસરૉયે મહાત્મા ગાંધીજી અને પંડિત મોતીલાલજીને પોતાની મુલાકાતે બોલાવ્યા. નેતાઓએ વૉઇસરૉયને સંસ્થાનિક સ્વરાજની જાહેરાત કરવા વિનંતિ કરી. વૉઇસરૉયના મન પર નેતાઓના કથનની કંઇ અસર થઇ નહિ. આખરે ડીસેમ્બરની આખરમાં લાહોરની મહાસભા રાષ્ટ્રપતિ જવાહરલાલના પ્રમુખપણા હેઠળ મળી.

રાષ્ટ્રપતિનું સ્વાગત

બંગાળે પૂજ્ય પંડિત મોતીલાલજીનું ૩૪ ઘોડાની ગાડીથી સ્વાગત કર્યું હતું. પંજાબની બહાદુર શીખ પ્રજાએ પોતના યુવાન રાષ્ટ્રપતિનું એક અજેય યોદ્ધાને શોભે તેવી રીતે સ્વાગત કર્યું. નવજુવન રાષ્ટ્રપતિ ઘોડા ઉપર સ્વાર થયા હતા. પંડિતજીએ અંગ ઉપર કાશ્મીરી ઘેરા તપખીરીઆ રંગનો જામો અને ટોપી પહેર્યાં હતાં. લાહોરમાં આજે સર્વત્ર આનંદ દીસતો

હતો. આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષો આ યુવાન રાષ્ટ્રપતિનું સ્વાગત કરવા દોડાદોડ કરી રહ્યાં હતાં. સ્ટેશનથી માંડી



રાષ્ટ્રપતિ જવાહરલાલ

પંડિતજીના ઉતારા સુધી ઠામ ઠામ લશ્કરી ઢબે અને પોશાકે નવયુવાનો માર્ગ કાપતા હતા. સરકારનાં પેન્શન ખાઈ વૃદ્ધ બનેલા શીખો અને મુસલમાનોમાં યુવાન રાષ્ટ્રપતિને જોઇ યુવાની આવી હતી. પ્રજાએ લાહોરને શણગારવામાં કંઇજ મણા રાખી ન હતી. સખત ઠંડી હોવા છતાં ઠેકાણે ઠેકાણે લોકો પંડિતજીને વધાવવા કુંકુંમ, અક્ષત, ફૂલહાર ને સુગંધીદાર પદાર્થો લેઇ ઉભા ઉભા વાટ જોતા હતા. સ્ટેશનેથી ચઢેલું સરઘસ લાહોરના

મુખ્ય રસ્તા અનારકલી પર આવી પહોંચ્યું. અનારકલીની શોભા અવર્ણનીય હતી. ત્યાગમૂર્તિ પંડિત મોતીલાલજીએ પોતાના પનોતા પુત્રનું સ્વાગત નીરખી પુત્રને માથે પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યો.

તા. ૨૮મી ડીસેમ્બરના રોજ મહાસભાની બેઠક શરૂ થઈ. હમેશાં બને છે, તેમ વિષયવિચારણીય સભામાં જુદા જુદા પક્ષના નેતાઓ વચ્ચે ગરમાગરમ ચર્ચાઓ ચાલી. પંડિતજીએ દરેક પ્રસંગે ધીરજ, અને શાંતિથી દરેક પક્ષની દલીલ સાંભળી યોગ્ય ન્યાય આપ્યો.

મહાસભાની બેઠકદરમ્યાન મહાત્માજી તરફનું જવાહરલાલજીનું વર્તન પુત્ર અને સેવકના જેવું દીસતું હતું. મહાત્માજી પ્રત્યેનો પૂજયભાવ અને કાર્ય પરત્વે સેવકભાવ પંડિતજીના હૃદયના શુદ્ધ પ્રેમનું દર્શન કરાવતું હતું. વ્યાસપીઠ ઉપર મહાત્માજી ભાષણ કરવા પધારે કે તુરત જવાહરલાલ સ્વયંસેવક તરીકે તેમની પાસે ખડા થઇ જાય! લાઉડસ્પીકર યંત્ર સ્થિર ન રહે તો પંડિતજી તેને બે હાથે પકડી મહાત્માજીની સામે ઉભા રહે!

ડીસેમ્બર માસની ૩૧મી તારીખે મધ્યરાત્રે મહાસભાનું ધ્યેય ‘ પૂર્ણ સ્વરાજ ’ જાહેર થયું. આ પ્રસંગે મહાસભાના બંધાયલા મંડપના ચોગાનમાં યુવાન રાષ્ટ્રપતિના શુભહસ્તે રાષ્ટ્રધ્વજ ફરકતો કરવામાં આવ્યો. લાખોની મેદનીએ ‘ ઇન્કિલાબ ઝિન્દાબાદ ’ અને ‘ વન્દેમાતરમ્ ’ના પોકારોથી વાતાવરણ ગજવી મૂકયું. પ્રજાએ જાણે પૂર્ણ સ્વતંત્રતા અત્યારેજ પ્રાપ્ત કરી ન હોય તેમ હર્ષનાદો કર્યા. સ્વતંત્રતાનો રાષ્ટ્રધ્વજ ફરકાવી સ્વયંસેવકદળની સલામી ઝીલી શિબિર તરફ પધારતાં આગળ

ત્યાગમૂર્તિ પંડિત મોતીલાલજી, મહાત્માજી અને તેમની પાછળ જવાહરલાલ અને બીજા નેતાઓના ગમનનું દૃશ્ય જોનારને બે ઘડી થંભાવે તેવું હતું.

લાહોર મહાસભામા પંડિતજી ખાધાપીધાની દરકાર કર્યા વિના કલાકોના કલાકો વિષયવિચારણીય સભાની ચર્ચામાં તેઓ માથું કૂટતા, છતાં તેઓ બહાર પણ સભાઓ ભરતા, અને પોતાને મુકામે મધરાત અને તેથીયે વધારે સમય સુધી મુલાકાત માટે આવનારાઓ સાથે વાતો કરતા. કેટલીકવાર તો પીરસેલી થાળી તૈયાર હોય તેને ખસેડી સ્વયંસેવકો પાસેથી ચણા અને ગોળ લેઇ ખાતા અને તેમાં વધુ આનંદ માનતા! મહાસભાના પ્રમુખ માટે મહાત્માજીએ તેમને પૂછેલું અને પંડિજીએ તે સમયે કહેલું કે "તમે ભાર નાખશો તો હું હઠી જાઉં તેમ નથી." લાહોરનું તેમનું પ્રમુખ તરીકેનું કાર્ય જોઇ સૌ એમ કહેતા કે "આ માણસ આવી ગાદીને માટેજ સર્જાએલો છે." 'લાહોરની સ્વયંસેવિકાઓમાં ગાંધીજી ગયા ત્યારે બધી સેવિકાઓ જેઓ સામાન્ય રીતે ખૂબ કૂદાકૂદ અને ઉધમાત ચલાવતી તે ડાહીડમારી થઈને ઉભી રહી, એ કૃત્રિમતા પંડિતજીને ન ગમી. તેમણે તુરત બધી સેવિકાઓને કહ્યું "ગાંધીજી આવ્યા તેથી આમ ડોસીઓ જેવી ગંભીર શું બની ગઇ છો ! તમો જીવતી જાગતી છો એમ ગાંધીજીને જાણવા દો.' સ્ત્રીઓમાં રહેલી આ 'જીવતી જાગતી' જ્યોતનાં દર્શન પંડિતજીને અગાઉથી થયાં. હિંદી જનતાને બાર માસ પછી મુંબઇ, બોરસદ અને અન્ય સ્થળોએ બેનોએ દાખવેલી વીરતાના પ્રસંગે થયાં.

અલાહાબાદમાં કર્નલગંજ નામના મહોલ્લાની પૂર્વે એક સુંદર, ભવ્ય અને રાજમહેલને પણ ઝાંખો પાડે તેવો બંગલો હતો. પં. મોતીલાલજીએ તે વેચાતો લઇ લીધો અને તેનું નામ આનંદભુવન રાખ્યું.

આનંદભુવનની ભેટ

એ બંગલામાં ફૂલવાડીઓ, બાગબગીચા, ફુવારા અને બીજી એવી અનેક મરામતો કરાવી કે જાણે આનંદભુવન નંદનવન થઈ રહ્યું! આ ભવ્ય મહાલય થોડાજ સમય પર તેમણે મહાસભાને ચરણે ધર્યો હતો, અને ત્યારથી તે 'સ્વરાજભુવન' કહેવાય છે.

પ્રકરણ ૧૭ મું

કૂચકદમ

મહાસભાનું કાર્ય સમાપ્ત થતાં કાર્યવાહક સમિતિએ પોતાનું કાર્ય આગળ ધપાવ્યું. સને ૧૯૩૦ ના જાનેવારીની ૨૬ મી તારીખે હિંદભરમાં પૂર્ણસ્વરાજને લગતો મહાસભાનો પેગામ પ્રજાએ પ્રતિજ્ઞાબદ્ધ થઇ ઉપાડી લીધો. ફેબ્રુઆરી માસમાં અમદાવાદમાં મહાત્માજીના આશ્રમમાં મહાસભાની કાર્યવાહકસમિતિ મળી. મહાત્માજીને સરમુખત્યાર નીમવામાં આવ્યા. દેશમાં સત્યાગ્રહ શરૂ કરવાનો નિર્ણય થયો. હિંદના વૉઇસરૉયને વિષ્ટિમાટે એક વધુ તક આપવામાં આવી. મહાત્માજીએ રેઝીનોલ્ડ હસ્તક વૉઇસિરૉયને વિષ્ટિપત્ર તારીખ ૨જી માર્ચ ૧૯૩૦ના રોજ મોકલાવ્યું. તેમાં તેઓશ્રીએ અતિશય નમ્રતાથી મહાસભાની માગણીઓનો સ્વીકાર કરવાનું અને તેમ નહિ થાય તો નીમકનો કાયદો તોડવા પોતાના સાથીઓ સાથે દાંડી મુકામે જવા જણાવ્યું હતું. સીમલાના પાંચસોમા મજલાથી આ પત્રનો વૉઇસિરૉયે ઉત્તર વાળ્યો કે " તમારા પગલાથી સુલેહશાંતિનો ભંગ થશે અને કાયદા કાનુનનો ચોકખો અનાદર થશે. "

પ્રકરણ ૧૮ મું.

સબરસ સંગ્રામ

મહાત્માજીને જવાબ મળતાં માર્ચની ૧૨ મી તારીખે પોતાના ચુનંદા ૭૯ આશ્રમવાસીઓ સાથે તેમણે દાંડીની કૂચ શરૂ કરી. મહાત્માજીનો તો એકજ નિશ્ચય હતો. 'હું રવડી રખડીને મરીશ, કુતરાં બિલાડાંનો ભોગ થઈ પડીશ પણ સ્વરાજ લીધા સિવાય આશ્રમમાં તો પાછો નહિજ ફરીશ.' હજારો વર્ષો ઉપર ગૌતમબુદ્ધે 'મહાભિનિષ્ક્રમણ' કર્યું હતું તેમ મહાત્માજીએ પ્રાતઃકાળે અમદાવાદથી કૂચ કરી. તે સમયનું દૃશ્ય દેવોને પણ દુર્લભ હતું! સુકી હાડકાંના મહાત્માજીમાં અતૂલ બળ આવ્યું હતું. ભલભલા યુવાનો પણ તેમની કૂચકદમમાં પાછળ પડી જતા.

અમદાવાદે મહાત્માજીને ભવ્યવિદાય આપી. રસ્તામાં ગામડાં તૈયાર કરતા, સત્ય અને અહિંસાનું તપ આદરતા મહાત્માજી એપ્રીલની ૫ મી તારીખે દાંડી જઇ પહોંચ્યા. રસ્તામાં વાત્રક ઉતરતાં પંડિત જવાહરલાલ કાદવકીચડ ખૂંદી મહાત્માજીને મળી ગયા હતા. ૬ ઠ્ઠી તારીખે સવારના મહાત્માજીએ દરીઆકાંઠેથી સબરસ ઉપાડવાના શુકન કર્યા, પછી તો દેશભરમાં ઠામઠામ સબરસના સંગ્રામ મંડાયા.

જવાહરલાલે તારીખ ૧૩મી એપ્રીલના રોજ અલાહાબાદમાં મીઠાના કાયદાનો ભંગ કર્યો.

રાષ્ટ્રપતિ ગિરફતાર

તારીખ ૧૪મીના રોજ મધ્યપ્રાંતમાં આવેલા રાયપુરમાં પંડિત જવાહરલાલ યુવકસંઘમાં હાજરી આપવા અલાહાબાદથી નીકળ્યા. રસ્તામાંજ ચેઓકી સ્ટેશને તેમને ગિરફતાર કરી નૈનીજેલમાં લઇ ગયા. ત્યાં જેલમાંજ તેમની ઉપર કામ ચાલ્યું. મીઠાના કાયદાની ૯મી કલમ પ્રમાણે તેમને

૬ માસની જેલજાત્રા મળી. પંડિતજીની ગિરફ્તારી પ્રસંગે મહાત્માજીએ પંડિત મોતીલાલજીને લખેલું કે "જવાહરલાલ જેવું પુત્રરત્ન સોંપડવા બદ્દલ તમને અને સ્વરૂપરાણીને એક સુખી માતા પિતા તરીકે ધન્યવાદ આપું છું. અલાહાબાદમાં જવાહરલાલનું સ્થાન તમારે જાળવવાનું છે."

દમન

સબરસ સંગ્રામ જોસભેર આખા હિંદમાં ચાલ્યો. સરકારે તેના સામે કાયદો અને લશ્કરી બળ પૂરજોસમાં વાપરવાં શરૂ કર્યાં. એક બાજુ સરકારનું દમન, બીજી તરફ સ્વરાજ લેવા ઘેલી બનેલી જનતા. એક બાજુ સરકારી જુલ્મ અને બીજી બાજુ અહિંસક પ્રજા. ગુજરાતમાં ચારે બાજુ મીઠાના મોરચા મંડાયા. ચળવળ એટલી આગળ વધી કે સરકાર ગભરાઇ. ધરાસણાનો કાર્યક્રમ બહાર પડયો. મે માસની પાંચમી તારીખે ૧૮૧૮ના જુના કાયદાના આધારે મધ્યરાત્રિએ મહાત્માજીને ઊંઘતા ઉઠાડી પરહેજ કર્યા, અને સીધા યરોડાના અક્ષયધામમાં લાંબા કાળને માટે મોકલી દીધા. મહાત્માજીના જેલ ગયા પછી ધરાસણામાં સબરસના સંગ્રામ મંડાયા. સેંકડો યુવકો સરકારની લાઠી અને અત્યાચારના ભોગ થઇ પડયા. સરકારે એક પછી એક નવા ફતવા—ઓર્ડિનન્સો–બહાર પાડયા. પ્રજાએ તે ફતવાને ગણકાર્યા નહિ. સરકારની જેલો મનુષ્યોથી ખદબદવા લાગી. દેશના તમામ નેતાઓને પકડી લીધા. મહાસભાની સામતિઓને ગેરકાયદેસર ઠરાવી. સરકારની દમનનીતિના ભોગ ત્યાગમૂર્તિ પંડિત મોતીલાલજી, ભારતભૂષણ માલવીઆજી, વીર વિઠ્ઠલભાઇ, સરદાર વલ્લભભાઈ, શ્રીયુત સેનગુપ્તા, શાર્દુલસીંગ વગેરે અનેક નેતાઓ ચઇ પડયા. ટુંકામાં દેશ નેતા વિહોણો થયો.

મહાત્માજીના કારાવાસ દરમ્યાન સરકાર સાથે સમા-

સુલેહના દૂતો ધાની કરાવવા એક બે ભલા અંગ્રેજોએ તથા હિંદના મવાલપક્ષના અગ્રણીઓ ડૉકટર તેજબહાદુર સપ્રૂ અને શ્રીયુત જયકરે પ્રયત્ન આદર્યા. આ બે નેતાઓએ યરોડામાં મહાત્માજી તથા બીજા નેતાઓની સાથે તેમજ નૈની જેલમાં પંડિત પિતાપુત્ર સાથે વાટાઘાટ કરી. નૈની જેલમાં-થી પિતાપુત્રને યરોડા લઇ જવામાં આવ્યા. બંને પક્ષો તરફથી પુષ્કળ ચર્ચા થઇ, મહાત્માજી અને પંડિત પિતાપુત્ર પોતાની માગણીઓમાં મક્કમ રહ્યા. સુલેહ આખરે પડી ભાંગી.

પૂજ્ય પંડિત મોતીલાલજીની તબીયત જેલમાં અતિશય લથડી. સરકારે જિંદગીનું જોખમ ન વહોરવા તેમનો બીન શરતી છૂટકારો કર્યો. ૧૯૩૦ના ઓકટોબરની ૧૧ મી તારીખે પંડિત જવાહરલાલજીની મુદત પૂરી થતાં તેઓ નૈની જેલમાંથી બહાર આવ્યા. પોતાના પૂજ્ય પિતાજી મસુરીમાં પથારી વશ હતા ત્યાં જવા તેઓ આતુર હતા. જેલમાંથી બહાર આવતાં તેમને એક મિત્રે પૂછયું 'પંડિતજી, હમણાં થોડો વખત તો આરામ લેશોને ?' પંડિતજીએ જવાબ આપ્યો, 'જેલમાં છ માસ મેં આરામ ન લીધો તો શું કર્યું ? ' જેલની બહાર નીકળી તેમણે પ્રમુખપદ સંભાળી લીધું. જેલવાસ દરમ્યાન પેશાવરના અત્યાચારો, બોરસદ અને બારડોલીના ખેડુતોનો ત્યાગ, મુંબઇની મહિલાઓની બહાદુરી એ બધાંને માટે સંતોષ દાખવતાં પંડિતજીએ તેમનો આભાર માન્યો.

સરકારે જવાહરલાલનું જીગર પારખી લીધું. જવાહરલાલ જેવો યુવક આ સમયમાં બહાર રહે તો

જેલનાં બંધન સરકારને ભારે થઈ પડે. સરકારે ફક્ત આઠ દિવસ બાદ તારીખ ૧૯ મી ના રોજ પંડિતજીને બે માસ સુધી ભાષણ ન આપવાનો મનાઈ હુકમ આપ્યો. પંડિતજીએ પોતાના જાતિસ્વભાવ પ્રમાણે તેજ દિવસે સાંજના મનાઈ હુકમનો ભંગ કરી ભાષણ આપ્યું. સરકારને બહાનું જ જોઈતું હતું. પંડિતજીને પરહેજ કર્યા. પંડિતજીની મનની ઉમેદો મનમાંજ રહી ગઇ. સરકારે તા. ૨૯મીના રોજ રાષ્ટ્રપતિને શોભતી ૨ વર્ષ અને ૫ માસની સજા ફરમાવી.

મૃત્યુના બિછાને પડેલા પૂજ્ય મોતીલાલજીને પોતાના પુત્રનો પાંચમી વારનો કારાવાસ અસહ્ય લાગ્યો. પ્રજાની લાગણી પણ અતિશય દુભાઇ. મોતીલાલજીએ તારીખ ૧૬મી નવેમ્બરનો દિવસ હિંદભરમાં 'જવાહર દિન' તરીકે ઉજવવાનો સંદેશ પાઠવ્યો. ઠામ ઠામ આ દિવસે પ્રજા ઉપર રાક્ષસી અત્યાચાર થયા. પંડિતજીનાં મા, બેનો અને તેમનાં જીવનસખી શ્રીમતિ કમલા નહેરૂ રણમેદાને પડ્યાં. શ્રીમતિ કમલાનહેરૂ મહાસભાની કાર્યવાહકસમિતિનાં સભ્ય બન્યાં. સરકારે પણ તેમની કદર કરી તા. ૫–૧—૩૧ ના રોજ ૭ માસનો કારાવાસ આપી લખનૌ જેલમાં પૂર્યાં.

ગોળમેજી પરિષદ સરકારે મહાસભાની માગણીઓ ઉપર પ્રથમથી લક્ષ ન આપ્યું. ઇજીપ્તમાં બન્યું તેમ મીલનર મિશનની માફક સાઇમન કમિશનનો બહિષ્કાર થયો. પ્રજાએ સાથ ન આપ્યો. સરકારે એક બીજો પાસો ફેંક્યો. ગોળમેજી પરિષદની હિલચાલ શરૂ થઈ. મહાસભાના નેતાઓ તેનાથી અલગ રહ્યા. સરકારે બ્રિટિશહિંદના કહેવાતા ૮૦ પ્રતિનિધિઓ, દેશીરાજાઓ અને પાર્લામેન્ટના જુદા જુદા

પક્ષના સભાસદોની ગોળમેજીપરિષદ ભરી. ઈંગ્લાંડમાં ૧૨મી નવેમ્બર સને ૧૯૩૦ના રોજ ગોળમેજીપરિષદની બેઠક ભરાઈ. દશ અઠવાડીઆં આ પરિષદનું કાર્ય ચાલ્યું. તારીખ ૨૬મી જાનેવારીના રોજ પરિષદનું કાર્ય સમાપ્ત કરતાં વડાપ્રધાને જાહેર ભાષણ કર્યું. હિંદનું ફેડરેશન સ્થાપવા જણાવ્યું. મહાન દેશભક્ત મૌલાના મહમદઅલી આ પરિષદના પગરણમાં સ્વર્ગવાસી થયા.

મુક્તિ ગોળમેજી પરિષદના હિંદી પ્રતિનિધિઓના આગ્રહથી તેમજ સરકારે પણ હિલચાલનું માપ કાઢી લીધેલું હોવાથી વધાપ્રધાનના ભાષણ ઉપરથી સમજુતી કરવાના બહાના હેઠળ તા ૨૬ મી જાનેવારી સને ૧૯૩૧ ને દિવસે સ્વાતંત્ર્યદિને–મહાત્માજી સહિત અગ્રગણ્ય નેતાઓને સરકારે જેલમાંથી બંધન મુકત કર્યા.

પ્રકરણ ૧૯ મું.

પિતાનું મૃત્યુ

દેશના મુખ્ય નેતાઓની ગિરફ્તારી પછી મહાસભાની બધી જોખમદારી મોતીલાલજીના શિરે આવી પડી. વૃદ્ધ ઉંમર, દમનું દરદ, કામનો બોજો, લાંબી અને કંટાળા ભરેલી મુસાફરી, અવિરત શ્રમ એ બધાંને લીધે પંડિતજીની તબીયત લથડતી હતી. ફેનર બ્રોકવેના અભિપ્રાય પ્રમાણે 'સારા માણસને પણ જેલનું જીવન અકારૂં લાગે તો પછી પંડિતજી જેવાની સ્થિતિ તો વિષમ થઇ પડે તેમાં પૂછવું જ શું ?' પંડિતજીને હવાફેર કરવા અલાહાબાદથી મસુરી, કલકત્તા લેઇ જવામાં આવ્યા. આ બધી સ્થિતિમાં પણ દેખીતો શરીરને આરામ મળ્યો મનને તો નહિજ. કારણકે પથારીવશ હતા છતાં દેશની પરિસ્થિતિ ઉપર બીજા નેતાઓના અભાવે તેમના અભિપ્રાય પ્રમાણે જ કાર્ય થતું.

ઓકટોબરની ૧૧મી તારીખે જવાહરલાલ છ માસની સજા ભોગવી છૂટયા. પ્યારા પુત્રને જોઈ પંડિતજીને કંઇક આશ્વાસન મળ્યું ન મળ્યું તેટલામાં આઠ દિવસ બાદ જવાહરલાલની પાંચમી વારની ધરપકડ થતાં પંડિતજીને જબરો આઘાત થયો. તેમની તબીયત અતિશય લથડી, પરંતુ તેઓ દેહની પરવા કરે તેવા કયાં હતા ?

તેમનો તો એકજ નિશ્ચય હતો 'ફના થઇને પણ દેશની આઝાદી પ્રાપ્ત કરવી.' પંડિત પિતાપુત્રને બારેક માસ ઉપર ડોકટર અન્સારીએ કહેલું કે " મોતીલાલજીની તબીયત ખાસ સાચવવા જેવી છે." તેના જવાબમાં પંડિતજી કહેતા, " મારાથી બેસી રહેવાય તેમ નથી, ભલે જેલમાં મારૂં મૃત્યુ થાય." તેમના મનના કોડ તો એટલે સુધી હતા કે મહારાણા પ્રતાપની માફક એક ગામડામાં રહી ઝુંપડી બાંધી તેમાં રહેવું પણ સ્વરાજ પ્રાપ્ત કરવું. એક નહિ જણાયલી વાત તેમનો સ્વર્ગવાસ થયા બાદ બહાર આવી છે. પંડિતજી દર વરસે ૨૫-૩૦ હજાર રૂપીઆ સરકારને ઈન્કમટેક્ષ ભરે છે. આ વરસે મહાસભાએ ના કરની હિલચાલ ઉપાડી હતી, તેથી સરકારે અનેકવાર સૂચનાઓ આપ્યાં છતાં પંડિતજીએ એક પાઈ પણ ભરી નહિ, અને રોજ જપ્તીની વાટ જોઇ !

ઇશ્વરી સંકેત હશે તેથી તારીખ ૨૬ મી જાનેવારીના રોજ પ્યારા પુત્રની મુક્તિ થઇ. જવાહરે ૧૦ દિવસ પિતાની પાસે રહી સેવા કરી. બે દિવસ ઉપરજ એક મિત્ર પંડિતજીને મળવા ગએલા. તેમણે તબીયતની ખબર પૂછતાં પંડિતજીએ જણાવ્યું કે " હું તો આ જન્મ યોદ્ધોજ રહ્યો છું, અને આ માંદગી સાથે પણ લડવાનોજ છું. મને મરણનો ભય

નથી. હું બહુ જીવ્યો છું, પરંતુ હિંદુસ્તાનને સ્વતંત્ર જોયા પછીજ મરવાનો મારો નિશ્ચય છે."

મહાત્માજી અને જવાહરલાલના છૂટકારા પછી પંડિતજીએ જણાવેલું કે 'મુંબઇની મહિલાઓનાં પરાક્રમથી અને ૬૦૦૦૦ ભાઇબેનોના જેલવાસથી મારા અભિપ્રાય પ્રમાણે તો સ્વરાજ આપણને મળી જ ગયું છે." જવાહરલાલને આશીષ આપતાં કહેલું કે "કદાચ મારૂં મરણ થાય તો પણ મારૂં આદરેલું અધૂરૂં ન મૂકતાં પૂર્ણ કરજે." તા. ૫મી ફેબ્રુઆરીએ તેમની તબીયત સુધારા પર આવવા લાગી, તેથી તેમને તે દિવસે મોટરમાં અલાહાબાદથી લખનૌ લેઈ જવામાં આવ્યા. પંડિતજીનું કુટુંબ તથા મહાત્માજી વગેરે સાથેજ હતાં. લખનૌ આવ્યા પછી તારીખ ૬ઠ્ઠીના સવારમાંજ ચાર વાગે પંડિતજીનું ભાન ઓસરવા લાગ્યું. ડોકટરોએ આશા મૂકી. મહાત્માજી તથા અન્ય કુટુંબીજનોની હાજરીમાંજ ૬–૩૦ કલાકે પંડિતજીનો અમર આત્મા સ્વર્ગનું શાશ્વત સુખ ભોગવવા ઉડી ગયો.

દેશભરમાં વાયુ વેગે શોકની છાયા ફરી વળી. ભારતનો ભાગ્ય વિધાતા અસ્ત થયા. પ્રજાએ પંડિતજીના માનમાં બબ્બે દિવસની હડતાળો પાડી. મોટા રાજા મહારાજાઓ, દેશ નેતાઓ, વૉઇસરૉય, હિંદી પ્રધાન સઘળાએ પંડિતજીના મરણની દીલગીરી દર્શાવી. કેટલીક જગાએ હાઈકોર્ટના વાવટા પણ અર્ધ કાઠીએ ઉતર્યા !

કોઇ કહે 'ભારતનો મહાન તારો ખરી પડયો.' વિઠ્ઠલભાઇ કહે છે કે 'પંડિતજી બીજા દેશમાં જન્મ્યા હોત તો વડા પ્રધાન થાત." રાજગોપાલાચારી તો કહે છે કે "મહાત્માજી જગતના શ્રેષ્ઠ પુરુષ ખરા, પરંતુ મોતીલાલજીને તો હું રાજાની ગણતરીમાંજ મૂકું."

માલવીઆજીએ વિલાપ કર્યો કે "આજે મારો સગો ભાઇ મરી જાય તેનાથી પણ વધારે દુઃખ મને થયું છે." મહાત્માજી 'લીબર્ટી' પત્રને મુલાકાત આપતાં કહે છે કે "મારી સ્થિતિ તો વિધવાના કરતાંયે ખરાબ છે. વિધવા તો પતિને વફાદાર રહીને તેની ગુણપૂજા કરી શકે છે. મારે તો તેમે નથી. પંડિતજીના અવસાનથી મેં જે ગુમાવ્યું છે, તેની ખોટ કદી પૂરાવાની નથી."

મોતી જવાહરની જોડી જોઇ કોને અદેખાઇ ન આવે?

પિતાપુત્ર

પિતાએ ધન સંપત્તિ મેળવી, મોટાઈ માણી, અમીરી ભોગવી અને આખરે ફકીરી પણ લીધી. જગતમાં મોતી-જવાહરની જોડી અજોડજ રહે છે. મહમુદાબાદના રાજા સાહેબ સાથે રહી સુખચેનમાં દિવસ નિર્ગમન કરનાર મોતીલાલજી પોતાના પ્યારા પુત્રના સ્નેહથી ખેંચાઇને અસહકારની ચળવળમાં જોડાયા. જવાહરલાલ સ્વેચ્છાથી કષ્ટ ભોગવતો જોઈ કેટલીયે વાર મોતીલાલજીની આંખમાંથી આંસુ વહી જતાં. કોઈ કોઈ વાર તો પિતા પુત્રને લઢતા અને મહાત્માજીને પંચ નીમી નિકાલ લાવતા! જવાહર-લાલ તો નામ પ્રમાણે જવાહીર જ હતું. તેઓ હમેશાં કહેતા કે "સંકટ અને હું બંને સાથે જન્મ્યા છીએ, અને દુઃખ એ મારો મોટો ભાઈ છે." માન મોટા-ઈથી તો તેઓ પરજ રહેતા. જાહેર સભામાં પણ તેઓ વ્યાસપીઠ પર ન બેસતાં જમીન પર બેસે છે.

પંડિત જવાહરલાલ એકલા રાજકીય પુરુષ નથી.

લેખક

તેમને વાચન અને લેખનનો પણ જબરો શોખ છે. જગતના જાણીતા સાહિત્યકા-રોના તેઓ ઉંડા અભ્યાસક છે. છેલ્લી

યૂરોપની યાત્રા દરમ્યાન જુદાજુદા દેશોના નેતા અને લેખકોના ગાઢા પરિચયમાં આવવાથી તેમનો અભ્યાસ ઘણો વધી ગયો છે. પ્રખ્યાત ફ્રેન્ચ નવલકથાકાર રોમાં રોલાં, લેલીન અને પૂજ્ય ગાંધીજીના સાહિત્યે તેમના મન ઉપર ઉંડી અસર કરી છે. પંડિતજીનાં લખેલાં પુસ્તકો 'પિતાએ પુત્રીને લખેલા પત્રો' તથા 'સોવિએટ રૂશિઆ' જાણીતાં છે. લાહોર મહાસભાનું ભાષણ તો તેમનાં લખાણોમાં હમેશાં યાદજ રહી જશે. એકવાર પંડિત મોતીલાલજીએ કહેલું કે "જવાહર હેરોમાં અભ્યાસ કરતો ત્યારે રોજ રાત્રે સૂતી વખતે ગીતાસ્તવન કરીને પુસ્તક ઓશીકા નીચે રાખીનેજ સૂતો.' આજે પણ ગીતાજીના 'કર્મયોગ' અને 'ક્ષેત્ર સંન્યાસ' ઉપર તેઓ અડગ છે.

જવાન બુઢ્ઢા

મૌલાના મહમદઅલીએ એક વાર કહેલું કે મોતીલાલજી 'જવાન બુઢ્ઢા' અને જવાહરલાલ 'બુઢ્ઢા જવાન' છે. જવાહરલાલ સભામાં ગંભીરમાં ગંભીર બની જાય છે. તેઓ હમેશાં વિચારગ્રસ્ત રહે છે. તેમની એકની એક પુત્રી કુમારી ઇન્દિરા મહાસભાની ચાલુ બેઠકમાં વૃદ્ધ દાદાજીની ટોપી મસ્તકોથી ઉતારી લેવાનું સાહસ કરે છે, પણ પિતાની પાસે તોતે તેવાં ગેલ નહિજ કરી શકે.

સુલેહના સંદેશા ચાલી રહ્યા છે. મહાસભાનો કાંટાળો તાજ જવાહરલાલે બારડોલીના વિજયી સરદાર વલ્લભભાઇને અર્પણ કર્યો છે. લાહોરમાં રોપેલો પૂર્ણ સ્વરાજનો ઝંડો કરાંચીના કિનારે વિજયી સરદાર ઉડતો રાખે એ આશા સાથે અત્રે વિરમીશું.

પિતાના અંતિમ ઉદ્ગાર.

"સ્વરાજભુવનમાં હિંદનું ભાવિ ઘડો, મારી હાજરીમાં એ ઘડો, મારી માતૃભૂમિના ભાવિનાં જીવનનાં માનભર્યા સમાધાનમાં મને પણ ભાગ લેવા દ્યો. મારે મરવાનું જ હોય, તો મને સ્વતંત્ર ભારતમાતાના ખોળામાં મરવા દ્યો. મારો અંતિમ શ્વાસ મને પરાધીન દેશમાં નહિ, પણ એક સ્વતંત્ર દેશમાં લેવા દેજો !"

સ્વ. મોતીલાલજી

"હિંદ સ્વતંત્ર બનવાનો નિશ્ચય કર્યો છે. ઇંગ્લાંડ હવે હિંદમાં પોતાનો વેપાર સજીવન કરી શકે તેમ નથી. જેઓ સત્તા પચાવી પડયા છે, તેઓ મીઠાં વચનોથી પચાવેલી સત્તા છોડવાના નથી. મેં બ્રિટનના સમસ્ત ઇતિહાસનો અભ્યાસ કર્યો છે, અને તેમાં મને બ્રિટિશ ઉદારતાનું એક પણ ઉદાહરણ માલમ પડયું નથી. અમે ઉદારતા નથી માગતા, પણ જન્મસિદ્ધ હક્ક માગીએ છીએ."

પંડિત જવાહરલાલ

સ્વાધીન બનો ! સ્વાધીન બનો !

બતલાયા વીર જવાહરને ! !

બાલ્યોદય પ્રી. પ્રેસ : અમદાવાદ.